# અનુક્રમ

ઑક્ટોબર-ડિસેમ્બર ૨૦૦૫

**પ્રત્યક્ષીય**

પરિષદની આરપાર ૩

**સમીક્ષા**

સમગ્ર બાળકવિતા : સુંદરમ્ (કવિતા : સંપા. ચં. શેઠ, મ. મોદી, શ્ર. ત્રિવેદી) ઇશ્વર પરમાર ૭

સૌભાગ્યસુંદરી : મૂળશંકર મૂલાણી (નાટક : સંપા. દિનેશ ભટ્ટ) ભાનુપ્રસાદ ઉપાધ્યાય ૯

બાળસાહિત્ય : સ્વરૂપ અને સર્જન (વિવેચન : રતિલાલ નાયક) શ્રદ્ધા ત્રિવેદી ૧૨

બાળસાહિત્ય :વિચાર અને વિમર્શ (વિવેચન : ઇશ્વર પરમાર) શ્રદ્ધા ત્રિવેદી ૧૨

કેનવાસે રંગચિત્રો (વિવેચન ; લવકુમાર દેસાઈ) રાજેન્દ્ર મહેતા ૧૬

ગાતા રહે.. (ચરિત્ર : સલિલ દલાલ) માવજી કે. સાવલા ૧૯

**અવલોકન**

કૉમેડી-પૅરેડી (પ્રતિકાવ્ય : મહેશ ધોળકિયા) રમણ સોની ૨૨

ગ્રંથસૌરભ (વિવેચન મણિભાઈ પ્રજાપતિ) રમણ સોની ૨૩

ગાંધીજીનું ચિંતન : મૂલ્યાંકન (દક્ષા વિ. પટ્ટણી) અમિત ધોળકિયા ૨૪

માયાનગર (ચરિત્ર : રજનીકુમાર પંડ્યા) જયંત ઉમરેઠિયા ૨૫

વંદે હાસ્યમ્ (હાસ્યલેખ : પ્રદ્યુમ્ન જોશીપુરા) જયંત ઉમરેઠિયા ૨૬

પાઠશાળા (વિચારવિહાર : પ્રદ્યુમ્નસૂરિ) રમણ સોની ૨૭

**વરેણ્ય**

બત્રીસ પૂતળીની વેદના (નવલકથા : ઈલા આરબ મહેતા) ચંદ્રકાન્ત ટોપીવાળા ૨૯

**પરિચય-મિતાક્ષરી**

**વાર્ષિક સૂચિ : ૨૦૦૫**

**આ અંકના લેખકો**

# પ્રત્યક્ષ

**વર્ષ ૧૪ અંક ૪ ઑક્ટોબર-ડિસેમ્બર ૨૦૦૫ સળંગ અંક ૫૬ સંપાદક રમણ સોની**

***પ્રકાશક અને મુદ્રક*** શારદા સોની ૧૮, હેમદીપ સોસાયટી, ટાગોરનગર પાછળ, જૂના પાદરા રોડ, વડોદરા ૩૯૦૦૧૫
***મુદ્રણાંકન અને મુદ્રણસજ્જા*** આકાશ સોની કલ્પન મુદ્રાંકન, કારેલીબાગ ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, વડોદરા. ૩૯૦૦૧૮
*ફોન : ૦૨૬૫-૨૩૫૭૧૮૭* ***મુદ્રણસ્થાન*** મધુ પ્રિન્ટરી, કારેલીબાગ, બહુચરાજી રોડ, વડોદરા ૩૯૦૦૧૮.


લવાજમ અંગેની વિગતો

**વાર્ષિક રૂ. ૧૦૦ દ્વિવાર્ષિક રૂ. ૧૮૦**

**આજીવન સભ્યપદ : વ્યક્તિ તેમજ સંસ્થા રૂ. ૧૦૦૦**

**શુભેચ્છક સભ્યપદ : વ્યક્તિ તેમજ સંસ્થા રૂ. ૨૦૦૦**

**વિદેશ માટે લવાજમ : વાર્ષિક :** ડૉલર ૧૫, પાઉંડ ૧૨; **આજીવન :** ડૉલર ૧૦૦, પાઉંડ ૭૫

લવાજમની રકમ હાથોહાથ, મનીઑર્ડરથી કે ડ્રાફ્ટથી મોકલી શકાશે. બહાગામના ચેક સ્વીકારાતા નથી.

**ચેક/ડ્રાફ્ટ '<u>શારદા સોની પ્રકાશક પ્રત્યક્ષ</u>' એ નામે જ લખશો.**
**મ. ઑ. મોકલનારે સંદેશાની જગાએ પોતાનું પૂરું સરનામું અવશ્ય લખવું.**

લવાજમ મોકલવાનાં સરનામાં

**વડોદરા : શારદા સોની** ૧૮, હેમદીપ સોસાયટી, ટાગોરનગર પાછળ, જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૫

**હાથોહાથ લવાજમ નીચેનાં સરનામે પણ આપી શકાશે : (અહીં મ.ઑ. કે ચેક ન મોકલવાં)**

**મુંબઈ : નીતિન મહેતા** ૪૦૧/બી, શિલ્પા ટૅરેસ (ન્યૂ), શિમ્પોલી રોડ બોરિવલી(પ.) મુંબઈ ૪૦૦૦૯૨

**ભાવનગર : જયંત મેઘાણી** પ્રસાર, ૧૮૮૮ આતાભાઈ એવન્યૂ ભાવનગર ૩૬૪૦૦૨

**રાજકોટ : નીતિન વડગામા** 'તાંદુલ', સ્વાતિ સોસાયટી, વિરાણી સાયંસ કૉલેજ પાછળ, રાજકોટ ૩૬૦૦૦૫

**અમદાવાદ : ઈમેજ પબ્લિકેશન્સ** ૧-૨ અપર લેવલ, સેન્ચૂરિ માર્કેટ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૦૬
(ઈમેજમાંથી છૂટક નકલ પણ મળી શકશે. **આ અંકની કિંમત રૂ. ૪૦.**)

**'પ્રત્યક્ષ'નું લવાજમ જાન્યુઆરીથી ડિસેમ્બર મુજબ ગણાય છે એટલે અધવચ્ચે ન મોકલતાં ડિસેમ્બર (મોડામાં મોડું ફેબ્રુઆરી) સુધીમાં લવાજમ મોકલી આપવા વિનંતી**

'પ્રત્યક્ષ' વર્ષમાં ચાર વાર – માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બરના અંતે – પ્રકાશિત થાય છે. એના પંદરેક દિવસમાં અંક ન મળે તો, સ્થાનિક ટપાલ-કચેરીમાં તપાસ કર્યા પછી, જાણ કરવી.


**સંપાદકીય પત્રવ્યવહાર**

**રમણ સોની ૧૮, હેમદીપ સોસાયટી, ટાગોરનગર પાછળ, જૂના પાદરા રોડ, વડોદરા ૩૯૦૦૧૫**
**ફોનઃ (૦૨૬૫) ૨૩૫૭૧૮૭, ૯૨૨૮૨૧૫૨૭૫**

**પરિષદની આરપાર**

ગુજરાતી સાહિત્ય પરિષદને સો વર્ષ, પછી?

આઠમા દાયકાના ઉત્તરાર્ધમાં, પરિષદના પોતાના મકાન ‘ગોવર્ધન-ભવન’નું નિર્માણ થયું. ‘નદી કિનારે’ એવું એનું સરનામું શોભતું હતું. એ જ વર્ષોમાં ગુજરાતી સાહિત્યના સંપાદિત ઇતિહાસના ચાર ખંડો (૧૯૭૩થી ૧૯૮૧) તૈયાર થઈ ચૂક્યા હતા અને ઉમાશંકર જોશીએ એમાં સીધો, સક્રિય રસ લીધો હતો. એ અગ્રણી સંપાદક હતા એટલું જ નહીં, નરસિંહ મહેતા વિશેનું એક પ્રકરણ પણ એમણે એમાં (ખંડ-૧માં) લખેલું. એ જ અરસામાં (૧૯૮૦) ‘ગુજરાતી સાહિત્યકોશ’ની યોજના આરંભાઈ હતી. જયંત કોઠારી જેવા ઉત્તમ સંશોધક વિદ્વાનની એના મુખ્ય સંપાદક તરીકે વરણી થઈ હતી. ત્રણ ખંડમાં પ્રકાશિત આ સાહિત્યકોશને પરિષદનું કદાચ એક સૌથી વધારે મહત્ત્વનું પ્રદાન ગણવાનું થશે. ૧૯૮૨ આસપાસ પરિષદ-સંચાલિત સંશોધનની સંસ્થા તરીકે ક.લા.સ્વાધ્યાયમંદિર રચાયું ને ચંદ્રકાન્ત શેઠ એના પહેલા નિયામક થયા. ભાષાવિજ્ઞાન વિશેનું જ એક સ્વતંત્ર સામયિક ૧૯૭૮થી, હરિવલ્લભ ભાયાણીના સંપાદન-માર્ગદર્શનમાં પરિષદે આરંભેલું જે ચંદ્રકાન્ત શેઠ અને પછી ચંદ્રકાન્ત ટોપીવાળાના સંપાદનમાં ભાષાવિજ્ઞાન ઉપરાંત સાહિત્યવિવેચનવિચારના સામયિક તરીકે ચાલતું રહ્યું. પરિષદની આ પણ એક ગૌરવ-પ્રતિષ્ઠ પ્રવૃત્તિ હતી. સાહિત્યકોશનો પ્રથમ ખંડ ૧૯૮૯માં પ્રગટ થયો...

ઊંચી સાહિત્યવિવેચન-સજ્જતા ઉપરાંત વહીવટી ક્ષમતા ધરાવતા ચંદ્રકાન્ત ટોપીવાળા ક.લા.સ્વાધ્યાયમંદિરના નિયામકપદે આવ્યા ને એમણે પરિષદમાં વિદ્યાપ્રવૃત્તિનો હાથ ઉપર રાખ્યો. ક. લા. સ્વાધ્યાયમંદિરના અન્ય સંશોધકોને સાથે રાખીને – ૧૯૮૬માં ‘સાહિત્યસંજ્ઞા કોશ’ અને એની પૂર્તિરૂપે, ૧૯૮૮માં ‘વિશિષ્ટસાહિત્યસંજ્ઞા કોશ’ એમણે કરી આપ્યા અને સાહિત્યકોશનો બીજો(૧૯૯૦) ને ત્રીજો(૧૯૯૬) ખંડ પ્રગટ કર્યા. ક.લા.સ્વાધ્યાયમંદિરની, સાહિત્ય-સંશોધનની સંસ્થા તરીકે કાર્યક્ષમ પ્રસ્તુતતા ઊભી થતી રહી ને એણે પરિષદનું ગૌરવ વધાર્યું.

આ દાયકાઓ દરમ્યાન પરિષદમંત્રી રઘુવીર ચૌધરી એમની વહીવટી દક્ષતાથી ને વ્યવહારપટુતાથી પરિષદની લોકાભિમુખ પ્રવૃત્તિઓ તેમજ એની વિદ્યાભિમુખ પ્રવૃત્તિઓને સંકલિત કરતા રહ્યા. પરિષદભવન ઊભું કરવામાં પણ એમની સક્રિયતાનો ફાળો મહત્ત્વનો હતો. પરંતુ પછી વહીવટી-તંત્ર પર વધુ ભાર મુકાતો રહ્યો એમાંય એમનો ફાળો જ મહત્ત્વનો બનતો રહ્યો. ઉપર ઉલ્લેખાયેલા સમયગાળામાં પણ આ વહીવટી દાબનો અનુભવ, એમાં કાર્યરત વિદ્વાનોને પણ, થતો રહેલો.

વિદ્યાપ્રવૃત્તિ મંદ કે નબળી પડતી જાય ને કેવળ તંત્ર-પરકતા વધતી જાય ત્યારે સાહિત્યસંસ્થાને સામાજિક-રાજકીય સંસ્થાથી જુદી પાડવી મુશ્કેલી બનતું જાય. સંસ્થાને એક શિખરે પહોંચાડ્યા પછી અગ્રણી પાછો વળી જાય ને બીજાઓની ક્ષમતાને માર્ગ કરી આપે એ ઇષ્ટ પરંપરા ન પળાઈ. મંત્રીરૂપે, ખજાનચી રૂપે, પ્રમુખ રૂપે, ટ્રસ્ટી રૂપે રઘુવીર કેન્દ્રમાં જ રહેતા ગયા (ટ્રસ્ટી પણ બધી જ સભા-બેઠકો-સમિતિઓમાં પોતાની સક્રિય ઉપસ્થિતિ રાખે એવી ‘પરિપાટી’ સુદ્ધાં એમણે ઊભી કરી). અર્પણને કેવળ અને કેવળ વિધાયક રહેવા દેવું જોઈએ – એ ન થયું. સંગીન વિદ્યાપ્રવૃત્તિનો અભાવ (ગયા આખા દાયકા ઉપર) વિસ્તરતો ગયો ને વહીવટકારની મુદ્રા પ્રભાવક બનતી ગઈ...

એટલે વિદ્યાપ્રવૃત્તિના આ મંદ યુગમાં, અને વળી શતાબ્દીટાણે જ, પરિષદની વિશ્વસનીયતા અને યોગ્ય ગતિ સામે પ્રશ્નાર્થો રચતા ઊહાપોહ થયા. બધું અંદર ગોટાતું હતું – કાર્યવાહક તંત્રમાં પણ જે સાચા હતા એમની શક્તિઓ સંઘર્ષમાં જ ખરચાતી રહેતી હતી. પણ ધુમાડો બહાર ન દેખાય ત્યાં સુધી અગ્નિનું અનુમાન પણ શી રીતે થાય? એ ધૂમ્રગોટા ‘ખેવના’ના તંત્રીએ દેખાડ્યા, એ પછી ‘ગુજરાત સમાચારે’ (અલબત્ત, એના પત્રકારી સ્તરે રહીને) તંત્રીલેખ

કર્યો ને છેવટે લોકપ્રચલિત સામયિક 'આરપાર' સુધી પરિષદગાથા પહોંચી. 'ખેવના'એ તો, એમાંના તંત્રીલેખમાં ને પછી અન્ય સાહિત્યિકો દ્વારા થયેલી ચર્ચામાં, તાત્ત્વિક ભૂમિકાએ વહીવટપરકતાની સમસ્યાઓ અને વિદ્યાપ્રવૃત્તિક્ષીણતા ચીંધી બતાવ્યાં હતાં પણ 'આરપાર'માં તો પરિષદ વિરૂપીકરણ કરતા અરીસાઓની સામે મુકાઈ ગઈ ને ક્યાંક તો એમાં, સાદા(નૉર્મલ) અરીસાઓમાં પણ વિરૂપ પ્રતિબિંબો જોઈને સૌ ચોંકી ઊઠ્યા. 'આરપાર'ની ભૂમિકા પૂરેપૂરી કાર્યક્ષમ ન રહી – સાચા ને ખોટા સૌ તંત્રવાહકો સંદેહવર્તુળમાં ઘેરાઈ ગયા – તેમ છતાં પરિષદનું તેજાબ-પરીક્ષણ તો એમાં થઈને જ રહ્યું. ને પરિષદની પ્રતિષ્ઠા પર ઝાંખપ લાગી. •

આ બધું કંઈ રસ-પ્રદ નથી, કમનસીબ છે. પણ કટુ વાસ્તવિકતા જાહેર થવી જ જોઈએ. કેમકે પરિષદ જાહેર સંસ્થા છે. અન્યોન્યહિતવર્ધક સભા તરીકે એને હ્રસ્વ ન થવા દેવાય. એનું રૂપ પારદર્શી રહે તો જ એક મોટી સાહિત્યસંસ્થા તરીકેનો એનો મોભો સ્વીકાર્ય બને. અને પરિષદ આ રીતે મોભાદાર સંસ્થા રહે એ આપણી જરૂરિયાત છે, બલકે આપણી ગરજ છે.

આખરે તો પરિષદે શું કરવું જોઈતું હતું ને, હજુ પણ, શું કરવું જોઈએ એ આપણી અપેક્ષા હોય. અલબત્ત, એ બહુ લાંબી વાત થાય. એટલે અહીં તો કેટલાક પ્રશ્નો પૂછીને ને કેટલાંક ઇંગિતો કરીને એ અપેક્ષા રજૂ થઈ શકે...

છેલ્લા એક દાયકામાં ક.લા.સ્વાધ્યાયમંદિરે, એક સંશોધન-સંસ્થા તરીકે, શું કર્યું? 'સાહિત્યનો ઇતિહાસ'ના પાંચમા-છઠ્ઠા ખંડોની યોજના શરૂ થયે ૯ વરસ થયાં. તેમ છતાં એના નિયામક-સંપાદક દ્વારા એના પાંચમા ખંડનો એક જ ભાગ કેમ, છેક હમણાં, પ્રગટ થઈ શક્યો? સ્વાધ્યાયમંદિરના સંશોધકોએ આ દાયકામાં શું પ્રગટ કર્યું? એમના માર્ગદર્શન હેઠળ કેટલા સંશોધન-છાત્રો કયાં સંશોધનો કરી રહ્યા છે? સંશોધન કહેવાય એવાં કેટલાં, કયાં પ્રકાશનો સ્વાધ્યાયમંદિરે કર્યાં? અગાઉના દોઢ દાયકામાં બંધાયેલી આવી વિદ્યાપરંપરાનો વિકાસ-આલેખ કેમ અટક્યો? કલાસ્વાધ્યાયમંદિરે આનો હિસાબ આપ્યો? ન આપ્યો તો સંચાલક સંસ્થા પરિષદે, પૂરી વિનમ્રતાપૂર્વક પણ એ માગ્યો ખરો?

અને પરિષદની પ્રકાશનપ્રવૃત્તિ? શતાબ્દીટાણે ૧૦૦ પુસ્તકોના પ્રકાશનનો એક રંગદર્શી ખ્યાલ તરતો મુકાયો હતો. અને ચાલો સો, તો એ સો કેવાં, કયા પ્રકારનાં, એની કોઇ નક્કર યોજના પરિષદે કરી? એક વિદ્યાલક્ષી સાહિત્યસંસ્થા જ કરી શકે એવાં પ્રકાશનોમાં કેન્દ્રિત થઈ શકાયું છે? એવી કોઈ સંકલનપદ્ધતિ નીપજાવી છે, કે પછી મળેલી હસ્તપ્રતોના, ક્યારેક સાવ યાદચ્છિક પરિણામો ધરતા, એક કૃતિ દીઠ એક પરામર્શક-ના પ્રચલિત માર્ગે જ પ્રકાશન-યોગ્યતાના નિર્ણયો સુધી અટકી રહેવાયું છે? (એકવાર આ માટેની ચયન-સંકલન-સમિતિ અંગે વિચારાયેલું પણ કશું થયું નહીં). અનિવાર્ય બની રહેલા કેટલાક ઉત્તમ જૂના ગ્રંથોનાં પુનર્મુદ્રણો, ઉત્તમ અનુવાદ-અધ્યયન અને સંપાદનના ગ્રંથો('પંચતંત્ર', આનંદવર્ધનનો 'ધ્વનિવિચાર', 'આપણી કવિતાસમૃદ્ધિ : ઉત્તરાર્ધ' જેવા કેટલાક પરિષદે કરેલા પણ છે, એવા વધુ ગ્રંથો); ઉત્તમ સર્જન-વિવેચનનાં પુસ્તકો – એવું લક્ષ્ય રાખીને, સર્જન-વિવેચન-સંશોધનના ગ્રંથોનું પ્રમાણ નિયત કરતી, સતત ચર્ચા-વિચારણામાંથી પસાર થતી એક સંભવિત યાદી તૈયાર કરવાની મથામણ, પ્રકાશનો પૂર્વે કરવી જરૂરી કે નહીં?

સમયબદ્ધ પ્રકાશનોમાં પરિષદ શિથિલતા દાખવતી રહી છે. છેલ્લાં પંદરેક વર્ષોથી વાર્ષિક કવિતાચયનો તથા વાર્તાચયનો પ્રગટ થાય છે. પણ એ સમયસર પ્રગટ થાય છે? નિર્ધારિત વર્ષનું ચયન પછીના વર્ષના અંત પહેલાં તો પ્રગટ થવું જોઈએને? એને બદલે બે, ક્યારેક ત્રણ વર્ષ નીકળી ગયાં છે. એનો શો અર્થ રહે છે? આર. આર. શેઠનાં વાર્ષિક વાર્તાચયનો તરત પછીના વર્ષે, સમયસર, પ્રકાશિત થતાં હોય તો, સંપાદકો તો બધે સરખા હોવા છતાં, પરિષદ-પ્રકાશનોને કેમ વિલંબ થવો જોઈએ? તંત્ર ખરેખર તો ***અહીં*** કાર્યરત થવું જોઈએ.

પરિષદ 'વાર્ષિક ગ્રંથસૂચિ' જેવું, એક બહુ ઉપયોગી થાય એવું પ્રકાશન પણ કરી શકતી નથી. પહેલી દૃષ્ટિએ નાનું લાગતું આ કામ ઘણું મોટું છે ને આવી મોટી સંસ્થા સિવાય એને પહોંચી વળવું મુશ્કેલ છે. એવી ગ્રંથસૂચિને અભાવે, પરિષદનાં પારિતોષિકોના નિર્ણાયકોને મોકલવામાં આવતી યાદી માટે પરિષદને જ ફાંફાં પડે છે. એકવાર નિર્ણાયક તરીકે મને મોકલવામાં આવેલી યાદીમાં એ વર્ષનું એક મહત્ત્વનું પરિષદ-પ્રકાશન જ સામેલ ન હતું! (પરિષદનાં પારિતોષિકો

વધતાં જ રહ્યાં છે એ વિસ્તાર પણ વિલક્ષણ છે – એમાંનાં કેટલાંક પારિતોષિકો તો એકમેક સાથે અથડાય છે – પરસ્પર-પ્રવેશ-તત્પર જેવાં છે. પણ એ વળી એક જુદી ચર્ચાનો વિષય છે.)

ઉત્તમ વિદ્યાકીય પ્રકાશનો તો કેટલાંબધાં કરી શકાય એમ છે! કેટલાંક તો પરિષદનાં પૂર્વકાર્યોનાં અનુસંધાન જેવાં છે. પરિષદે 'સાહિત્યનો ઇતિહાસ'ના ૪ ખંડોની શોધિત આવૃત્તિઓ તો કરાવી પણ સાહિત્યકોશ – ખાસ તો એનો બીજો ભાગ – હવે સંવર્ધન માગે છે. ૧૯૮૦ના દાયકામાં કામ આરંભાયેલું એટલે ત્યારે ૧૯૫૦ સુધીમાં જન્મેલા લેખકો એમાં સમાવાયેલા છે – હવે બીજાં ૨૦-૨૫ વરસ થવા જશે. (૧૯૫૦ પછી જન્મેલા લેખકો પણ હવે ૫૫ આસપાસના થવા આવ્યા.) અત્યારે સમાવેલા લેખકોનાં અધિકરણો પણ પૂર્તિપાત્ર થયાં છે. એમાં આજસુધીની બધી વિગતો – લેખકોનાં નવાં પુસ્તકો, પારિતોષિકો, દિવંગતોની અવસાન-તારીખો – ઉમેરવાની થશે. એની કોઈ પૂર્વતૈયારી છે પરિષદ પાસે? પરિષદે ખરેખર તો સદ્ય-સંદર્ભ-કેન્દ્રની કામગીરી પણ બજાવવાની હોય. કૉમ્પ્યુટરમાં રોજરોજની આવી ઘટનાઓ નોંધાતી જાય તો કોશ ને ઇતિહાસ જેવી, અધિકૃત બનનારી કામગીરી માટે સ્પષ્ટ ને પૂરેપૂરી વિગતો મળી રહે ને વળી કોઈપણ અભ્યાસી કે જિજ્ઞાસુને કોઈ માહિતીની જરૂર હોય તો આ સદ્ય-સંદર્ભ-કેન્દ્રનો સંપર્ક કરી શકે – આવું વિસ્તરણ એ પણ એક મહત્ત્વની લોકાભિમુખ, ખરેખર તો સાહિત્યરસિક-અભિમુખ પ્રવૃત્તિ છે. નક્કર કાર્યશીલતા વિના (છેલ્લાં બે વર્ષનાં 'પરબ'નાં પાનાં પર પ્રમુખ ધીરુબહેન પટેલે જે કર્યું છે એવું) નર્યું ભાવનાઓનું ગદ્‌ગદ્‌ ગાન કર્યા કરવાનો અર્થ નથી.

સાહિત્યકોશ ખંડ-૧ને આધારે પરિષદે કૃતિસૂચિ (સંપા. કીર્તિદા જોશી) કરાવી એવી બીજી ઘણી સૂચિઓ રાહ જોતી પડી છે. કોશના બીજા ખંડમાં સંદર્ભગ્રંથસૂચિ નથી, એ ખૂબ મહત્ત્વનું કામ પણ સામે પડ્યું છે. પ્રકાશ વેગડ જેવા સૂચિ-નિપુણ ગ્રંથપાલક પરિષદ પાસે હતા. એમની પાસે પરિષદે શું કરાવ્યું? સંદર્ભગ્રંથો માટે વ્યાવસાયિક પ્રકાશનસંસ્થાઓ પર મીટ માંડવાની ન હોય – એ કામ સાહિત્યસંસ્થાઓ જ કરે, કરી શકે.

હજુ પણ આગળ નજર જવાની આપણા સૌની. પરિષદ એક વ્યુત્પત્તિકેન્દ્રી, અધિકૃત શબ્દકોશ કરે... સર્વ દુર્લભ સાહિત્ય-સામયિકો મેળવીને/નકલો કરાવીને ગ્રંથાલયમાં એનો એક સંદર્ભ-ખંડ કરે... હવે તો, પરિષદની એક વેબ-સાઈટ પણ હોય વગેરે. – કરી તો શકાય, કરવું જ હોય તો.

પરિષદનું સામયિક 'પરબ'. રેપર સાથે તો એ ૨૫૦૦ જેટલા સભ્ય-ગ્રાહકો સુધી પહોંચે છે. કહે છે કે, 'પરબ'ને મળે છે એટલી ગંજાવર પ્રકાશન-સામગ્રી કોઈ સામયિકને મળતી નહીં હોય. સંપાદકોનું કાર્ય કપરું બની જાય. (નવા સંપાદકને તો વારસામાં મળતી સામગ્રી જ મૂંઝવી નાખે!) પણ આવા સંજોગોમાં મજબૂત ચાળણી ને મજબૂત મન જોઈએ. એ તો ઠીક. પણ ગમે તેટલી સામગ્રી મળતી હોય તો પણ, માત્ર મળેલી સામગ્રીના ચયન આગળ પણ અટકી રહેવું બરાબર ગણાશે? યોજનાપૂર્વક મેળવેલી સામગ્રીથી જ એને ઘાટ આપી શકાય – એની આગવી મુદ્રા રચી શકાય. 'પરબ'માં સંશોધન-વિવેચનના, તૃપ્ત કરે એવા લેખો, કેટલા? 'પરબ' વ્યાપક પ્રકારની લેખનસામગ્રી છાપ્યે જાય છે પણ એનાં જ્ઞાનસત્રોમાં, અધિવેશનોમાં થયેલાં વ્યાખ્યાનો હવે ભાગ્યે જ છાપે છે. (અલબત્ત, એનું પણ સંપાદન તો થવું જોઈએ). એ વ્યાખ્યાનો બધાં સુધી શી રીતે પહોંચે? અધિવેશન-પ્રસંગે જ એનું વિતરણ થાય છે. પણ પછી? પુસ્તકરૂપે કે પરબના વિશેષાંકરૂપે પણ એ વક્તવ્યોનું પ્રકાશન ન કરવું જોઈએ? પરિષદની વ્યાખ્યાનમાળાઓમાં જે વક્તવ્યો થાય છે એનું – એ બધાંનું – શું થાય છે? એ લિખિત રૂપે આવે છે ખરાં પરિષદ પાસે? ને તો એ પ્રકાશિત કરાય છે? 'પરબ'માં આને માટે જગા કેમ નથી? (એક વક્તાએ કહેલું કે એમનું પ્રવચન લાંબું છે એમ કહીને એ 'પરબ'માં પ્રગટ ન કરાયેલું!) પરિષદમાં એક સ્વાધ્યાયપીઠ છે ને સંશોધકે એમાં એક/બે વર્ષ કામ કરવાનું હોય છે. એ પ્રકલ્પ(પ્રોજેક્ટ)નું શું થાય છે? એ આખું કામ પુસ્તકરૂપે, કે છેવટે એનું દોહન લેખ રૂપે 'પરબ'માં, પ્રગટ ન કરી શકાય? પરિષદની વિદ્યાપ્રવૃત્તિઓનો ખરો હિસાબ 'પરબ' દ્વારા આપી શકાય. પણ આપી શકાય છે?

પરિષદનાં જ્ઞાનસત્રો-અધિવેશનોની ગતિવિધિ 'પરબ'ના અંકોમાં ચીલાચાલુ અહેવાલ કે સમાચાર-નોંધરૂપે પ્રગટ થાય

છે. એ સમીક્ષિત અહેવાલરૂપે શા માટે પ્રગટ ન થાય? જ્ઞાનસત્રો ને અધિવેશનોમાં વિવિધ વિષયના વક્તાઓને નિમંત્રણ અપાય છે એમ જ એ આખા કાર્યક્રમના સમીક્ષિત અહેવાલ માટે પણ કોઈ અભ્યાસીને નિમંત્રણ આપી ન શકાય? તો એવો તટસ્થ, સમીક્ષિત અહેવાલ 'પરબ'માં પ્રગટ કરી શકાય. રેઢિયાળ, અર્થહીન ને કાર્યક્રમપત્રિકાનું જ વર્ણન-વિસ્તરણ હોય એવા અહેવાલો પરિષદના પ્રતિષ્ઠિત સામયિકમાં શોભે છે? 'પરબ'માં પ્રગટ થતા 'પરિષદવૃત્ત'માં પરિષદદ્વારા થતી ઘણી પ્રવૃત્તિઓની નોંધ આવે છે – પરિષદની સતત પ્રવૃત્તિશીલતાનો એક અંદાજ એ જરૂર આપે છે પણ પૂરો અંદાજ આપે છે? આ બધું કેવળ 'સમાચાર'ની કક્ષાએ હ્રસ્વ કરી નાખવાની જરૂર ખરી?

પરિષદે 'અનુવાદકેન્દ્ર' કર્યું એ એક જરૂરી પ્રસ્થાન હતું. પણ કયાં, મહત્ત્વનાં, પરિણામો આપણી સામે ધરવામાં આવ્યાં? અનુવાદ વિશેના પરિસંવાદો ને શિબિરો; અનુવાદ અંગેનાં પુસ્તકોનું પ્રકાશન; ઉત્તમ ગુજરાતી કાવ્ય/વાર્તા/નિબંધાદિ કૃતિઓના અનુવાદોના સંચયો –એમાંથી કોઈ મહત્ત્વની બારી હજુ ઊઘડી છે?

ગુજરાતીનું અંગ્રેજીમાં લઈ જવું એ આપણી કાયમી તાકીદની જરૂરિયાત છે, ને એ કામ કપરું છે, પણ એથીય કપરું કામ યોજના-સંયોજનાનું છે. પરિષદનાં જ્ઞાનસત્રોમાં, છેલ્લાં કેટલાંક વર્ષોથી, દ્વિવાર્ષિક સાહિત્ય-સમીક્ષાના સરવૈયાની ઉત્તમ કહેવાય એવી પ્રણાલિકા ઊભી થઈ છે. એને કારણે કેટલાંક ખરેખર સરસ નિરીક્ષણો મળ્યાં છે. આ સરવૈયાં –કે એમાંના સંપાદિત અંશો– અંગ્રેજી/હિંદીમાં અનૂદિત કરાવીને, ભારતીય સાહિત્ય અકાદમીનાં India Litrature કે समकालीन सा–त्य માં પ્રગટ કરાવવાની પ્રવૃત્તિ આ અનુવાદકેન્દ્ર દ્વારા ચલાવી શકાય?

સાહિત્યના પ્રસારણનું ને સાહિત્ય અંગેની સમજ વિસ્તારવાનું એક મહત્ત્વનું કેન્દ્ર સાહિત્યના વિદ્યાર્થીઓ છે. એમને માટે શું શું કર્યું ને કરવું જોઈએ પરિષદે? દર બે વર્ષે, દરેક યુનિવર્સિટીના ગુજરાતીમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને પારિતોષિક પકડાવી દઇને અટકી જવાયું છે. આ વિદ્યાર્થીઓને પરિષદનો કંઈ ખ્યાલ છે? એ 'પરબ' વાંચે છે? એમને માટે શું કરી શકે છે પરિષદ? વધુ પ્રસાર દ્વારા, ને વધુ વળતર દ્વારા, વિદ્યાર્થીઓને આકર્ષતાં પુસ્તકપ્રદર્શનો પર ભાર મુકાવો જોઈએ. પરિષદનાં વિવિધ વ્યાખ્યાનોમાંથી ઘણાંખરાં યુનિવર્સિટી-પરિસરોમાં યોજાય એવું કરી શકાય? પરિષદ એકવાર 'આસ્વાદ', 'દીક્ષા' આદિ પરીક્ષાઓ લેતી હતી એનું શું થયું? એની જે મુશ્કેલીઓ હોય એ ચર્ચી લઈને એને નવેસર યોજી શકાય તો પરિષદદ્વારા થતા સાહિત્ય/વિદ્યા-વિસ્તારનું એક મહત્ત્વનું કામ થશે. નર્મદ અને હેમચંદ્રાચાર્યનાં નામ ધરાવતી બંને યુનિવર્સિટીઓમાં ગુજરાતી સાહિત્યના વિભાગો જ નથી! પરિષદને એની સાથે કોઈ નિસબત નથી? પરિષદે એની પ્રતિષ્ઠાને, એની ભલામણ-શક્તિને યોજીને આમાં પણ સક્રિય થવા જેવું નથી? આ માત્ર શિક્ષણનો પ્રશ્ન છે ને સાહિત્યનો નથી? સાહિત્ય-શિક્ષણ લેનારા ઘટતા જશે એ સરવાળે તો પરિષદને જ, સાહિત્યજગતને જ, નુકસાન કરનાર થવાનું છે.

•

વહીવટ-તંત્ર આંતરિક ઘડભાંજમાં અટવાઈ રહે એ પરિષદ જેવી શતાયુ સાહિત્યસંસ્થાને પાલવે નહીં— સાહિત્ય અને વિદ્યાવિસ્તાર માટેની કલ્પનાશીલ યોજનાઓ અંગે જ સક્રિય રહેવું ઘટે. આધાર વિનાની ભાવનાઓનાં દેવાલયો રચવાં ને પ્રવચનોમાં એની અમૃતધારાઓ વહાવ્યા કરવી એ હવે સાવ અપ્રસ્તુત, કાલગ્રસ્ત ચેષ્ટા હશે. એને બદલે શક્યતા અને સંભાવનાઓને સામે રાખીને, 'શું કરી શકાય-શું કરવું જોઈએ' – એની રૂપ-રેખાઓ રચવાની તત્પરતા દાખવવી બહેતર નીવડશે. આ 'મંદયુગ'માંથી નીકળવા, ૧૦૧મા વર્ષે, નવો એકડો માંડવો જરૂરી લાગે તો એ પણ કરવું જોઈએ... આપણે થોડાક ફંટાઈએ તો એ પણ એક નવું પ્રસ્થાન હશે.

ગુજરાતી સાહિત્ય પરિષદનો પણ ઇતિહાસ લખાવો ઘટે. નક્કર અને નિર્મમ. છાપામાં આવે એવો બહુરંગદર્શી નહીં પણ બહુપરિમાણી – સામાજિક-સાંસ્કૃતિક સંચલનોને પણ ગૂંથતો હોય તેવો. આવો ઇતિહાસ આપણને સ્પષ્ટપણે દેખાડશે કે પરિષદ ક્યારે શિખરની ટોચ ઉપર હતી અને ક્યારે ભેખડની ધાર આગળ... **– રમણ સોની**

*** આ ચર્ચામાં ભાગ લેવા સૌને નિમંત્રણ છે. સુચિંતિત પ્રતિભાવો-અભિપ્રાયો 'પ્રત્યક્ષ'માં પ્રગટ કરીશું. -સંપા.**

| | | |
|---|---|---|
| **સમગ્ર બાળકવિતા (ભાગ. ૧થી ૪) – સુંદરમ્**<br>સંપા. ચંદ્રકાન્ત શેઠ, મનહર મોદી, શ્રદ્ધા ત્રિવેદી<br>રન્નાદે, ગાંધી રોડ, અમદાવાદ. ૨૦૦૫ ડે. ૩૦૫, રૂ. ૩૦૦. | | **ક્યારેક બાળકો સરકી ગયાં છે**<br><br>**ઈશ્વર પરમાર** |

અગ્રણી લેખાય તેવા બહુ ઓછા સાહિત્યકારોએ બાળવાચકોને લક્ષમાં રાખીને સર્જન કર્યું છે, તેમાં કવિ સુન્દરમ્ સુખદ અપવાદરૂપ છે. તેમની સમગ્ર બાળકવિતાઓના આ સંચયો પ્રકાશિત થતાં ગુજરાતી બાળ સાહિત્યની રિદ્ધિ વધી છે.

કવિ સુન્દરમે બાળસહજ રુચિને લક્ષમાં લઈને એમનાં અનેકવિધ રસક્ષેત્રોને પોતાની આ કવિતામાં આવરી લીધેલાં છે. આ રસક્ષેત્રોમાં પ્રકૃતિ, પરિવાર, હાસ્ય, વાર્તા, બાળમિજાજ, વતન, ઉજાણી, શિક્ષણ, પ્રાર્થના વગેરે સમાવિષ્ટ છે. કવિ સુન્દરમ્‌ની ઘણી-ખરી બાળકવિતા એકલાં કે વૃંદમાં ગાઈ શકાય તેવી છે. જેમકે –

*હાં રે અમે ગ્યાં'તાં*
*હો રંગના ઓવારે*
*કે તેજના ફુવારે*
*અનંતના આરે*
*કે રંગ રંગ વાદળિયાં...*

એમની બાળકવિતા ગેય હોવા ઉપરાંત અભિનય ને નૃત્ય સાથે ગવાય તેવી લય-તાલબદ્ધ છે; જેમકે –

*ટમ ટરરર*
*છમ છરરર*
*છુમ છનનન*
*તોમ તનનન*
*આ કોઈ ઊઠે છે ગાઈ*
*આ કોઈ રહે છે નાચી....*

શિશુ-અંતરે સાદ્યંત રસ જાળવી શકતી એમની થોડીક દીર્ઘ કવિતાઓની સાથોસાથ 'આવ્યાં' જેવી લઘુકવિતાઓ પણ નોંધપાત્ર છે :

*વાદળ આવ્યાં*
*છાંયો લાવ્યાં*
*સૌને ભાવ્યાં*
*ભલે પધાર્યા વાદળ ભાઈ!*

કવિ સુન્દરમ્ ભલે ને થોડો સમય વ્યવસાયે શિક્ષક રહ્યા હોય પરંતુ બાળકોના કવિ તરીકે તેઓ બાળકોને ઘણું બધું શીખવી દેવાના અનીચ્છનીય ઉત્સાહમાંથી બચી શકયા છે. એમને તો બાળકોને કેટલીક બાબતે અભિમુખ કરવાની હોંશ રહી હોય તેવું જણાઈ આવે છે. આ બાળહિતકારી કવિએ એટલી સાહજિકતાથી પોતાની હોંશ પૂરી કરી છે કે બાળકો બે-બોજ રહે. કવિ સુન્દરમ્ પોતાની કવિતાઓ દ્વારા બાળકોમાં પ્રકૃતિપ્રેમ, પ્રાણીપ્રેમ, પરિવારપ્રેમ, વિદ્યાપ્રેમ–અને તેમાંય વળી વ્યાકરણપ્રેમ, હાસ્યપ્રેમ, વતનપ્રેમ, પ્રભુપ્રેમ જગાડવામાં અને વિકસાવવામાં સફળ રહ્યા છે. બાળકોમાં કલ્પનાશીલતા, ઉદ્યમશીલતા, સામાજિકતા વગેરે જેવા ગુણો અને શાશ્વત મૂલ્યોની કેળવણી અનાયાસ થવા પામી છે.

આ બધું સાહજિક રીતે થઈ શક્યું છે.

આમ છતાં બાળકો તો બાળકો જ છે : જેવાં સરળ તેવાં ચંચળ! અને એથી ક્યારેક ક્યારેક તેઓ સાક્ષર, સમીક્ષક અને સાધક સુન્દરમ્‌નું ધ્યાન ચુકાવીને – આંગળી છોડાવીને – સરકી ગયાં છે અને તેથી તે ક્ષણોમાં રચાયેલ પંક્તિઓ કે રચનાઓ બાળભાવકોને ન્યાય કરતી હોય એમ લાગતું નથી.

વળી, બાળકોનું શબ્દભંડોળ તો સીમિત જ હોવાનું. આથી તેમને માટેની રચનાઓમાં તેમને પરિચિત શબ્દો સવિશેષ ગુંથાય તે ઈષ્ટ લેખાય. *જલપોતન, શાશ્વતશાયી, મુખરિત, ઝંખનઝાળ, અભિરામ, આત્મ-શિશુ, પંકપલંગ, અર્ચ્યા, સ્તવંતા, ઉદિત, રમ્યા(સંજ્ઞા), બૃહત્તર, નિનાદ, કાર્યસ્પર્શ,* મર્ષણા, મર્ત્ય, આરૂઢ, પર્યંક, રાજ્યા વગેરે જેવા અપરિચિત ને અઘરા શબ્દો જે પંક્તિઓમાં ગૂંથાયેલ

હોય તે પંક્તિઓ બાળકોને પ્યારી લાગવા સંભવ નથી. કેવળ શબ્દો જ નહીં, કવિ સુન્દરમ્ દ્વારા બાળકવિતાઓમાં પ્રયોજાયેલ આવા શબ્દસમૂહો પણ બાળવાચકને ખાસ સમજાવવા પડે તેવા છે : *ચિરંતન હાસ, ઝીણું તેજનું પંખી, નગ્ન સૂર્ય, લક્ષાવધિ વર્ષોની યાત્રા, દોરંગી લીલા, ઝણઝણતા ઉરતંત્રે, આત્મ સુભવ્ય નવ્ય, મનનો માનેલ,* વગેરે. આવા શબ્દો અને શબ્દપ્રયોગો વસ્તુ-પ્રવાહના સંદર્ભે સ્વયં સ્પષ્ટ થઈ જતા હોય છે એવી માન્યતાને અહીં માન્ય કરવી ઉચિત નથી.

સમજાવવાથી બાળકો કવિતા સમજે કદાચ, પણ કવિતાને માણવાની મજા તો જાતે સમજવામાં છે. કવિ સુન્દરમ્‌ની બાળકવિતાઓમાં કેટલીક પંક્તિઓ એટલી ઊંચાઈ પરની જણાય છે કે તેને આંબવાનું બાળક માટે અશકય નહીં તો અઘરું જરૂર બને. એવી અઘરી જણાતી કેટલીક પંક્તિઓ આ રહી :

*અહીં છલકતી નવરસવંતી રામ પ્રસાદિત થાળી*
*(આ લહરી જલસાગરની)*

*સપ્તરંગની થાળીમાં અવતરશે રાત્રિરમ્યા.*
*(આ પ્રભાત)*

*શક્તિનાં સ્રોત તારા છલે કોષેકોષે.*
*(છલકતી છાબ)*

*કર્ણ પરે આ દૂર દૂરનાં અશ્રુત કૈં ભણકારા*
*(ડુંગરડા)*

*વિશ્વ વિષે તમ સત્ય રચો થૈને મહાચિદંબર*
*અહો રચાતી સૃષ્ટિ નવલ અમ, નવલ બને અમ*
*જન્મ અમે સાહસી ધીરવીર થૈ દિવ્ય રચીશું કર્મ.*
*(ધન્ય ધરા)*

કેટલીક બાળકવિતાઓ બાળભાવકોને માણવા માટે સાદ્યંત અઘરી જણાવા સંભવ છે. ઉદાહરણ તરીકે ચાર પંક્તિની આ કવિતા –

વસંત તું પૂર્ણ વસંતરૂપ થૈ,
પ્રફુલ્લજે પૂર્ણ પરાગ-સૌરભે,
પ્રકાશજે પૂર્ણ પ્રકાશથી અને
આનંદજે પૂર્ણ પ્રભુપ્રસાદથી

આવાં વધુ ઉદાહરણરૂપે *આંખ્યું શોધે, ભીતરમાં, પરસ દિયો, રમકડાં, શ્યામ ધરા, જઈએ કયાંના કયાંય* વગેરે રચનાઓ નાણવા જેવી છે. જોકે આવી અઘરી કવિતાઓનું પ્રમાણ અલ્પ છે એ ય ખરું.

બાળકની વય-સહજ રસ-રુચિની મર્યાદાની બહાર જતી બે-ચાર બાળકવિતાઓમાંની ગુર્જર કુંજે કવિતામાંની આ પંકિતઓ બાળચિત્તમાં પ્રશ્નાર્થચિહ્નો ઊભા કરે તેવી છે :

*અહીં અમારા તનધન અર્પ્યાં, પૌરુષપુર સમર્પ્યાં*
*આ જગવાડી સુફલિત કરવા, અમ અંતરરસ અર્ચ્યાં*

સમગ્ર બાળકવિતામાંની કવિતા *આવડી...* આ લયની રીતે ઉત્તમ છે પણ બાલસભામાં રજૂ કરતાં કે ગવડાવતાં બે વાર વિચારવું પડે તેવું છે :

*આવડી આ છોકરીને*
*ઝાઝી ચડાવો નહિ;*
*ખોટી પટાવો નહિ.*
*છાપરે ચડાવી દીધી આટલી!*
*લાડમાં લડાવો નહિ*
*ચોકમાં ચગાવો નહિ*
*ડારી ભગાવો નહિ*
*ખોળે બેસાડો નહિ*
*ક્રોધથી રડાવો નહિ*
*ઊંચી ઉશેટો નહિ*
*ઘરમાં સંતાડો નહિ*
*રાખો કુંવારી નહિ*
*ઝટઝટ પરણાવો નહિ*
*છોકરો મળે તો*
*વિલંબ કરાવો નહિ;*
*વિદાય ટાણે પછી*
*આંસુ બહાવો નહિ.*

બાળકોને ધર્મ-અધ્યાત્મના સંસ્કાર આપવા ઉત્સુક સાધક કવિ સુન્દરમ્‌ના અતિ ઉત્સાહે પણ કેટલીક રચનાઓની બાલભોગ્યતાને અવરોધી છે. જેમ કે, *પ્રસાદ, વિજયા, દશરથનંદસંગ, વાદળથી પરમાત્મા લગી, બબ્બેની કથા, મળશે,* વગેરે. શ્રી અરવિંદ-માતાજી સંદર્ભેની પચીસેક રચનાઓમાંથી

બે-પાંચ રચનાઓ પણ બાળકોને અઘરી પડે તેવી છે. પરંતુ સાથોસાથ ભારતની એ પ્રખર પ્રતિભાઓની ઝાંખી થવી એ જમાપાસું પણ છે. જો કે આ એમની સમગ્ર બાળકવિતા છે અને કોઈપણ સર્જકનું સમગ્ર સર્વાંગસંપૂર્ણ હોય એવો આગ્રહ સેવી શકાય નહીં. સમગ્રનો સંચય અને સંપાદિત સંચયમાં આ ફેર રહેવાનો. (સંપાદકો દ્વારા એવું સંપાદન પણ થઈ શકયું હોત.)

કવિતા અને બાળકવિતા સાથે ઊંડો સંબંધ ધરાવતા આ વિદ્વાન સંપાદકોની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવનાની પણ આપણને અપેક્ષા રહે.

સુધા સુંદરમ્‌ના ઉત્સાહી પ્રયત્નથી સુંદરમ્‌ની બાળકવિતા આપણને સુલભ બની એ ઘટનાનું મૂલ્ય, અલબત, ઘણું છે. ચિત્રકલાકાર નિર્મલ સરતેજોનાં ચિત્રો-રેખાંકનોથી આ બહુરંગી પ્રકાશન આકર્ષક બન્યું છે એ પણ નોંધવું જોઈએ.

સૌભાગ્ય સુંદરી(મૂળશંકર મૂલાણી)–સંપા. દિનેશ ભટ્ટ

અસાઈત સાહિત્યસભા, ઊંઝા, ૨૦૦૫. ડે. ૧૦૪, રૂ.૭૫

## જૂની રંગભૂમિની લાક્ષણિક કૃતિ

**ભાનુપ્રસાદ ઉપાધ્યાય**

આ નાટક વિશે ઘણું વાંચ્યુ-જાણ્યું હતું પણ મૂળ નાટક વાંચવાની જે ઈચ્છા હતી તે અસાઈત સાહિત્ય સભાએ પૂર્ણ કરી. જૂની રંગભૂમિની એક લાક્ષણિક નાટયરચનાનો પરિચય આહ્‌લાદક બન્યો.

નાટકની કથાનો નિર્દેશ કરું નિર્ધન કુટુંબમાં જન્મેલા, સાહસિક ગુણો ધરાવતા નાયક સૌભાગ્ય અને ચાલાક-ચતુર રાજકન્યા સુંદરીની પ્રથમ મુલાકાત એક મેળામાં થાય છે. અચાનક હાથી દોડી આવતાં સૌભાગ્ય જીવના જોખમે સુંદરીને બચાવે છે, બન્ને વચ્ચે પ્રેમ જાગે છે પણ નાયિકાની સાવકી માતા કુમતિ સુંદરીનું લગ્ન પોતાના પિયરના સગા એક મૂરખ આધેડ સાથે ગોઠવે છે. સૌભાગ્ય ગુપ્તવેશ ધારણ કરી સુંદરીના નિવાસે આવી પોતાના જન્મના રહસ્ય સમી વીંટી બતાવી એ લઈ આવનાર સાથે આવજે, એવો સંકેત આપી નાસી છૂટે છે. અને ત્યારબાદ સૌભાગ્યનો મિત્ર માધવ સ્ત્રીવેશ ધારણ કરી. સુંદરીને વીંટી બતાવી મહેલમાંથી લઈ આવે છે. પાછળ સુંદરીના પિતા સુંદરસેન સૈનિકો સાથે આવે છે. થોડી ચકમક ઝરે છે ત્યાં તે પ્રદેશનો રાજા ચતુરસેન સૌને પકડી લે છે. પણ સૌભાગ્ય અને સુંદરીના પરસ્પર પ્રેમને સમજી લગ્ન કરાવી આપવા સલાહ આપે છે. પોતાના સેનાપતિ દુર્મદને નિવૃત્ત કરી એનાપતિસ્થાને સૌભાગ્યની નિમણૂક કરે છે. પોતાનું પદ ગુમાવનાર દુર્મદ પત્ની સુશીલા પાસે સુંદરીની વીંટીની ચોરી કરાવી તે વીંટી ચાલાકીથી માધવને આપી સૌભાગ્યના મનમાં સુંદરી અને માધવ વચ્ચે અનૈતિક સંબંધો હોવાની શંકા ઉપજાવે છે. સૌભાગ્ય પાસે માધવની હથિયાર-ખાનાના ઉપરી તરીકે નિયુકિત કરાવી ગુમાનસિંહ જેવો દુશ્મન ઊભો કરાવે છે. આ ગુમાનસિંહ માધવને મારવાનો પ્રયત્ન કરે છે. દારુ પીવરાવી સૌભાગ્ય સમક્ષ ગુન્હેગાર સાબિત કરે છે પણ દુર્મદની પુત્રી ગુણવંતી એને બચાવી લે છે. શંકાશીલ સૌભાગ્ય, સુંદરીની હત્યાનો પ્રયાસ કરે છે પણ સુંદરી બચી જાય છે અને પુરુષવેશ ધારણ કરી દુર્મદની સઘળી કપટલીલા ઉઘાડી પાડે છે. અને ચતુરસેનની વર્ષો પહેલાં વિખૂટી પડેલી રાણી - કલ્યાણી અને પુત્ર સૌભાગ્ય છે, એ રહસ્યની વીંટીને કારણે જાણ થાય છે. દુર્મદ પસ્તાવો કરે છે. અને 'સર્વે સુખી'નો સંતુ સાથે નાટક પૂરું થાય છે.

મૂળશંકર મૂલાણી આમ તો મુંબઈ ગુજરાતી નાટક મંડળી સાથે જોડાયેલા હતા. તેમના *અજબકુમારી* નાટકની ગોવર્ધનરામ ત્રિપાઠીએ પ્રશંસા કરી હતી. એક સમયે આર્થિક રીતે ભાંગી પડેલી મુંબઈ ગુજરાતી નાટક મંડળી તેમના લખેલા નાટક

વિક્રમચરિત્રની સફળતાને કારણે પગભર થઈ હતી. પરંતુ પછીના સમયમાં માલિકો સાથે મનદુઃખ થતાં તેઓ છૂટા થયા.

એને કારણે *હલામણ જેઠવો*, *સીતાસ્વયંવર*, *નરસિંહ મહેતા*, *બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ*, *શહેનશાહ અકબર* વગેરે નાટકો તથા *શૃંગાર સરોજ*, અને *ભરત નાટ્યશાસ્ત્ર* (ગુજરાતી અનુવાદ) જેવા ગ્રંથોના રચયિતા ધ્રાંગધ્રાના રાજકવિ નથુરામ સુંદરજી પાસે મંડળીના માલિકોએ સૌભાગ્યસુંદરી નાટક લખાવ્યું પરંતુ મૂળશંકરની કલમથી ટેવાયેલા મંડળીના માલિકોને એ ટિકિટબારીની દૃષ્ટિએ ઠીક ન લાગ્યું. આથી મૂળશંકર મૂલાણીને પાછા બોલાવી આ નાટકની પ્રત તેમને આપવામાં આવી. મૂળશંકરભાઈએ તેમાં સુધારા-વધારા કરી એને મંચનક્ષમ, લોકભોગ્ય બનાવ્યું. આ નાટકને મઠારવા મૂળશંકરભાઈએ કેટલાંક સંસ્કૃત નાટકોની અસરો સાથે શૅક્સ્પિયરનાં નાટકોનો છૂટથી ઉપયોગ કર્યો છે.

નાટક ત્રણ અંકમાં વિભાજિત છે : પહેલા અંકમાં સાત, બીજા અંકમાં નવ અને ત્રીજા અંકમાં સાત દશ્યો છે. નાટકના આરંભે મુકાયેલી સૌભાગ્ય અને સુંદરીની પ્રણયકથા આમ તો બીજા અંકના પહેલા પ્રવેશમાં પૂરી થઈ જાય છે. જ્યાં રાજા ચતુરસેન, સુંદરીના પિતા સુંદરસેનને સમજાવી સૌભાગ્ય-સુંદરીના લગ્ન માટે સંમત કરે છે. પણ સાથે સાથે પોતના સગા અને વર્ષોના અનુભવી એવા દુર્મદને નિવૃત્ત કરી, સૌભાગ્યને સેનાપતિ પદ સોંપી એ જ પાત્રો સાથેની બીજી કથાનો પ્રારંભ કરી આપે છે. આ બીજી કથામાં શેક્સ્પિયરના *ઓથેલો* નાટકની માત્ર અસર કે છાયા નહીં પણ આખે આખા કથાનકનો છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે *સૌભાગ્યસુંદરી* નાટકની બીજા અંકે આરંભાતી કથા એટલે *ઓથેલો* નાટકનું ગુજરાતી રૂપાંતર. આ કથામાં સૌભાગ્ય તે ઓથેલો, સુંદરી તે ડેઝડિમોના, દુર્મદ તે ઈયાગો, દુર્મદની પત્ની સુશીલા તે એમિલિયા, માધવ તે કેસીયો, ગુમાનસિંહ અને સરવરખાન જમાદાર તે રોડરીગો. આખી કથા એની એ જ પણ અંત કરુણ નહીં. અહીં સૌભાગ્ય દ્વારા સુંદરીની હત્યાનો પ્રયાસ તો થાય છે. પણ ગુજરાતી પ્રેક્ષકની પસંદગીને ધ્યાને લઈ સુંદરીને બચાવી લેવાઈ છે. ત્રીજા અંકમાં સુંદરી સોહામણા પુરુષનો વેશ ધારણ કરી, સૌભાગ્યને બચાવવા મરચંટ ઑફ વેનીસની વકીલ બનેલી પોર્શિયા, અને દુર્મદની પુત્રી ગુણવંતી માટે ટ્વૅલ્થ નાઈટની (ઓલીવિયા જેના પ્રેમમાં પડે છે) સીઝારીયો બનેલી વાયેલી, એમ બેવડી ભૂમિકા ભજવે છે. પુરુષ વેશ સજીને–સૌભાગ્ય, રાણી કલ્યાણી તેમજ પોતાની જાતને નિર્દોષ સાબિત કરી, દુર્મદની કપટલીલા ઉઘાડી પાડતી સુંદરી, ભાવકને ડાહ્યાભાઈ ધોળશાજીના નાટક 'ઉમાદેવડી'ની ઉમાની યાદ અપાવે છે.

અત્યારે જેમ કેટલીક સફળ હિન્દી ફિલ્મોમાં હોલીવૂડની ફિલ્મોમાંથી ઉઠાંતરી કરેલી હોય છે તેમ તે સમયની ધંધાદારી રંગભૂમિના નાટ્યકારો તથા માલિકોનું હોલીવૂડ શેક્સસ્પિયરનો નાટકો હતાં.

'સૌભાગ્યસુંદરી'માં સંસ્કૃત નાટકોની પણ કેટલીક અસર ઝીલવામાં આવી છે. પ્રથમ અંકના પ્રથમ દશ્યમાં મેળામાં ધસી આવેલા હાથી આગળ જઈ સૌભાગ્ય સુંદરીને બચાવે છે. તે પ્રસંગ ભાસના *અવિમારક* નાટકના પ્રથમ દશ્યમાં નાયક અવિમારક નાયિકા કુરંગીને હાથીથી બચાવે છે તેની સાથે સરખાવી શકાય. આગળ જતાં સૌભાગ્યના સાહસ પછી બન્ને એકમેકના પ્રેમમાં પડે છે, તે પણ *અવિમારક*નો જ પ્રસંગ. ત્યારબાદ મેળામાં મળેલા સૌભાગ્યથી છૂટા પડવું સુંદરીને વસમું લાગે છે, જેમ કે *વિક્રમોર્વશીય* નાટકમાં કેશી રાક્ષસ પાસેથી છોડાવ્યા બાદ હેમકૂટ પર્વત પરથી પુરુરવાની વિદાય ઉર્વશીને વસમી લાગે છે.

વીંટી આ નાટકની એક મહત્ત્વની કડી છે. સંસ્કૃત નાટકો *અભિજ્ઞાનશાકુંતલમ્* અને *મુદ્રારાક્ષસ*માં સર્જનાત્મક – રીતે મુદ્રા (વીંટી)નો ઉપયોગ થયો છે. *માલવિકાગ્નિમિત્રમ્* નાટકમાં પણ વિદૂષક આવી જ રીતે મુદ્રાના ઉપયોગથી માલવિકાને નજરકેદમાંથી છોડાવી લાવે છે. આ નાટકમાં લેખકે

વીંટીનો આશ્રય લઈ કથાને કેટલાક વળાંકો આપ્યા છે. પહેલી વખત જ્યારે વીંટી પ્રદર્શિત થાય છે ત્યારે સૌભાગ્યના જન્મના કોઈક રહસ્યનો સંકેત આપે છે. આ જ વીંટીનો આધાર લઈ માધવ સુંદરીને મહેલની બહાર લઈ આવે છે. આ વીંટીનો ગેરલાભ લઈ દુર્મદ સૌભાગ્યના માનસમાં શંકાનું બીજ નાખે છે અને આજ વીંટી ચતુરસેનને વર્ષો પહેલાં ગુમાવેલ રાણી અને રાજકુમાર મેળવી આપે છે. આમ સંસ્કૃત નાટકોની કેટલીક અસર ઝીલી, શેક્સ્પિયરના પ્લોટ અને પાત્રોનો સંભાર ઉમેરી બનાવેલું આ ચટપટું ચવાણું તે સમયના ગુજરાતી પ્રેક્ષકને ભાવતું હતું! આજની ટી.વી. સિરિયલ્સની જેમ!

પાત્રોનાં ગુણ પ્રમાણે નામ રાખવાની પ્રથા તે સમયે હતી. રણછોડભાઈ ઉદયરામના *લલિતાદુઃખદર્શક* નાટકમાં દંભરાજ, કર્કશા, કજિયાભાઈ, છળદાસ, કુભાંડી જેવાં પાત્રો છે. ડાહ્યાભાઈ ધોળશાજીનાં નાટકોમાં પણ પાત્રોને આ રીતે નામો આપવામાં આવ્યાં છે. ગોવર્ધનરામના *સરસ્વતીચંદ્રનાં* આવા પાત્રોને આપણે જાણીએ છીએ. *સૌભાગ્ય સુંદરી* નાટકમાં કુમતિ, દુર્મદ, સુશીલા, ગુણવંતી, સુંદરી વગેરે પાત્રોને સ્વભાવગત લક્ષણો અનુસારનાં નામો આપ્યાં છે. પણ નાટકનો ચતુરસેન ચતુર જણાતો નથી. બીજા અંકના પ્રથમ પ્રવેશમાં સૌભાગ્યને ગુન્હેગાર ગણી સજા જાહેર કરે છે. પણ સુંદરીના એક ગાનથી પલળી જઈ તે લગ્ન માટે સંમત થાય છે, એટલું જ નહીં પોતાના સ્નેહી અને વર્ષોના અનુભવી દુર્મદને નિવૃત્ત કરી અજાણ્યા એવા સૌભાગ્યને એકાએક સેનાપતિ જેવો મહત્ત્વનો હોદ્દો આપે એ વાત સહેજ ખટકે જરૂર છે.

પ્રથમ અંકમાં સુંદરીના માતાપિતાને, ડાહ્યાભાઈ ધોળશાજીના નાટક *વીણાવેલી*માં વીણાના માતાપિતા (રથસિંહ અને રાણી) સાથે સરખાવી શકાય. ઓઘડનો મેળામાં પ્રવેશ *મૃચ્છકટિક*ના શકાર જેવો જણાય છે. પ્રથમ અંકનાં રાણી કુમતિ અને ઓઘડ જેવાં ખલ પાત્રો આગળ જતાં વિકાસ પામશે એમ જણાય છે. પ્રથમ અંકના છઠ્ઠા પ્રવેશમાં સુંદરી સૌભાગ્ય સાથે નાસી ગયાના સમાચાર જાણી ગુસ્સે થઈ રાણી કુમતિ એવો સંવાદ બોલે છે કે 'તારા હાલહવાલ કરીશ. તને પગલેપગલે પીડીશ, ડગલે-ડગલે દુઃખ દઈશ અને એવું કરીશ કે તું જીવીશ ત્યાં સુધી સાલશે.'

આ સંવાદથી સુંદરી સાથે રાણીનો સંઘર્ષ ઘેરો બનશે એમ લાગે પણ આ સંવાદ રાણીનો છેલ્લો સંવાદ બને છે. આ સંવાદ પછી લેખકે રાણી કુમતિ અને ઓઘડના પાત્રો સમેટી લીધાં છે.

આ નાટકનું જમાપાસું તે તેનાં ગીતો અને સંવાદો પહેલા અંકમાં તેર, બીજા અંકમાં બાર અને ત્રીજા અંકમાં ચૌદ મળી કુલ ૩૯ ગીતો છે. જેમાંનાં કેટલાંક ગીતો પ્રયોગો દરમ્યાન વન્સમોર થતાં હતાં. સંસ્કૃત નાટકોની જેમ નાન્દી ડાહ્યાભાઈ ધોળશાજીનાં નાટકોમાં જોવા મળે છે. આ નાટકમાં નાન્દી તો નથી પણ પહેલા અંકમાં બ્રાહ્મણો દ્વારા ગવાતી ભુવનેશ્વરીની આરતી નાન્દીની ગરજ સારે છે.

નટીઓ દ્વારા ગવાતા, શૃંગાર રસનું વહન કરતા ગીત – *'પિયુ બાંધો પૂરા પ્યારે સતી થાશો સુખી ત્યારે'* માટે બિહાગ રાગ સૂચવેલ છે જે યથાયોગ્ય છે. નાટકમાં સુંદરી દ્વારા ગવાતા *'ચાલો સહેલી ભૂવનેશ્વરીના દર્શન કરીએ'*, *'જામે જયમ જયમ જમીન જામે રસ ઝણકાર'* અને *'પહેરી ચોળી લટકાં મટકાં કરતાં આવ્યાં, રંગબોળી સાડી ઓઢી મન લોભાવ્યાં'* વગેરે ગીતો માટે સૂચવેલ માઢ રાગ સુંદરીની ચંચળતા અને ચતુરાઈ દર્શાવે છે. સૌભાગ્ય સાથેનું સુંદરીનું ગીત *'ઓ મનહર ચતુર..... ચિત ના ચોર છો'*, અને સૌભાગ્ય દ્વારા ગવાતા ગીત *'કરે દષ્ટિ દીવાની મારી વાટ જોઉં નિહાળી'* માં દેશ રાગ સૌભાગ્યની વીર નાયકની મુદ્રા ઉપસાવે છે.

બીજાં કેટલાંક સખીઓ સાથેનાં વૃંદ ગીતો માટે કેરવા તાલ અને હિંચ સૂચિત કર્યા છે, જેથી રાસ ગરબામાં ઢાળી નાટકને લોકભોગ્ય બનાવી શકાય.

મૂળશંકર મૂલાણીની સંવાદયોજના તે સમયના પ્રેક્ષકોને લાગણીતરબોળ કરી મૂકે તે પ્રકારની છે. ભાષા આમ સરળ છતાં કેટલાક અંશે અલંકૃત છે

જેમ કે –

*સૌભાગ્ય : તને સુખી કરવા મારી પાસે દમડી પણ નથી.*

*સુંદરી : દમડી તો ગુલામ છે. પૈસો પાયમાલીનું મૂળ છે. શું હું પૈસાને પરણી છું ? ના, ના મારા આધાર, હું તો આપને વરી છું. આપ જ્યાં હશો ત્યાં મને આનંદ છે. આપની સાથે જંગલમાં પણ આનંદ માનીશ વેરાનમાં પણ વસ્તી સમજીશ. મને તરછોડી ન જશો. આ પૈસાની ચિતા પર સુવાડી ન જાશો.(૩૫)*

*સૌભાગ્ય : શૃંગારી ઉપમાઓને તો સ્ત્રીઓ જ લાયક છે.*

*સુંદરી : ત્યારે વીરરસની ઉપમાઓને આપ લાયક ખરાને? હે અતિશૂરા, બહાદુર પૂરા, અરિ હણવામાં નથી અધૂરા, કેસરી જેવા કરો પરાક્રમ, જાહીર જયના અભિનવ ઉત્તમ હદ, રાજપૂત મહા છો હીરા ધીરા, મુજ દિયરના વીરા. લ્યો, મને પણ આવડી કે ન આવડી? (પૃ. ૪૯)*

મૂળશંકર મૂલાણી 'સત્યવક્તા' સાપ્તાહિકનું તંત્રીપદ છોડી મુંબઈ ગુજરાતી નાટક મંડળીમાં આવ્યા, અને નાટકની નકલો સુધારવાની કામગીરી સ્વીકારી, ત્યાર પછી તેમની લેખક તરીકેની કારકિર્દી આ મંડળીમાં જ ઘડાઈ. મૂલાણી તે સમયની પરિચિત 'મંચનયુક્તિ' (Stage Technique) અને પડદાવાળી દશ્યરચનાથી પરિચિત હતા. ગુજરાતી રંગભૂમિના લેખકો તે સમયે નાટક કંપનીમાં પગારથી જોડાયેલા રહેતા. આથી પોતાની કંપનીનાં વસાવેલાં ઉત્તમ દશ્યોના પડદાઓની જાણકારી રાખી તે મુજબનાં દશ્યોનું આયોજન કરતા હોવાનો સંભવ ખરો. મૂળશંકરભાઈએ નાટકમાં દશ્યો (Locations) માં વૈવિધ્ય લાવવાના ઉત્તમ પ્રયાસો કર્યા છે તે આ નાટકનું જમા પાસું છે.

આમ ભેળસેળિયું કથાવસ્તુ, છતાં તેના લાગણીભીના સંવાદો, કર્ણમધુર ગીતો, મનોહર દશ્યરચના અને તે સમયના જયશંકર ભોજક (સુંદરી) બાપુલાલ નાયક (સૌભાગ્ય), મા. મોહન લાલા (માધવ) જેવા ઉત્તમ નટોના ઉત્કૃષ્ટ અભિનયે આ નાટકને લોકપ્રિય બનાવ્યું હતું.

દિનેશ ભટ્ટે મૂળશંકર મૂલાણી વિશે પીએચ.ડી. કર્યું છે ને એ અભ્યાસનો લાભ આ સંપાદનને મળ્યો છે – એમાંના અભ્યાસલેખમાં તથા અંતે આપેલી મૂલાણીનાં નાટકોની સૂચિમાં પણ એ જોઈ શકાય છે.

---

## બાળસાહિત્ય : સ્વરૂપ અને સર્જન – રતિલાલ નાયક
## બાળસાહિત્ય : વિચાર અને વિમર્શ – ઇશ્વર પરમાર

ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૪. ક્રા.૧૩૬, રૂ. ૮૦ પ્ર. લેખક, રાજકોટ, ૨૦૦૪;
વિ. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ. ડે.૧૧૨, રૂ. ૭૦

શ્રદ્ધા ત્રિવેદી

ગુજરાતી બાળસાહિત્યકારોની એક ફરિયાદ સતત રહેલી છે કે, ગુજરાતી બાળસાહિત્ય વિવેચકો દ્વારા ઉપેક્ષાયેલું ક્ષેત્ર છે. અલબત્ત, સાહિત્યસભાની કાર્યવહીઓમાં તેનું અવલોકન થાય છે, સાહિત્ય પરિષદ કે અકાદમી દ્વારા અવારનવાર આ સંદર્ભે જુદાજુદા અભિગમોથી પરિસંવાદો યોજાયા છે, કેટલાંક સામયિકોએ ક્યારેક વિશેષાંકો કાઢ્યા છે. છતાંય સાહિત્યનાં અન્ય સ્વરૂપોની સરખામણીમાં બાલસાહિત્ય વિવેચકો દ્વારા ઉપેક્ષાયેલું છે એ હકીકત છે. ગિજુભાઈ, મૂળશંકરભાઈ વગેરેએ કેટલીક સૈદ્ધાંતિક વિચારણા કરી હતી. પરિષદ-પ્રમુખોએ કયારેક ચિંતા કરી છે. આ ક્ષેત્ર ચિંતન માગી લે તેવું છે. બાળકેળવણી અને બાળસાહિત્ય – આ બાબતો એ સમાજનો પણ પ્રશ્ન છે. બાળકના યોગ્ય ઉછેર-ઘડતર માટે સૌએ ચિંતન-મનન કરવું જોઈએ એ બાળસાહિત્ય અને સમાજના હિતમાં છે – તેવું

વિચારકોને અવારનવાર લાગ્યું છે એ આનંદની વાત છે. આજે શિક્ષણધર્મી બાળસાહિત્યકારો દ્વારા કેટલુંક વિચારપૂર્ણ કાર્ય થયું છે – તે શુભસંકેત છે. ભારતી ઝવેરી અને શ્રદ્ધા ત્રિવેદીએ કેટલુંક સંશોધનાત્મક કાર્ય કરી, એક ભૂમિકા તૈયાર કરી છે. યશવંત મહેતા બાળસાહિત્ય અકાદમી નિમિત્તે કંઈક કરતા રહ્યા છે. ૨૦૦૪ની સાલમાં જ બાળસાહિત્ય-સંદર્ભે ત્રણ ગ્રંથો મળે છે : અહીં જેની સમીક્ષા રજૂ કરું છું એ બે પુસ્તકો ઉપરાંત સદ્‌ગત મોહનભાઈ શં. પટેલનું 'ગુજરાતી બાળસાહિત્ય દર્શન અને દિશા' પણ પ્રગટ થયેલું છે. એની ચર્ચા ફરી ક્યારેક.

**બાળસાહિત્ય : સ્વરૂપ અને સર્જન**

**– રતિલાલ નાયક**

આ ગ્રંથમાં આઠ લેખો છે. એમાં પ્રથમ જ લેખ છે : 'બાળસાહિત્યની ઐતિહાસિક રૂપરેખા.' ગુજરાતી બાલસાહિત્ય ઘણું સમૃદ્ધ છે. છતાંય માત્ર ૩૨ પાનામાં તેનો સઘન પરિચય કરાવ્યો છે. ગિજુભાઈના સમયમાં થયેલો બાલસાહિત્યનો વિકાસ અને ૧૯૬૦ પછીનો તેનો વિકાસ, વિકાસ કરતાં પ્રસાર, જોઈએ તો લાગશે કે બાલસાહિત્ય રાંક નથી. અલબત્ત, કાવ્ય અને વાર્તા એ ક્ષેત્રો વધુ સમૃદ્ધ છે. ૧૯૨૧થી ૧૯૪૦ સુધી તો એનો સુવર્ણકાળ જ હતો. રતિલાલ નાયક પોતે જ બાળસાહિત્યના સારા સર્જક છે. વળી હાડે શિક્ષક અને કોશકાર્યનો બહોળો અનુભવ. સર્જકતા અને ચોકસાઈ બંનેનો આ લેખમાં અને ગ્રંથમાં પરિચય થાય છે આ લેખમાં તેમણે ગુજરાતી સાહિત્યના યુગો પ્રમાણે સ્વરૂપકેન્દ્રી વિકાસ આલેખ્યો છે. પ્રથમ વાત સ્વાભાવિક રીતે જ બાળકાવ્યની આવે. સુધારક યુગથી સાંપ્રત સમય સુધીના કર્તાઓની વિશિષ્ટ કૃતિઓનાં ઉદાહરણો આપીને વાત મૂકી છે. લેખકે બાળકવિતાના પ્રારંભ વિશે કહે છે : 'નરસિંહ મહેતાએ ઓ પેલો ચાંદલિયો, આછા મુને રમવાને આલો, નક્ષત્ર લાવીને મા! મારા ગજવામાં ઘાલો' અને 'ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી', જેવાં બાળગીત લખ્યાં ત્યાંથી એનો આરંભ મૂકી શકાય (પૃ.૧) પણ આ વાત સર્વસ્વીકાર્ય બની ન પણ શકે. પણ એ પછીની વાત સાથે સૌ સંમત થઈ શકે. 'સુધારાયુગમાં દલપતરામને પાઠ્યપુસ્તકો રચવાની કામગીરી લેવી પડી અને તે નિમિત્તે આપણને કેટલાંક બાળગીતો પણ મળ્યાં' (પૃ.૨) ગિજુભાઈની વાત કરતાં નરહરિપ્રસાદ ભટ્ટે કહેલી વાત ટાંકી છે : 'સારા બાળગીતમાં ઘરેલુ તળપદા શબ્દો અને અકૃત્રિમતા સાથે ઊંચી કલ્પનાનો મેળ બેસાડવાની લોકસાહિત્યની ક્ષમતા' જોઈએ – એ બાબત સૌ બાળગીતકારોએ અંકે કરી લેવા જેવી છે.

તેમણે મહત્ત્વના બધા કવિઓના સંગ્રહો તથા બાળકાવ્યોના થયેલા સંચયોની વાત ઝડપથી છતાં જે તે સંગ્રહ કે સંપાદનની લાક્ષણિકતા સાથે કરી છે. આ લેખ ઘણો માહિતીસભર થયો છે. ખાસ કરીને બાળકાવ્યોના સંચયો વિશે ઘણું નવું જણાવ્યું છે. ૧૯૮૦ સુધીનો એક સીલસીલાબંધ ઇતિહાસ અહીં રજૂ થયો છે. ગીતો, કથાગીતો, બાલકથા, નાટક, ચરિત્ર વિશે સંશોધિત અને શ્રદ્ધેય માહિતી આપ્યા બાદ ગુજરાતી બાલસાહિત્યના સંદર્ભે જે વિવેચનાત્મક કાર્ય થયું છે તેની અને બાળસામયિકો વિશે વિશદ નોંધ કરી છે. કોઈ અભ્યાસીને બાલસાહિત્યના કોઈ પણ સ્વરૂપ સંદર્ભે શોધકાર્ય કરવું હોય તો આ લેખ એક સંદર્ભગ્રંથની ગરજ સારે તેવો છે. લેખકે જુદાજુદા સ્વરૂપની ચર્ચા કરતી વખતે અન્ય મહાનુભાવોની ટકોરો–ટીકાઓ પણ સાથે વણી લીધી છે. તેથી બાળસાહિત્ય કેવું હોવું જોઈએ, વિદ્વાનો-કેળવણીકારોની શી અપેક્ષાઓ છે, આપણે ત્યાં શું ખૂટે છે તેનો ચિતાર મળી રહે છે. સમગ્રતયા બાળસાહિત્ય-સંદર્ભે આ લેખ આપ્યા પછી તેમણે બાળવાર્તા, તેની શૈલી, બાલનાટકનું સ્વરૂપ અને વિકાસ, બાળચરિત્રો, બાળશબ્દકોશ, વગેરે વિશેના લેખોમાં તેની નિરાંતે ચર્ચા કરી છે. એ વાંચવાથી ગુજરાતી બાળસાહિત્યના મહત્ત્વના પ્રકારો તેની સમૃદ્ધિ તેની વિશેષતાઓ અને ઉણપો - એ સર્વનો ખ્યાલ ભાવકને મળી શકે. વાર્તાના કથ્યવાર્તા અને લેખી વાર્તા એમ બંને પ્રકારો વિશે જણાવ્યા બાદ તે કહે છે : 'સંવાદ દ્વારા નાટકી તત્ત્વની માવજત અને

વર્ણન દ્વારા વિવિધ ચિત્રો ઉપસાવી શ્રોતાને રસ-તરબોળ કરવાનું કૌશલ કથ્ય અને લેખી બંને વાર્તાઓમાં લગભગ સમાન હોય છે' (પૃ. ૪૫) વયાનુસારી વાર્તાલેખન માટે કેટલા શબ્દો જરૂરી છે તે તેમણે સ્વાનુભવથી બતાવ્યું છે. કવિતા, વાર્તા, નાટક કે ચરિત્રની ચર્ચા આ બધે સ્થળે સોદાહરણ કરી હોવાથી જે માહિતી મળે છે તે આસ્વાદ્ય બની રહી છે. બાળનાટકની અગત્ય દર્શાવવા તેમણે નવથી દસ કારણો ગણાવ્યાં છે. એ જ રીતે બાળનાટકના વિષયવસ્તુ, પાત્રાલેખન, સંવાદ, રજૂઆત, પ્રયોજન આદિ ઘટકોની વિગતે વાત કરી, સ્વરૂપલક્ષી ઉત્તમ ચર્ચા કરી છે. ગુજરાતી બાળચરિત્ર-સાહિત્ય કેટલું સમૃદ્ધ છે તે જાણવા આ લેખ જોવો જોઈએ. એવો જ જ્ઞાનપ્રદ-માહિતીપ્રદ લેખ છે, શબ્દકોશ વિશેનો. 'સહજસુંદર બાળકવિતાના કવિ' લેખમાં ત્રિભુવન વ્યાસની કવિત્વશક્તિને, કવિની કાવ્યપંક્તિઓ ટાંકીને બિરદાવી છે. ત્રિભુવન વ્યાસ શા માટે સાચા બાલકાવ્યકર્તા છે તે બહુ હૃદયંગમ રીતે આલેખ્યું છે. 'રમણલાલ નાનાલાલ શાહની બાળસાહિત્યસેવા' એ છેલ્લા લેખમાં ર. ના. શાહના વ્યક્તિવત્ત્વની સંપૂર્ણ ઝાંખી કરાવી, એમના પરિશ્રમભર્યા જીવનનો પરિચય આપી, તે કેવા ઉમદા બાળસાહિત્યકાર હતા તેનો વાચકને ખ્યાલ આપ્યો છે. અત્રે તેમણે બહુ સરસ રીતે નોંધ્યું છે કે ગિજુભાઈ અને તેમના સાથીદારોને બાલસાહિત્યના મૂલ્યની જે સમજ મળી ને તેમણે જે કર્યું, ચઢિયાતું કામ એકલે હાથે ર. ના. શાહે કર્યું હતું.

આમ સર્જન, સંપાદન અને વિવેચન એ ત્રણેય પ્રક્રિયામાંથી પસાર થયેલા આ પુસ્તક દ્વારા ગુજરાતી બાળસાહિત્યનું એક સાચું નરવું-ગરવું ચિત્ર રજૂ કર્યું છે.

**બાળસાહિત્ય : વિચાર અને વિમર્શ**
**ઇશ્વર પરમાર**

અહીં વિષયને તપાસવાનો અભિગમ બદલાયો છે. આ અને ઉપર્યુકત પુસ્તક બંનેએ જાણે કે પૂરક કાર્ય કર્યું છે. પ્રસ્તુત પુસ્તક બે ભાગમાં વહેંચાયેલું છે. પહેલો ખંડ છે 'વિચાર', બીજો ખંડ છે 'વિમર્શ'. બંનેમાં દસ-દસ લેખ છે. બાળવાર્તાનું બળ, બાળસાહિત્યમાં વસ્તુ, બાળસાહિત્યમાં ચિત્ર વગેરે વિશે વાત કરી છે. કેળવણીનો એક હેતુ વિદ્યાર્થીને વિચાર કરતો કરવાનો છે. ઈશ્વર પરમાર શિક્ષણ મહાવિદ્યાલયમાં અધ્યાપક હોવાથી પ્રથમ પોતે જ વિચારે છે – બાળકો-વિદ્યાર્થીઓ માટે વિચારે છે અને સાથે તેમને પણ વિચારતા કરે છે.

આ પુસ્તકના દરેક લેખની નીચે ગુજરાતી, ભારતીય અને પરદેશી વિદ્વાનો-અભ્યાસીઓનાં મંતવ્યો ટાંકયાં છે. લેખને અનુરૂપ આ વિધાનો પણ ઘણાં મૂલ્યવાન છે. અહીં કોઈ ઐતિહાસિક અભિગમથી કામ થયું નથી, તેવું કરવાનો લેખકનો આશય પણ નથી. પણ બાળસાહિત્યની પાયાની બાબતો જેવી કે, વસ્તુ, ચિત્ર, શૈલી, રજૂઆત, બાળકો સાથે માતાપિતા મિત્રો કે શિક્ષકોનું વર્તન, આદિ વિશે મૂલગામી, તર્કબદ્ધ ચર્ચાવિચારણા થઈ છે. પ્રથમ લેખનું શીર્ષક છે : 'બાળવાર્તાનું બળ' આપણને થાય આ 'બળ' શું ? અહીં બાળવાર્તાની કોઈ સ્વરૂપલક્ષી વાત નથી. પણ લેખકે સાંપ્રત સમાજ અને સમયના સંદર્ભમાં વડીલોને ચેતવણી આપી છે. બાળકોને જોઈએ છે ઘરનાંઓનો સમય, જે મોટાંઓ પાસે નથી. અતિ મોંઘાં ભૌતિક સાધનો, રમકડાં કે અન્ય વસ્તુઓ બાળકને આપવા કરતાં 'સમય' આપવો એ વધુ મહત્ત્વનું છે. તે લખે છે : 'બાળકને પેલું બધું ભલે વહેલું–મોડું મળે પણ એમની મૂળભૂત માંગ છે : અમને સમય આપો! અમારા માટે સમય ફાળવો! પોતાનાં બાળકો માટે સમય ન આપી શકતા વડીલોનાં બાળકો એક અર્થમાં અનાથ જ ગણાય' (પૃ. ૯). બાળવાર્તા માટે તે કહે છે : 'બાળવાર્તા એ બાળક માટે સાહિત્યજગતનું પ્રવેશદ્વાર છે.' (પૃ.૧૦) બાળવાર્તા પોતે જ એક સબળ સાધન છે. તેનો ઉપયોગ થાય તે જરૂરી છે. એ પછીના બે-ત્રણ લેખોમાં બાળસાહિત્યના વિષયવસ્તુ વિશે તેમણે ખૂબ દૂરનો વિચાર કર્યો છે. ભવિષ્યમાં બાળકની શી સ્થિતિ હશે તે વિચાર્યા બાદ તે સમયના સંદર્ભમાં તે લખે છે : 'આવતા સમયમાં વધુ ઝડપી અને સંકુલ થનારા

જીવનમાં માનસિક તાણનું વધતું પ્રમાણ આપઘાત તરફ પણ દોરી શકે છે. આથી તાણમુક્તિ માટે હલકી અને હાનિકારક પ્રવૃત્તિમાં બાળકને જોડાતું રોકવા માટે વિચારવું રહ્યું. તેમને આનંદભેર સ્વસ્થ જીવન જીવવાની પ્રેરણા આપે તેવા બાળસાહિત્યની આવનારા સમયમાં વિશેષ જરૂર રહેશે. ધ્યાન અને યોગ માટે ભૂમિકા રચી આપતું બાળસાહિત્ય એ આવનારા સમયની માંગ છે.' (પૃ.૧૪) તેમ જ 'આવનારો સમય માનવમાં સમાજલક્ષિતાની માંગ કરનાર છે. આ વખતે એવા બાળસાહિત્યની અપેક્ષા રહેશે કે જેનું સેવન કરીને બાળક સમાજના ઉપકારો જાણીને સમાજ-અભિમુખ બને અને રહે. અન્યથા માનવ દ્વારા માનવના શોષણની સમસ્યા વકરતી જવાની છે' (પૃ.૧૫) વાર્તાની ગૂંથણી સંદર્ભે તે કહે છે : 'તર્કબદ્ધ આયોજના કરીને પસંદ કરેલા વસ્તુને રસાળ વાર્તારૂપે ઢાળવું તે વસ્તુગૂંથણી છે. સફળ વસ્તુગૂંથણી કરવાથી વેરવિખેર વાર્તા-વસ્તુમાંથી ચોક્કસ આકૃતિ ઊપસી આવે છે, સુંદર ભાત ઊપસી આવે છે.' (પૃ.૧૯). આ માટે બાળમાનસને જાણવું અનિવાર્ય છે. બાળસાહિત્યના લેખનમાં કોઈ લાંબી ભૂમિકા ન કરતાં, પાત્ર કે કથામાં સીધો પ્રવેશ બાળકોને વધુ ગમે છે – તેવો તેમનો વિચાર આપણા સૌના અનુભવને લીધે સ્વીકાર્ય બની રહે છે. એ જ રીતે બાળસાહિત્યમાં ચિત્રાંકનો માટે તેમણે સચોટ વાત મૂકી છે : 'ભલે મોંઘું પડે તોયે દૂધ તો ચોખ્ખું જ જોઈએ તેમ બાળસાહિત્યનું પુસ્તક વ્યાજબી મોંઘુ થાય તો પણ ચિત્રાંકિત જ જોઈએ' (પૃ. ૨૮) ગુજરાતી સાહિત્ય પરિષદનાં જ્ઞાનસત્રોમાં બાળસાહિત્યનું સરવૈયું થાય છે, તે નિમિત્તે તેમણે કરેલું ૧૯૯૨-૯૩નું અને ઈ.સ. ૨૦૦૦-૨૦૦૧નું સરવૈયું અહીં મૂકયું છે. આ બંને લેખો દ્વારા તેમની રમતિયાળ છતાં સચોટ કથનશક્તિનો અને નિર્ભીક વિવેચનશક્તિનો પરિચય થાય છે. બંનેનાં શીર્ષકો જ જુઓ : 'ફરી જાગતું બાળસાહિત્ય' (એટલે શું એ પહેલાં એ ઊંઘતું હતું?) અને 'ધડ અને માથું ધીંગાં છે પણ...' આ 'પણ' સૂચક છે. આ લેખને અંતે તેમણે જે ટીકા કરી છે તે સૌએ સમજવા જેવી છે. 'કેટલાંક પુસ્તકો પર 'બાળક અને નવસાક્ષર બંનેને ઉપયોગી' એવી નોંધ જોતાં એમ કહેવાનું મન થઈ આવે છે કે પપ્પાની ચડ્ડીને પોયરાના પાટલૂનમાં કેમ ખપાવી શકાય? બાળસાહિત્યમાં અંગ્રેજી શબ્દોનો અ-કારણ વધુ પડતો ઉપયોગ કરીને 'ગુજલિશ' ભાષાની ફેશનમાંથી બાળકોને બચાવવાં જરૂરી છે.'(પૃ.૫૩) મોહનભાઈ શં. પટેલ અને હરીશ નાયક વિશેના લેખોમાં એ બંને લેખકોની બાળસાહિત્ય સાથેની નિસબત ઈશ્વર પરમારે બહુ સરસ રીતે દર્શાવી છે. પણ તેમનો સાચો પરિચય તો થાય છે 'મન મનની વાત'માં. આકાશવાણી સાથેની તેમની આ પ્રશ્નોત્તરી સાચા અર્થમાં તેમના 'વિચારો' વ્યકત કરે છે અને આ વિભાગને અપાયેલું શીર્ષક સાર્થક કરે છે.

'વિમર્શ' વિભાગમાં પણ દસ લેખ છે. એમાં તેમણે કેટલીક રચનાઓની ચર્ચા/સમીક્ષા કરી છે. 'બાળસાહિત્યક્ષેત્રનું પાથેય' લેખમાં મોહનભાઈ પટેલની વ્યથા, વેદના અને અપેક્ષા, તેમનાં વિધાનો ટાંકીને વ્યકત કરી છે. આ સિવાયના નવ લેખોમાં સમીક્ષાવિષય કોઈ બાળચરિત્ર છે, કોઈ નાટકસંગ્રહ છે, વાર્તાસંગ્રહ છે, સંપાદન છે અને અધ્યયનગ્રંથ પણ છે. આ દરેક કૃતિમાં રજૂ થયેલા વસ્તુની, વિચારની, તેની માવજતની, તેની બાળભોગ્યતાની તેમણે ઝીણવટપૂર્વક તપાસ કરી છે. અને જે અયોગ્ય લાગ્યું છે તે બતાવ્યું પણ છે જેમ કે, એક સ્થળે તે લખે છે : 'બમ્પર ડ્રો લોટરીની ટિકિટ જેવા નિર્દેશ હવે વીંટી લેવા જેવા કહેવાય' કે ''જે જે બાળા'ની નોંધપોથીમાં એક ફકરો સત્તાવીસ લીટીનો છે જે બાળવાચકો માટે બહુ મોટો ગણાય.'

આમ હાડે શિક્ષક એવા બે બાળસાહિત્યકારો પાસેથી એકદમ નજીકના સમયમાં સંદર્ભગ્રંથ જેવાં બે પુસ્તકો પ્રાપ્ત થાય છે તે બાળસાહિત્યની જીવંતતાની નિશાની છે. અલબત્ત, ગુજરાતી ભાષાના વિવેચકો હજી બાળસાહિત્યને આત્મીય ગણતા નથી. પણ રતિલાલ નાયકે અને ઈશ્વર પરમારે બાળસાહિત્ય વિશે જે ચર્ચા કરી છે તેથી વિવેચનની

એક નક્કર ભૂમિકા જરૂર બંધાઈ છે. રતિલાલ નાયકે સ્વરૂપલક્ષી અને ઐતિહાસિક અભિગમથી વાત વધુ કરી તો ઈશ્વર પરમારે સર્જન વિશે વધુ વિચાર-વિમર્શ કર્યો. આ બંને પુસ્તકો વાંચ્યા બાદ ગુજરાતી બાળસાહિત્યની વ્યાપકતા, વિશેષતા અને મર્યાદાનો વાચકને પૂરો ખ્યાલ આવી શકે તેમ છે. સાથે સાથે ઈશ્વર પરમારે જણાવ્યું છે તેમ બાળસાહિત્યમાં હજુ કયા વિષયો આવી શકે એનો પણ બાળસાહિત્યકારોને ખ્યાલ આવે. આમ આ બંને પુસ્તકો બાળસાહિત્યકારો અને બાળસાહિત્યરસિકોને માટે વિચારણીય સામગ્રી ચર્ચનારાં બન્યાં છે.

કેનવાસે રંગચિત્રો – લવકુમાર દેસાઈ

પ્ર. લેખક, વડોદરા, ૨૦૦૪. વિ. રન્નાદે, અમદાવાદ. ડે. ૧૩૬, રૂ. ૯૫

## કેનવાસે ગુણગ્રાહી રંગચિત્રો

**રાજેન્દ્ર મહેતા**

૧૯૯૮માં 'રંગભૂમિ કેનવાસે'માં નાટ્યવિષયક વિવેચનલેખો આપ્યા બાદ લવકુમાર દેસાઈ ફરી એકવાર નાટ્યવિષયક લખાણોનો આ સંચય આપે છે. ૧૬ લેખોના આ સંગ્રહમાં અભ્યાસલેખો તથા નાટ્યગ્રંથોની સમીક્ષાઓ છે.

'રણછોડભાઈ ઉદયરામની નાટ્યપ્રતિભા' લેખમાં લેખક રણછોડભાઈના જીવન-સર્જન વિશેની દસ્તાવેજી માહિતી આપતા જઈને તેમની નાટ્યપ્રવૃત્તિઓનું સમુચિત મૂલ્યાંકન પણ કરે છે. રણછોડભાઈમાં ઉચ્ચ કક્ષાના નાટ્યકારની પ્રતિભા નથી અને તેમનાં મોટાભાગનાં નાટકો મુખર અને વાગ્મિતાસભર છે એવું તારણ (પૃ. ૫) આપતા લેખક ઉચિત રીતે જ તેમને ગુજરાતી 'નાટકના' નહીં, ગુજરાતી 'રંગભૂમિ'ના પિતા તરીકે ઓળખાવે છે.

'જાગૃતિકાળની નાટ્યપ્રવૃત્તિ' ખાસ્સો લાંબો અને વિશ્લેષણપૂર્ણ અભ્યાસલેખ છે. એને અંતે મુદ્દાસરનાં નિરીક્ષણો પણ આપ્યાં છે. ''મોજીલા મણિલાલ'માં નારી સંવેદના'' લેખમાં લેખક નારી સંવેદનાની સાથોસાથ નાટકના સંવાદો-ભાષા ઈત્યાદિ ઘટકો વિશે પણ વાત કરે છે તેથી લેખનું શીર્ષક અવ્યાપ્ત બની રહે છે. 'ઈરાદો' એકાંકીનો રચનાપ્રપંચ' લેખ કૃતિશિક્ષણનો નમૂનો છે. લા.ઠા.ના આ એકાંકીનો નાયક સદાશિવ યથાનામગુણ ભોળો છે એની લેખકે નોંધ લીધી છે પણ આ પ્રકારનાં સરળ, કંઈક અંશે રમૂજી પાત્રો લા.ઠા.નાં નાટકોની વિશેષતા છે એ લેખકે નોંધ્યું નથી. 'કાહે કોયલ શોર મચાયે રે'નો નાયક નવીન અને 'મનસુખલાલ મજીઠિયા'નો નાયક મનસુખલાલ સદાશિવનાં સગોત્ર પાત્રો છે એ લા.ઠા.નાં બધાં નાટકોનો અભ્યાસ કરનારને તરત સમજાય તેવું છે.

રમેશ પારેખના નાટક 'સૂરજને પડછાયો હોય'ની સમીક્ષા અભ્યાસપૂર્ણ અને તટસ્થ છે. જો કે પછીના લેખ '૧૯૯૯-૨૦૦૦'નાં નાટકો : પ્રવાહદર્શન' લેખમાં ઉકત સમયગાળાનાં નાટકોની વાત કરતી વખતે લેખક એમાં આ સમીક્ષામાંની વિગતો બે પાનાં ભરીને દોહરાવે છે. પુનરાવર્તન ટાળી શકાયું હોત. પ્રવાહદર્શનના આ લેખમાં લેખકે પ્રત્યેક કૃતિ વિશે એકાદ ફકરામાં પરિચયાત્મક નોંધ આપવાની પદ્ધતિ અપનાવી છે. અહીં સિતાંશુ યશશ્ચંદ્રનાં ત્રણેય મૌલિક નાટકો ઉપરાંત હરીશ નાગ્રેચા, લવકુમાર દેસાઈ, ઈન્દુ પુવાર અને સતીશ વ્યાસનાં દીર્ઘ નાટકોનો તથા કેટલાક એકાંકીસંગ્રહનો સંક્ષિપ્ત પરિચય છે. 'આ માણસ મદ્રાસી લાગે છે' (સિતાંશુ યશશ્ચંદ્ર)ના પરિચયમાં લેખક 'અસત્યના સામ્રાજ્યમાં સત્યની પરાઈ બનેલી ભાષા અને મૂળિયાં શોધતા પંગુ-અનાથ બનેલા' (પૃ. ૪૨)

નાટ્યનાયકનું આ નાટક હોવાનું જણાવે છે એ એકાંગી છે કેમ કે ઉકત નાટક સંપૂર્ણપણે મુંબઈના શ્રમનેતા શ્રીપાદ અમૃત ડાંગેની વિચારધારાની પુષ્ટિ માટે અને બંધુઆ મજૂરોની મુક્તિ માટે લખાયેલું છે. (જુઓ સિતાંશુ યશશ્ચંદ્રની ઉક્ત નાટકની પાછળ આપેલી 'અંતે અંતરંગભૂમિએથી' શીર્ષકથી લખાયેલી કેફિયત. એમાં આવતો ડાંગેનો ચતુરાઈપૂર્વકનો ઉલ્લેખ આ વાતનો સંકેત કરે છે. વળી આ નાટક પ્રથમવાર સત્યદેવ દુબેએ ભજવેલું તેનો ઉલ્લેખ પણ થવો જોઈતો હતો). સતીશ વ્યાસના 'પશુપતિ' નાટક વિશેનો 'એક સંકુલ અર્થક્ષમ અભિનેય નાટક' (પૃ. ૪૫) એવો અભિપ્રાય પણ એકાંગી છે કેમ કે 'પશુપતિ' નાટકની ઘણી મર્યાદાઓ-ક્ષતિઓ છે. લેખક કમસે કમ આ મર્યાદાઓનો ઉલ્લેખ તો કરી જ શકયા હોત. પ્રસ્તુત લેખમાં લેખકે જૂની-નવી રંગભૂમિની ગતિવિધિની વાત કરી છે. અહીં 'હયવદન'ની વાત કરતી વખતે મસ્તકની અદલાબદલીવાળા આ નાટકની તુલના લેખક કાંતિ મડિયાના 'કોઈ ભીંતેથી આઈના ઉતારો' નાટક સાથે કરે છે. 'હયવદન' માં મસ્તકની બદલી(Head replacement)નું કથાનક છે, જ્યારે ''કોઈ ભીંતેથી...'' માં મગજ-પ્રત્યારોપણ (Brain Transplantation)નો વિષય છે. વળી 'કોઈ ભીંતેથી' નાટક પણ મૌલિક નથી, રૂપાંતર છે.

લાભશંકર ઠાકરનાં નાટકોની વાત કરતી વખતે લેખક 'પીળું ગુલાબ અને હું' નાટકના પ્રત-પ્રયોગની મુકત કંઠે પ્રશંસા કરે છે અને કાંતિ મડિયાની નિર્દેશનકળાને પુરસ્કારે છે. આ લેખમાં પણ 'સૂરજને પડછાયો હોય' વિશેની વિગતોનું પુનરાવર્તન થાય છે. રઘુવીર ચૌધરીના 'સિકંદર સાની' નાટકની ભરપેટ પ્રશંસા કરતા લેખક આ નાટકની એક પણ મર્યાદા ચીંધી બતાવતા નથી એ તેમનો નર્યો ગુણગ્રાહી, એકપક્ષી દૃષ્ટિકોણ દર્શાવે છે. 'સિકંદર સાની'માં નાટ્યત્વ, ભાષા, ચરિત્રની અનેક ત્રુટિઓ છે. જિજ્ઞાસુઓ મહેશ ચંપકલાલના પુસ્તક 'આધુનિક ગુજરાતી. નાટક : પ્રત અને પ્રયોગ' તથા આ લખનારના 'અપવાર્ય' પુસ્તકમાંની આ નાટકની વિસ્તૃત સમીક્ષાઓ દ્વારા એ જાણી શકશે.) આ લેખમાં લેખક સમાન કથાનક ધરાવતાં નાટકોની તુલના આપે છે તે જ પદ્ધતિએ અલાઉદ્દીન ખીલજીના જીવન પર લખાયેલા પ્રમાણભૂત - સફળ, ચર્ચાસ્પદ હિન્દી નાટક 'જિલ્લે સુબ્હાની' સાથે 'સિકંદર....' ની તુલના કરી શકયા હોત (લે. નંદકિશોર આચાર્ય દિગ્દ. રાજેન્દ્ર ગુપ્તા)

અહીં લેખક ગુજરાતી ભાષામાં ચાર નાટ્યવિષયક સાહિત્ય સામયિકો હોવાનો ઉલ્લેખ કરે છે. એમાંનું 'રંગપર્વ' તો ત્રીજા જ અંક પછી બંધ પડી ગયેલું, 'નાંદીકાર' તેના આરંભકાળથી જ તદ્દન અનિયતકાલિક છે અને ચાલુ-બંધ થતું રહે છે. 'વેશ' હજુ સાહિત્યિક સામયિકનું રૂપ ધારણ કરી શક્યું નથી. 'નાટક' એકમાત્ર નિયમિત અને સ્તરીય સામયિક છે – આ બાબતોની પણ આ અભ્યાસલેખમાં નોંધ લેવાવી જોઈતી હતી.

ગુજરાત સંગીત નાટક અકાદમીની ૧૯૯૯ની સ્પર્ધાનાં નાટકો વિશેનો લેખ લેખકે નિર્ણાયકના દૃષ્ટિકોણથી લખ્યો છે. અહીં રવીન્દ્ર પારેખ રૂપાંતરિત, કપિલદેવ શુકલ દિગ્દર્શિત 'તિરાડે ફૂટી કૂંપળ'ની પટકથા-ભજવણીની લેખકે ભારોભાર પ્રશંસા કરી છે. મહેશ એલકુંચવારના મૂળ મરાઠી નાટકના આ રૂપાંતરનાં સમગ્ર પરિમાણોની પ્રશંસા કરતા લેખક મૂળ મરાઠી કૃતિનું નામ અને મરાઠી દેશમુખ પરિવારના સ્થાને રવીન્દ્ર પારેખે આલેખેલા અનાવિલ દેસાઈ પરિવારના નિર્દેશો કરવાનું ચૂકી ગયા છે. 'વાડા ચીરેબંદી' નામના મૂળ મરાઠી નાટકના રૂપાંતરમાં રવીન્દ્ર પારેખે દાખવેલી રચનાત્મકતા અને સૂરતી-અનાવલી બોલી/ભાષાના વૈશિષ્ટ્યની પણ ઉચિત નોંધ લેવાઈ હોત તો સારું હતું.

મોહન રાકેશના સુખ્યાત હિંદી નાટક 'આધેઅધૂરે'ના મંચન, ગુજરાતી રૂપાંતર, વગેરેની વાત કરતો લેખ સંતર્પક છે. લીલા પીળા જવાળામુખી (મફત ઓઝા), ડોશીની વહુ (ઉશનસ્) હું, તમારો હું છું (રવીન્દ્ર પારેખ) અને બહિષ્કાર (મોહન પરમાર)

એકાંકીસંગ્રહો વિશેની સમીક્ષાઓ ગુણગ્રાહી છે. ગોપાલ શાસ્ત્રીની સ્મરણકથા 'ચં. ચી. મારા ગુરુ' માટે લખાયેલો પ્રવેશક પણ રસપ્રદ છે.

ધનવંત શાહ રચિત 'વસંત-વૈતાલિક કવિવર ન્હાનાલાલ' નાટકની સમીક્ષા આ સંગ્રહની ઉત્તમ કહી શકાય એવી સમીક્ષા છે. આ ઝાંખા, દોદળા અને અર્ધદગ્ધ નાટકની ક્ષતિઓ લેખકે સૂક્ષ્મ નજરે પકડી પાડી છે. ચરિત્રાત્મક નાટક લખવાનો પડકાર ઝીલવામાં ધનવંત શાહ કયાં ઊણા ઊતર્યા છે તે એમણે સાધાર-સદષ્ટાંત ચીંધી બતાવ્યું છે. ન્હાનાલાલની કૃતિઓમાંથી આડેધડ અંશો લઈને સૂત્રધારના માધ્યમથી એના અંકોડા મેળવવાનો નાટયકારનો પરિશ્રમ સૂઝસમજના અભાવે અને ન્હાનાલાલ પ્રત્યેના અહોભાવને કારણે કેવો એળે ગયો છે એની તટસ્થ વિવેચના અહીં સાંપડે છે. આ નાટકને 'અર્થપૂર્ણ અને હૃદયસ્પર્શી નાટ્યપ્રયોગ' ગણાવનાર બળવંત જાનીના આ અભિપ્રાય સામે પ્રશ્નચિહ્ન મૂકીને લેખક પોતાનાં તારણોના સમર્થનમાં ઉકત નાટકના પ્રસ્તાવનાકાર જયંત પારેખનો અભિપ્રાયા ટાંકે છે અને ગુજરાતી ભાષાનાં અન્ય ચરિત્રનાટકોનો સંદર્ભ આપી આ પ્રકારની નાટયકૃતિ કેવી સજ્જતા માગી લે છે તે તેનો પણ નિર્દેશ કરે છે.

પરંતુ શૈલેષ ટેવાણીના વિવેચનસંગ્રહ 'નાટયાયન'ની સમીક્ષા નર્યા ગુણગ્રાહી દષ્ટિકોણથી થઈ હોવાને લીધે એકાંગી છે. ચર્ચ્ય વિવેચનસંગ્રહના પ્રત્યેક લેખની પ્રશંસા કરવાની લેખકની પદ્ધતિ તેમના તાટસ્થ્ય સામે પ્રશ્નચિહ્ન મૂકે છે. વાસ્તવમાં 'નાટયાયન'ના લેખો ઉભડક, ઉપલકિયા અને અર્ધદગ્ધ સ્તરના છે. કયાંક પત્ર છે તો કયાંક ભજવણીનો અહેવાલ છે, કયાંક તરજુમિયા અનુવાદ છે તો કયાંક લેખકના અનિયતકાલીન 'નાંદીકાર'માં લહેરાતી કલમે લખાયેલી સંપાદકીય નોંધ છે. બે લેખ તો લેખકના થિસીસનાં ટુંકાવેલાં પ્રકરણો છે. અહીં ગિરીશ કારનાડના 'હયવદન', 'તુગલક' અને 'યયાતિ' વિશેની જે ઉભડક નોંધો છે તેને લવકુમાર દેસાઈ વિવિધ વિશેષણોથી બિરદાવે છે. વળી, 'જો કુમારસ્વામી' નાટકની સમીક્ષા શ્રી ટેવાણીની ગદ્યશૈલીને કારણે રમતિયાળ બની છે.' (પૃ. ૧૩૧) એવું કહીને લવકુમાર ઉક્ત સમીક્ષાની ત્રુટિઓને છાવરે છે. ત્રણ પાનાંના લેખમાં એકાધિકવાર પોતાના નામનો ઉલ્લેખ કરવાનું ન ભૂલતા 'ડૉ. શૈલેષ ટેવાણી' જો કુમારસ્વામી નાટકના લેખકનું નામ આપવાનું જ ભૂલી ગયા છે તે લવકુમાર નોંધતા જ નથી. ( આ નાટકનું સાચું નામ 'જો' કુમારસ્વામી નહીં, 'ચો' કુમારસ્વામી છે. આ કન્નડ નાટકના લેખક છે ચંદ્રશેખર કમ્બાર) અને એ ભૂલી જાય છે કે વિવેચક-સમીક્ષકનું કામ રમતિયાળ ગદ્યશૈલી દ્વારા આનંદ આપવાનું નથી. જો કે રાધેશ્યામ શર્મા જેવા પીઢ વિવેચક રમતિયાળ ગદ્યશૈલી સાથે પણ માર્મિક-સાર્થક સમીક્ષાઓ આપતા હોય છે પણ શૈલેષ ટેવાણીનું એવું કાઠું ન હોવાથી ઉક્ત સમીક્ષા પ્રવાસવર્ણન, સંસ્મરણ અને અહેવાલની ભેળસેળ બની જાય છે. આફ્રિકન નાટ્યકાર એથોલ ફ્યુગાર્ડની ડાયરીના શૈલેષ ટેવાણીએ કરેલા અનુવાદની લવકુમાર 'નૂતન ભાવવિશ્વનો પરિચય' કહીને પ્રશંસા કરે છે પણ આ અનુવાદ ઘણો નબળો છે. સૌ પ્રથમ તો, એથોલ ફ્યુગાર્ડ ગુજરાતી ભાવકો માટે પરિચિત નામ નથી એટલે તેમની ડાયરીનો અનુવાદ આપતા પૂર્વે તેમનો સંક્ષિપ્ત પરિચય અનિવાર્ય હતો, જે ટેવાણીએ આપ્યો નથી. વળી, અનુવાદની ભાષા તેનું સૌથી નબળું પાસું છે, 'નાટ્યાયન' પુસ્તકનાં ૨૨ પાનાંમાં ફેલાયેલા આ અનુવાદમાં 'છાતી, પગનો અંગૂઠો, સ્ટેપ અને ગોટલાં ચડી જતો પગ' (પૃ. ૧૦૧, નાટયાયન) 'ગોળ જે દર્દ તેને મારનાર ઓજાર, બીજા જે સૂતેલા છે પોતાની પથારીમાં તેની નિંદ્રા જેવું' (એજન, પૃ. ૧૦૧) 'એમની સ્વતંત્રતા લઈ જતો તે બીજો પગ આદમિયતને જ લઈ જનાર', 'પરપોટા જેવી થૂંક રોતા રોતા બાજી ગઈ' (બંને પૃ. ૧૦૨) 'આજે પણ તે દિવસો જેવું ત્યાં જ ઊભો છે' તથા 'ઈમેજીસ અને ઍક્શન્સ માટેની સાચી (અને એકમાત્ર) ક્ષણ શોધવા સક્ષમ બનતા સંપૂર્ણ પેટર્ન વિશેની સમજનો પણ વિકાસ થઈ રહ્યો

છે.'(પૃ. ૧૧૮) એવાં વિચિત્ર તરજુમિયાં વાકયો પાનેપાને મળી આવે છે. (અહીં આપેલા પૃષ્ઠાંક 'નાટ્યાયન' શૈલેષ ટેવાણી, ૨૦૦૦ના છે. ઉદ્ધરણોની જોડણી મૂળ પ્રમાણે રાખી છે.)

'સમગ્રતયા 'નાટ્યાયન' સંગ્રહને ઉમળકાભેર વધાવવાનું મન થાય છે કારણ કે તેમાં વિવેચનના પારિભાષિક શબ્દોની ભરમાર નથી. મોટાભાગના લેખો પત્રશૈલીમાં લખાયેલા હોવાથી નિર્ઝરિણી જેવું રમતિયાળ પ્રવાહી ગદ્ય વાચકને ભીંજવી જાય છે.' (પૃ. ૧૩૧-૩૨) -એવો અભિપ્રાય ચર્ચ્ય પુસ્તક વિશે લવકુમાર આપે છે ત્યારે પ્રશ્ન થાય છે કે વિવેચનના પારિભાષિક શબ્દોની ગેરહાજરી શું વિવેચનનો ગુણવિશેષ છે? બીજો પ્રશ્ન એ છે કે વિવેચકનું કામ 'નિર્ઝરિણી જેવા રમતિયાળ પ્રવાહી ગદ્ય' દ્વારા ભીંજવવાનું છે ? આવા દૃષ્ટિકોણને લીધે 'નાટ્યાયન'ની સમીક્ષા ઉભડક, પક્ષપાતી, એકાંગી બની રહે છે. પ્રસ્તાવનામાં ચિનુ મોદીએ આપેલા તારણ – 'લવકુમાર સ્વભાવે જ મધુર હોવાથી એમની તીખ્ખી કૉમેન્ટ્સ ભાગ્યે જ કોઈ કૃતિ-કર્તાને મળે છે' (પૃ. ૧૨)–ને આ સમીક્ષા સાર્થક કરે છે.

સમગ્રપણે સમીક્ષક તરીકેનો લવકુમાર દેસાઈનો દૃષ્ટિકોણ 'સૌમ્ય' સમીક્ષાઓ આપવાનો રહ્યો છે અને આ વાત તેમણે લેખોના શીર્ષકોમાં પ્રયોજેલા 'પ્રયોગશીલ એકાંકીસંગ્રહ' (લીલા પીળા જવાળામુખી) 'સામાજિક વાસ્તવને નિરૂપતાં એકાંકીઓ'(ડોશીની વહુ) 'કરુણગર્ભ, અભિનેય એકાંકીઓ'(હું, તમારો હું છું) 'રોમાંચક સ્મરણકથા' (ચં. ચી. : મારા ગુરુ) જેવાં ગુણદર્શક વિશેષણો પરથી પણ પામી શકાય છે.

સમયના જુદાજુદા અંતરે લખાયેલા લેખો ગ્રંથાકારે એક સાથે આપતી વખતે લેખકે તેમાં નિર્મમપણે સંપાદન (એડિટીંગ) કરીને તેને યથાસંભવ શાસ્ત્રીય રૂપ આપવાની સભાનતા જાળવવી જોઈએ. આનાથી પુનરાવર્તનો, ક્ષતિઓ વગેરે ટાળીને ગ્રંથનું મૂલ્ય વધારી શકાય છે. અહીં, 'સગપણ એક ઉખાણું' વિશેની વાત ત્રણવાર – આ નાટકની સમીક્ષામાં, ૧૯૯૯-૨૦૦૦નાં નાટકોના પ્રવાહદર્શનમાં અને આધુનિક ગુજરાતી નાટકોની ગતિવિધ લેખમાં) આવે છે. 'તિરાડે ફૂટી કૂંપળ' વિશેની વાત પણ એકાધિકવાર આવે છે ત્યાં પ્રતિનિર્દેશ આપીને કામ ચલાવી શકાયું હોત. આ ઉપરાંત 'સિતાંશુની અનુસર્જનકળાનો આ ઝળહળતો વિજય છે' (પૃ. ૪૩) તથા 'નાટયકારનો આ ઝળહળતો વિજય છે' (પૃ. ૮૩) જેવાં વિધાનો દ્વારા સર્જાતી શૈલીપરકતા પણ ટાળી શકાઈ હોત.

## ગાતા રહે મેરા દિલ : સલિલ દલાલ

સત્ય મીડિયા, અમદાવાદ, ૨૦૦૫. ડબલક્રાઉન ૧૫૬, રૂ. ૧૨૫.

**માવજી કે. સાવલા**

ફિલ્મ એ વિશાળ લોકસમૂહ સુધી પહોંચતું અને લોકહૃદયને પ્રભાવિત કરતું સબળ અને સક્ષમ માધ્યમ છે. છેલ્લા ૨-૩ દાયકાથી હવે આ માધ્યમનાં જુદાં-જુદાં પાસાં ઉપર અધિકારપૂર્વક પુસ્તકો પણ લખાય છે. દસ્તાવેજીકરણનું એક પાયાનું કાર્ય પણ આ રીતે સંપન્ન થતું જાય. સલિલ દલાલનું આ પુસ્તક એના શીર્ષક 'ગાતા રહે મેરા દિલ'ને સાર્થક કરતું એક સુંદર નજરાણું છે. ગુણવંત શાહે 'કાવ્યપદારથનું અભિવાદન' શીર્ષક હેઠળ એને યોગ્ય રીતે જ પ્રમાણ્યું છે; પરંતુ સાહિત્યક્ષેત્રે ફિલ્મી ગીતોની કવિતા તરીકે ભાગ્યે જ નોંધ લેવાય છે.

અહીં કેન્દ્રમાં ફિલ્મી ગીતો નહીં પણ ગીતકારો છે. સાહિર લુધિયાનવી, મજરુહ સુલતાનપુરી, શૈલેન્દ્ર, શકીલ બદાયૂની, રાજેન્દ્રકૃષ્ણ, હસરત જયપુરી, કૈફી આઝમી, ઈન્દીવર અને આનંદ બક્ષી. એમ નવ પ્રકરણોમાં આ ગીતકારોના જીવન, એમના સંઘર્ષો,

સર્જકતા, સફળતા અને લોકપ્રિયતાના વિવિધ રંગોનું નિરૂપણ એવી રસાળ અને સભર શૈલીમાં મળે છે કે વાચક એમાં આનંદપૂર્વક તણાતો જાય. આવા વિષયના રસિક વાચકોને તો એક નવલકથા કરતાં પણ આ વાચન વધુ ઉત્તેજક થઈ પડે એમ છે.

દેખીતી રીતે જ અહીં ભલે વાત ફિલ્મગીતોના સર્જકની હોય પણ સંદર્ભો તો આખે-આખા ફિલ્મ-જગતના આવે જ. એવી જ રીતે માનવીય સંબંધોની માયાજાળની ગૂંથણી અને માનવમનની વિલક્ષણતા પણ વિચારોત્તેજક બની રહે છે.

લેખકે નોંધ્યું છે કે 'સાહિરને ફિલ્મોના ગીતકાર જ કહેવા એ તેમની અધૂરી ઓળખ ગણાય, કેમ કે સિનેમાનાં ગીતો લખવાં શરૂ કર્યાં તેના સાત વર્ષ પહેલાં ઠેઠ ૧૯૪૫માં તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'તલ્ખિયાં' પ્રકાશિત થઈ ચૂકયો હતો. (પ્ર-૩) અમૃતા પ્રીતમનો સાહિર માટે એકપક્ષીય પ્રેમ હતો એ તો સર્વવિદિત છે. "જ્યારે સાહિરને અમૃતાજી પહેલીવાર મળ્યાં ત્યારે ઓટોગ્રાફ માટે ડાયરી કે કાગળને બદલે પોતાની હથેળી ધરી દીધી અને સાહિરે શું કર્યું ? ઈન્ડીપેનની શાહી પોતાના અંગૂઠે ચોપડી અને તેની છાપ અમૃતાની હથેળીમાં પાડી આપી. ( પૃ. ૧૩)!

મુંબઈમાં પરેલ ખાતેના રેલવે વર્કશોપમાં સામાન્ય નોકરી કરતા શૈલેન્દ્રને એક સમારંભમાં સાંભળીને રાજકપૂર તરત એમને પોતાની પ્રથમ ફિલ્મ 'આગ' માટે ગીતો લખવાનું આમંત્રણ આપે છે, ત્યારે 'મેરી કવિતા બિકાઉ નહિ હૈ' એવો ખુમારીભર્યો જવાબ આપનાર શૈલેન્દ્ર, પછી રેલવેની હડતાલ થતાં આર્થિક ભીંસ, આવી પડે છે અને 'બરસાત' ફિલ્મ માટે રાજકપૂર છેલ્લે બાકી રહેતાં બે ગીત શૈલેન્દ્રનાં લે છે. પ્રથમ ગીત હતું 'પતલી કમર હૈ તિરછી નઝર હૈ'.

મુંબઈની બેસ્ટની બસોમાં કંડકટરી કરતા હસરત જયપુરી પૃથ્વીરાજ કપૂરની આંખે ચડતાં રાજકપૂરની 'બરસાત' ફિલ્મના ગીતકાર બને છે. 'મધર ઈન્ડિયા' ફિલ્મના સમૂહગાન 'દુઃખભરે દિન બીતે રે ભૈયા'થી પ્રસિદ્ધ એવા શકીલ બદાયૂની વિશે લેખક નોંધે છે, ....શકીલની જિંદગી નિશાળેથી નીસરી જવું પાંસરા ઘેર' જેવી રહી હતી. કયાંય કોઈ ખાસ આરોહ-અવરોહ નહીં(પૃ.૫૪). ગીતકાર રાજેન્દ્રકૃષ્ણના રેસના શોખની વાત પણ લેખકે વિગતે કરી છે અને ૧૯૭૧માં રેસકોર્સ પર એમણે જીતેલા રૂ. ૪૮ લાખની વાત પણ અહીં સવિગત નોંધાઈ છે. ગીતકાર હસરત જયપુરીના પરિચયનો આરંભ લેખક આવી શૈલીમાં કરે છે.

'બેન્ડવાજાવાળા એક વાતે સરખા છે... જેવો વરઘોડો માંડવે પહોંચે કે નાચગાન બંધ થઈ જાય, રાષ્ટ્રગીત જેવું એક જ ગાયન 'બહારો ફૂલ બરસાઓ, મેરા મહેબુબ આયા હૈ' (પૃ. ૮૬).

હસરત જયપુરીએ મૃત્યુના અઠવાડિયા પહેલાં જ પાંચમી સપ્ટેમ્બરે તેમનાં બીબીજાન બિલ્કીસબાનુની શાનમાં લખેલ ગઝલનો એક શેર હતો :

*'વો ઉસકે જિસ્મકી મસ્તાના ખુશ્બૂ*
*મેરી હર સાંસ કો મહકા ગઈ હૈ (પૃ. ૯૭)*

કૈફી આઝમી (સૈયદ અતહરહુસૈન રિઝવી)ની પ્રથમ રચના ૧૧ વર્ષની ઉંમરે એક મુશાયરામાં રજૂ થઈ હતી, જેનો શેર હતો :

*"વહ સબકી સુન રહે હૈ, સબ કો દાદ-એ-શોક દેતે હૈ*
*કહી ઐસે મેં મેરા, કિસ્સા-એ ગમ ભી બયા હોતા"*

લેખકના લલિત ગદ્યનો સુંદર માર્મિક નમૂનો ગીતકાર ઈન્દીવર વિશેના પ્રકરણમાં તરત ધ્યાન ખેંચે : "ઈન્દીવરજીની રચનાઓમાં શુદ્ધ હિન્દીનું પ્રમાણ ૮૦% જેવું રહેતું તેનું મુખ્ય કારણ એ કે મધ્યપ્રદેશના ઝાંસી જિલ્લાના એ વતની હતા. આખા હિન્દુસ્તાનમાં શુદ્ધમાં શુદ્ધ હિન્દી બોલાતી હોય તો એમ.પી.માં. વિશ્વાસ ન પડે એ સૌ રજનીશજી કે અટલબિહારી વાજપેયીને બોલતા યાદ કરી લે. કેટલી 'સુધ્ધ' ભાસા! (હા, એમ.પી. વાળાને સગડીનો 'સ' વધારે ફાવતો હોય છે.)' લાંબા સંઘર્ષો પછી ગીતકાર તરીકે આનંદ બક્ષી સફળ થયેલા. એકવાર એક પ્રોડયુસર પોતે રોકેલા ગીતકારથી નાખુશ થઈને આનંદ બક્ષીને સાઈન કરવા ગયા ત્યારે પોતાના

સાથી શાયરનું કામ ન છિનવવાના સિદ્ધાંત ખાતર એ ઑફર એમણે નકારી. ફિલ્મ ઉદ્યોગોમાં વ્યાવસાયિક ઈર્ષા-અદેખાઈ કેવાં વ્યાપક છે એ તો આપણે જાણીએ જ છીએ.''

નિરૂપણમાં દરેક પ્રસંગે ફિલ્મગીતોની પંકિતઓ તો વહેતી જ રહે છે. રસિકજન માટે તો આ પુસ્તકનું વાચન કોઈક અલૌકિક પ્રદેશની આનંદયાત્રા સમાન છે. સલિલ દલાલના આવા વિષયો પરના અખબારી લેખોનો આ સંગ્રહ છે, પણ અહીં માત્ર લેખોની ફાઈલ પ્રકાશક-મુદ્રકને સોંપીને નચિંત થવાયું નથી, આખા પુસ્તકને જે એક સૂઝબૂઝભર્યો આકાર આપ્યો છે એ એમની દૃષ્ટિસંપન્ન સંપાદકીય સજ્જતા દર્શાવે છે. પ્રત્યેક પ્રકરણના આરંભે એક આખું પાનું તે-તે ગીતકારનો ફોટોગ્રાફ, જન્મ-નિધનની તારીખ અને ગીતકારની ઓળખનું નામ અને મૂળ નામ પણ મૂકાયાં છે અને એ પાનાના મથાળે ગીત-કાવ્યની ચાર પંકિતઓ. પ્રકરણને અંતે એક આખું પાનું સુંદર લે-આઉટમાં જ્યુક બોક્સ શીર્ષક હેઠળ, એમાં એ ગીતકારનાં ચુનંદાં એવાં પંદરેક ગીતોની એક એક પંકિત અને એ પ્રત્યેક પંકિત નીચે એ ગીતના ગાયક અને સંગીતકારું નામ, ફિલ્મનું નામ અને ફિલ્મ રીલીઝ થયાનું વરસ.' એ પછીના પાના ઉપર 'સુહાના સફર' શીર્ષક હેઠળ ગીતકાર તરીકેની કારકિર્દીની સાલવારીમાં દરેક વર્ષની સામે ફિલ્મોનાં નામ અને ત્યાર પછીના ૧-૨ પાના પર અન્ય કલાકારો સાથેના જીવંત ફોટોગ્રાફસ. છેલ્લે સંદર્ભસૂચિમાં ૧૯ ગ્રંથોની યાદી અને સોળેક સામયિકોનો નામોલ્લેખ.

એક ઉચ્ચ સરકારી અધિકારીના હાથે થયેલું આ એવું સર્જન છે કે જેમાંથી યુનિવર્સિટીઓમાં થતાં સંશોધનકાર્યો માટે પણ કેટલાંક દિશાસૂચનો મળે. લેખકે 'અહેસાન મેરે દિલ પે તુમ્હારા હૈ' શીર્ષક હેઠળ લખેલી આઠ પાનાંની પ્રસ્તાવનામાં લેખકના ભાવસભર ઉદ્ગાર છે. 'ફિલ્મી ગીતોના અગણિત ઉપકારોને હૃદયપૂર્વક સલામ કરવાનો અહીં ઉપક્રમ છે.' પ્રસ્તાવનામાં લેખક જણાવે છે – 'આજે પણ અમારા ઘરનાં માળિયાંનાં ચૌદે-ચૌદ કબાટ ૧૯૭૭ થી વર્ષવાર બાઈન્ડ કરેલાં સામયિકોથી ભરેલાં છે, તો કેસેટો, ફિલ્મીગીત – સંગીતનાં પુસ્તકો વગેરેના સંગ્રહથી ઘર ભરપૂર છે.' સ્હેજે હોઠે આવે શબ્દો :

'અપૂર્વ કોઙપિ કોષોયં
વિદ્યતે તવ ભારતી'

પુસ્તકના રૂપરંગની તો શું વાત કરવી – અર્પૂવ આશરનું નામ હોય ત્યારે લે-આઉટ સજાવટમાં એક અનોખી સર્જકતાની આગવી મુદ્રા હોય.

## અવલોકન

'અવલોકનો' પણ વિવેચનમૂલક તો રહે જ, પરંતુ એમાં પુસ્તકનો પરિચય મુખ્ય બનતો હોય – એવું વ્યાપક વલણ રાખ્યું છે. સર્વસામાન્ય રૂપનાં તેમજ સાહિત્ય-ઇતર વિષયોનાં મહત્ત્વનાં પુસ્તકોની પરિચય-ચર્ચા પણ આ વિભાગમાં સ્થાન પામે એવું વિચાર્યું છે. સમીક્ષા-અવલોકન વચ્ચે એવો કશો તર-તમભેદ નથી, આવો વલણભેદ કહો કે પ્રકારભેદ છે એટલું સ્પષ્ટ કરવું જરૂરી માનું છું. અવલોકનો બહુ દીર્ઘ ન બને, એ લગભગ ૫૦૦થી ૬૦૦ શબ્દો સુધીનાં હોય એવો ખ્યાલ પણ રાખ્યો છે. – **સંપાદક**

### કૉમેડી પૅરેડી : મહેશ ધોળકિયા

પ્ર. વીરેન ધોળકિયા, રાજકોટ, ૨૦૦૫, ડે. ૫૬, રૂ. ૪૦

પ્રતિકાવ્યો અને રમૂજ-કટાક્ષમાં કાવ્યો આપણી કવિતામાં ઝાઝાં નથી, એનું કોઈ સાતત્ય પણ નથી. એ સંજોગોમાં તો આ પ્રતિકાવ્યો વિશેષ આવકાર્ય છે. આ પૂર્વે ૨૦૦૨માં પણ મહેશ ધોળકિયાએ 'મજાકિયાં પ્રતિકાવ્યો' નામનો સંગ્રહ આપેલો.

કવિએ આ ૨૫ પ્રતિકાવ્યો જે મૂળ કાવ્યોને સામે રાખીને લખ્યાં છે એ કાવ્યો પણ એમણે, કાવ્ય-પ્રતિકાવ્ય એમ સામસામે પાને મૂકીને, સામેલ કર્યાં છે. એથી વાચકને આ વક્ર આયનામાં જેનું પ્રતિબિંબ ઝિલાય છે એ મૂળ ચહેરો જોવાની 'સગવડ' પણ મળી રહે છે. આ એમની ચોકસાઈ પણ છે ને તરકીબ પણ છે!

જો કે મૂળ કાવ્યો અહીં ન હોત તો પણ ગુજરાતી કવિતાના ભાવકોના મનમાં તો તરત એ મૂળ કાવ્ય – એની પંક્તિએ પંક્તિ – જાગી રહે એવી શબ્દ સામે શબ્દ (–'પ્રતિ-શબ્દ' પણ કહેવાશે, વક્ર અર્થમાં-) મૂકવાની પેરવી, બહુ ચુસ્ત લાગે એવી પેરવી, એમણ કરી છે. જેમકે –

*• નીરખને લગનમાં કોણ ઘૂમી રહ્યો,*
*'દેખ હું દેખ હું' એમ ડોલે*
*• હું તો બસ રળવા આવ્યો છું*
*હું ક્યાં એક્કે કામ તમારું કે ઓફિસનું*
*કરવા આવ્યો છું?*

એ પંક્તિઓ વાંચતાં જ મૂળ કાવ્યો સાંભરશે. પરંતુ, ખબરદારનાં પ્રતિકાવ્યોમાં હતું એમ મૂળ કવિ કે કાવ્ય અહીં કટાક્ષ-લક્ષ્ય નથી. (એ કવિઓ તરફ તો એમણે, પ્રસ્તાવનામાં, 'અંતરના સન્માન અને આભરના ભાવ' વ્યક્ત કર્યો છે.) એ કાવ્યોનો, એમને ખેંચીને જે તાકવું છે એની પણછ તરીકે યોજાયાં છે – જેમ પણ છ ખેંચાઈને વેગીલો ધક્કો આપે છે ને તીર સામેની દિશામાં લક્ષ્ય-વેધ કરવા ધસે છે, એમ

હા, જે વિપરિત છે તે એમને બતાવવું છે. આપણા માનવસંબંધો ને આપણું-રાષ્ટ્રીય-ચારિત્ર્ય જે હીન દશાને પામ્યાં છે એ, 'ભય થથરી ગુજરાત', 'ગુણવંચિત ગુજરાત', 'હું તો બસ રળવા આવ્યો છું' 'શસ્તરના સોદા', 'માજન રૂઠ્યું' 'વિનષ્ટિકા', વગેરે કાવ્યોમાં એમણે વ્યક્ત કર્યું છે. તો ઘણાં કાવ્યોમાં માનવ-સ્વભાવ, માનવ-સ્થિતિ પર એમણે રમૂજ કરી લીધી છે – કટાક્ષના આછા હડદોલા સાથે. છેલ્લા કાવ્યની વિલક્ષણતા એ છે કે એમાં મૂળ કાવ્ય – આપણું રાષ્ટ્રગીત – મૂકાયું નથી. એને અંતર્હિત રાખીને જાણે એની અદબ જાળવી છે. એમ પણ કહેવાય કે આપણામાંના રાષ્ટ્રભાવના વિલોપનો સંકેત એમણે કર્યો છે – કાવ્યનું શીર્ષક છે 'વિનષ્ટિકા'.

પ્રતિકાવ્ય-કારમાં હોવું જોઈએ તે, મૂળ કાવ્યનાં લય-ઢાળ પર એમનું ઠીકઠીક પ્રભુત્વ છે. કટાક્ષકવિતાના કવિની સર્જકતા આ રીતે પ્રગટ થતી હોય છે. અહીં બધાં જ ગીત-કાવ્યો છે (અપવાદરૂપે એક દોહરા-કાવ્ય છે) – અગાઉના સંગ્રહમાં ગીતો ઉપરાંત સંસ્કૃત છંદોમાં લખાયેલાં કાવ્યો ને ગઝલ-કાવ્યો પણ હતાં. વર્ણલયઢાળ પરની આ પકડ ક્યાંક

ઢીલી પણ પડી છે. 'હું તો બસ રળવા...' જેવા સારા કાવ્યામાં ઘણી પંક્તિઓમાં માત્રાઓ વધતાં લયભંગ થયો છે – જેમકે, 'તો હીર હેમનું આ કચેરીના ટેબલ તળેથી હરવા આવ્યો છું', વગેરે. શબ્દ પાછળ શબ્દ મૂકવામાં જે ચુસ્તી છે તે (કદાચ એ જ કારણે) વિષય-નિર્વહણમાં ક્યારેક જોવા મળતી નથી, અર્થને આ શબ્દ-લય-ચોસલાં પાછળ ઘસડાવું પડ્યું હોય એવું પણ કેટલાંક ('પરણ્યાં એટલે' 'શોર જાલમના' વગેરે) કાવ્યોમાં બન્યું છે. જ્યાં આવી કૃત્રિમ ચુસ્તી ઓછી છે એવાં ('ભાજન રૂઠ્યું'વગેરે) કાવ્યોમાં લય-પ્રતિબિંબો અને અર્થ-રેખાઓ સંવાદી રહ્યાં છે.

પ્રસ્તાવના ('વાસ્તવનું આવરણ')માં એમણે પેરેડી-કારના વિદ્રોહ-કર્તવ્યની વાત બરાબર કરી છે. ગુજરાતના બૌદ્ધિકો અને વિવેચકોએ એમનાં કાવ્યોની અવગણના કરી છે એવો ખટકો એમને, આ કાવ્યોનું અવલોકન કરનાર માટેની 'ઇનામી યોજના'સુધી લઈ ગયો છે એ – આ જિકરને પણ હાસ્યનો જ અંશ ન ગણી લઈએ તો – પોતે જ રમૂજપાત્ર બને એવો ઘાટ થયો છે. પ્રતિકાવ્ય લખનારની અકળામણ આવી 'પ્રગટ' રીતે હાસ્યના માધ્યમવિના વ્યક્ત થાય તો એ પણ વળી પ્રતિકાવ્યનો વિષય બની બેસને! – **રમણ સોની**

### ગ્રંથસૌરભ : મણિભાઈ પ્રજાપતિ

પ્રકા. લેખક, મુખ્ય ગ્રંથપાલ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ,૨૦૦૫. ડે. ૩૧૬, રૂ. ૧૭૫

આ ગ્રંથ તૈયાર થયો એના મૂળમાં તો એના લેખકની એક કર્તવ્યસભાનતા ને એમનાં રસરુચિ કારણરૂપ છે. એ લખે છે : 'ગ્રંથને ઓળખવો એ ગ્રંથપાલનો સ્વધર્મ છે.. ગ્રંથપાલ એક સારો વાચક હોય એ અનિવાર્ય આવશ્યકતા છે.' આ સંકલ્પને માર્ગ મળ્યો યુનિવર્સિટીના મુખપત્ર 'ઉદીચ્ય' દ્વારા. એમના બહોળા વાચનરસને લેખક એમાં વિવિધ વિષયોનાં પુસ્તકોના પરિચયથી મૂર્ત કરતા ગયા.

વિવિધ વિષયોનાં પુસ્તકો વિશેનાં એમનાં ટૂંકાં લખાણોમાંથી ૧૧૩ પસંદ કરીને એમણે અહીં ગ્રંથસ્થ કર્યાં છે. વિષય-વ્યાપ એક લાઈબ્રેરિયનના બરનો છે : સૂચિઓ, કોશો આદિ સંદર્ભગ્રંથો એમાં મોખરે છે. એ પછી ગ્રંથાલયવિજ્ઞાન, પત્રકારત્વ, ધર્મ અને દર્શન, શિક્ષણ, અંગ્રેજી - સંસ્કૃત - હિંદી - ગુજરાતી ભાષાસાહિત્યના અને લોકસાહિત્ય વિષયના ગ્રંથો, ઈતિહાસ-ચરિત્ર અને ચરિત્રમૂલક સાહિત્ય. ગ્રંથને અંતે 'ગ્રંથશીર્ષક સૂચિ' તેમજ 'કર્તાસૂચિ' આપીને એમણે, વાચકને ઉપયોગી થવાની ગ્રંથપાલની શાસ્ત્રીય દષ્ટિનો પરિચય આપ્યો છે. ગ્રંથપાલની ઉત્તમ ભૂમિકા એમણે ભજવી છે.

પણ મણિભાઈ અહીં માત્ર વાચનનો પરિચયાત્મક હેવાલ આપનાર ને સંદર્ભસહયોગી ગ્રંથપાલ થઈને અટકી રહ્યા નથી. પુસ્તકોનો વિગતલક્ષી સરળ, પ્રાસાદિક પરિચય આપ્યા પછી એમણે પોતાના સુચિંતિત અભિપ્રાયો પણ વ્યક્ત કર્યા છે, ટૂંકાં સઘન અવલોકન આપ્યાં છે. ને પોતાના વાચન-અધ્યયનનો લાભ આપતી સંદર્ભ-પૂર્તિઓ પણ કરી છે.

સંદર્ભગ્રંથો અને ગ્રંથાલયવિજ્ઞાનના ગ્રંથો એક રીતે એમના વિશેષ અધિકારનું ક્ષેત્ર છે. એટલે એવા ગ્રંથોની વિશેષતાઓ, ને ક્યાંક ક્ષતિઓ પણ, એ સ્પષ્ટપણે ઉપસાવી શકયા છે. [નમૂના લેખે જુઓ 'ગુજરાતી સંદર્ભગ્રંથો' (કનુભાઈ શાહ)ની સમીક્ષા] પુસ્તકના પરિરૂપની કાળજીનો એમનો આગ્રહ પણ કયાંક ઊપસી આવ્યો છે – 'પુસ્તકની સાજ-સજ્જા ને બાંધણી આકર્ષક ને ટકાઉ નથી' (પૃ. ૪૯). જોકે 'ગુજરાતી ભાષાનો શબ્દાર્થકોશ (થિસોરસ)' વિશે એ વધુ ખણખોદ કરી શકયા હોત. એને બદલે એમાં એક નબળા પ્રયાસની સરાહના એમનાથી થઈ ગઈ છે. સાહિત્યવિષયક ગ્રંથોમાં પણ ક્યાંક અતિ-મૂલ્યાંકન એમના હાથે થયું છે. 'ઉદીચ્ય'માં થતા પુસ્તક-પરિચયનું પ્રયોજન, વાચનપ્રેરકતા હોવાથી પણ આમ બન્યું હશે. ઇચ્છીએ કે હવે પછીના એમના ગ્રંથ-પરિચય-સમીક્ષાના પ્રયત્નોમાં વધુ સ્પષ્ટ તારતમ્યો ઊપસી આવે.

પ્રત્યેક પુસ્તકની પૂરી પ્રકાશનવિગતોનો ઉલ્લેખ

તેમજ પાનાં નીચે બચેલી જગાઓમાં મુકાયેલાં વિચારશીલ અવકાશપૂરકો એમની ચોકસાઈનો ને અભ્યાસવૃત્તિનો પરિચય કરાવે છે.

વિવિધ વિષયનાં પુસ્તકોનાં ઝડપી અવલોકન-પરિચયની પણ વિદ્યાજગતમાં ઘણી આવશ્યકતા છે. આ પુસ્તક એ રીતે જરૂર ઉપયોગી નીવડશે.

**– રમણ સોની**

**ગાંધીજીનું ચિંતન : મૂલ્યાંકન : દક્ષા વિ. પટ્ટણી**

પ્રકા. લેખક, ભાવનગર, ૨૦૦૩, વિ. ગૂર્જર, અમદાવાદ. ડે. ૮૮, રૂ. ૩૦.

આ પુસ્તિકા ગાંધીવિચાર પરના લેખિકાના મહા નિબંધના અંતિમ પ્રકરણ પર આધારિત છે. ગાંધીજીના વિચારોનું મૂલ્યાંકન કરવાનો આ સંનિષ્ઠ પ્રયત્ન છે. શીર્ષકમાં જ અભિપ્રેત છે તેમ અહીં ગાંધીજીની રાજકીય કે સામાજિક પ્રવૃત્તિઓની નહીં પરંતુ એમના ચિંતનની જ મુખ્ય ચર્ચા છે.

ગાંધીવિચારે હંમેશાં ઉત્કટ પ્રતિક્રિયાઓ જન્માવી છે. ઉદારમતવાદીઓ અને સામ્યવાદીઓ, રૂઢિચુસ્તવાદીઓ અને પ્રગતિશીલો, દલિતો અને સનાતની હિંદુઓ, ધર્મનિરપેક્ષવાદીઓ અને કોમવાદીઓ બધાને ગાંધીજીના કેટલાક સિદ્ધાંતો વધતેઓછે અંશે અસ્વીકાર્ય રહ્યા છે. તેમના જીવનકાળ દરમિયાન જ નહેરુ, સરદાર પટેલ, આંબેડકર, ટાગોર, જિન્નાએ પોતાના ગાંધીજી સાથેના ગંભીર મતભેદો પ્રદર્શિત કરેલા.

ગાંધીજીનું ચિંતન અશાસ્ત્રીય ઢબનું હોવાને લીધે તથા જુદાજુદા સમયે જુદીજુદી રીતે અભિવ્યકત થયું હોવાને લીધે તેને ચિંતનના મૂલ્યાંકનના કોઈ નિશ્ચિત માપદંડોથી મૂલવવું અઘરું છે. એટલે જ લેખિકાએ અન્ય વૈચારિક માળખાના ગજ વાપર્યા વિના ગાંધીજીના જ આદર્શોના સંદર્ભમાં તેમના વિચારોની મૂલવણી કરી છે. ગાંધીજીએ પોતે કદાપિ પૂર્ણતાનો દાવો નહોતો કર્યો. લેખિકાનો હેતુ પણ દોષદર્શન કરવાને બદલે ગાંધીજીની અપૂર્ણતાથી પૂર્ણતા તરફની ઉત્ક્રાંતિની ઝાંખી આપવાનો છે.

સત્યપ્રાપ્તિ માટે નિરંતર પ્રયોગશીલ ગાંધીજી વિચારોના નહીં પણ કાર્યશીલતાના માણસ હોવાને કારણે તેમના વિચારો સતત પરિવર્તનશીલ રહ્યા હતા. એક જ વિષય પર અલગઅલગ સમયે અને પરિસ્થિતિઓમાં પરસ્પરવિરોધી વિચારોની રજૂઆત ગાંધીવિચારની એક લાક્ષણિકતા છે. આ જ વિરોધાભાસો અને વિસંગતતાઓની ચર્ચા દક્ષાબહેને પોતાના પુસ્તકમાં કરેલી છે.

ખિલાફત ચળવળને આપેલા ટેકામાં છતી થતી રાજકીય સમાધાનવૃત્તિ, અહિંસામાં બાંધછોડ માટેનાં બેવડાં ધોરણો, જીવનને ખુલ્લું પુસ્તક કહ્યા બાદ પણ અમુક રાજકીય પ્રવૃત્તિઓને છૂપી રાખવાની વૃત્તિ – ગાંધીજીના વ્યક્તિત્વનાં આ બધાં જ પાસાંને દક્ષાબહેને ચિકિત્સકની રીતે તપાસ્યાં છે. અમુક જ પ્રકારનાં પરિણામ આવવાં જોઈએ એવો આગ્રહ રાખનાર અને તેવું ન થાય તો ઉપવાસ દ્વારા દબાણ મૂકી સૂક્ષ્મ હિંસા આચરનાર ગાંધીજીમાં લેખિકા તેમની પ્રસિદ્ધ 'અનાસક્તિ'ને બદલે પરિણામ પ્રત્યેની ઊંડી આસક્તિનાં દર્શન કરે છે. અસહકાર-આંદોલન દરમિયાન શાળાકૉલેજ છોડવાની ગાંધીજીની અપીલ પણ વ્યાપક સમાજહિતની કસોટીએ પાર નથી પડતી. આઝાદીના સત્યાગ્રહોમાં વિદ્યાર્થીઓનો ઉપયોગ કરીને સ્વતંત્રતા બાદ શિક્ષણક્ષેત્રના થયેલા રાજકીયકરણને વાજબી ઠેરવવાનું એક કારણ ગાંધીજીએ આપી દીધું છે તેમ લેખિકા નિર્દેશે છે.

ગાંધીજીનાં સત્યનિષ્ઠા, બુદ્ધિપ્રતિભા અને પારદર્શી વ્યક્તિત્વથી પ્રભાવિત લેખિકા પુસ્તકના અંતિમ ભાગમાં, ગાંધીજીની અન્ય વૈશ્વિક વ્યક્તિત્વો પર થયેલી અસર અને કોમી એખલાસ માટે આઝાદી સમયે તેમણે કરેલા અસરકારક પ્રદાનની ટૂંકી ચર્ચા કરે છે. દાંડીયાત્રા પર નીકળેલા ગાંધીમાં અને નોઆખલીમાં કોમી રમખાણો શમાવતા ગાંધીમાં તેમને એક તપસ્વીનાં દર્શન થાય છે.

વિષયનાં મહત્ત્વ અને ગાંભીર્યને સમજીને કરેલું આ મૂલ્યાંકન છે. ભક્તિભાવભરી પ્રસંશા કે પૂર્વગ્રહયુકત ટીકા – એવાં આત્યંતિક વલણોથી લેખિકા દૂર રહી શકયાં છે. એથી એકંદરે તટસ્થ,

સંતુલિત અને અભ્યાસપૂર્ણ મૂલ્યાંકન રજૂ થયું છે. વિચારોને વિચારકના ઐતિહાસિક સંદર્ભથી અલગ કરી તેની આલોચના કરવાનું ઘણા સમીક્ષકોનું બિનજવાબદાર વલણ લેખિકાને સ્પર્શ્યું નથી. લગભગ દરેક દલીલને તેમણે ઐતિહાસિક તથ્યો અને ગાંધીજીનાં જ વિધાનો ટાંકીને અનુમોદિત કરેલી છે. ગાંધીજી વિશે અસંખ્ય પુસ્તકો ઘણી ભાષામાં લખાયાં છે, પણ આ પુસ્તકની વિગતો અને દલીલોમાં એક પ્રકારની નવીનતા છે. સર્વસારગ્રહી અભિગમ (eclectic approach) અને ગાંધીજીનાં કાર્યો અને વિચાર બન્નેમાંથી નીપજેલા મૂલ્યાંકનના માપદંડો આ પુસ્તકને અભ્યાસીઓ માટે ઉપયોગી બનાવે છે.

અલબત્ત, લેખિકાનો પ્રયાસ ગાંધીજીના વિચારોનું સર્વગ્રાહી કે સર્વતોમુખી મૂલ્યાંકન આપવાનો નથી જ. તેમના ચિંતનના કોઈ પણ પાસાને ગહન રીતે તપાસવાનો અવકાશ પણ તેમને નથી મળ્યો. પુસ્તક લેખિકાના મહાનિબંધનું એક પ્રકરણમાત્ર હોવાને કારણે આ મર્યાદા સમજી શકાય છે. પરંતુ તેમાંથી ગાંધીવિચારની વધારે વિસ્તૃત અને ગહન સમાલોચનાની ભાવિ સંભાવના ઊભી થાય છે.

છેલ્લે, પુસ્તકમાં કોઈ ઠેકાણે લેખિકાનો પરિચય અને તેમની શૈક્ષણિક કે સાક્ષરીય પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી નથી, એના અભાવે આ મૂલ્યાંકનની પશ્ચાદ્ભૂમિકા વિશે વાચક થોડો અસ્પષ્ટ રહે છે. **– અમિત ધોળકિયા**

[લેખક રાજ્યશાસ્ત્રના અધ્યાપક છે. મુખ્યત્વે અંગ્રેજીમાં લખવા ઉપરાંત ગુજરાતીમાં એમણે કેટલીક 'પરિચયપુસ્તિકા' લખી છે.]

## માયાનગર : રજનીકુમાર પંડ્યા

રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૦. ક્રા.૨૦૦, રૂ. ૭૫

આ પુસ્તકમાંનાં છબી-ચિત્રો મુલાકાત, સત્યકથા, જીવનકથા, પરિચયલેખ, કુટુંબકારુણી એમ વિવિધ રૂપે વિસ્તરે છે.

પતિનાં વરવાં કાર્યોને મૂંગે મોઢે સહન કરનાર ધનબાઈનું અનન્ય સ્ત્રીપાત્ર 'ધન ધન ધનબાઈ !'માં આલેખાયું છે. લેખની શરૂઆતમાં ગાંધીજી સમક્ષ પોતાની વેદના ઠાલવતાં ધનબાઈ દુઃખને સહન કેમ કરવું એનો ઉપાય માત્ર સૂચવવાનું કહે છે. ગાંધીજીનો સંગ છૂટ્યા પછી બેકાર પતિની વિકારી હરકતો સહન કરતાં કરતાં આત્મહત્યા કરવા સુધી પહોંચી જવું, એમાંથી ઊગરી જવું ને જિંદગીના ચડાવઉતાર જોયા બાદ સ્વબળે, આત્મસૂઝથી અખિલ ભારત પદયાત્રામાં જોડાવું; વિનોબાજીનું સાન્નિધ્ય, નારાયણ દેસાઈનો સંપર્ક ને ભજનકીર્તનથી માંડીને મુંબઈમાં બાલમંદિર, સીવણકલાસ ચલાવવા ઉપરાંત ચૌદેક જેટલાં પુસ્તકો લખીને પ્રગટ કરવાં અને ધર્મ, અધ્યાત્મ, જીવનને પ્રેરક એવાં વિષયો પર પ્રવચનો આપવાં એવી, એક સ્ત્રીના જીવનવિકાસની અદ્ભુત રેખાઓ આપતી આ કથા આકર્ષક ને પ્રેરક છે. 'આશ્રમ અંતરિયાળ'માં ભાભરા જેવા નાનકડા ગામમાં વિશાળ આશ્રમ એટલે કે માનવકલ્યાણ કેન્દ્રના સ્થાપક ભવાનીમલ જૈનની લેખકે લીધેલી મુલાકાતમાં વાતચીતના દોર રસપ્રદ બન્યા છે. ૭૬ વર્ષના આજીવન બ્રહ્મચારી એવા નૃસિંહભાઈ ભાવસારનું શબ્દચિત્ર 'આદિવાસીના અંગત'માં આલેખાયું છે એમાં નૃસિંહભાઈની આદિવાસીઓના ઉદ્ધારક તરીકેની પ્રવૃત્તિઓ જાતિવિકાસ કે ગ્રામવિકાસની પ્રવૃત્તિને બદલે ઋષિકાર્ય બની રહે છે એનો આલેખ છે. ''મૂળજીભાઈનાં મૂળિયાં અને ફૂલ'' એક લાક્ષણિક ચરિત્રાલેખન છે. હાથે રકતપિત્ત હોવા છતાં હિંમત હાર્યા વગર સામાન્ય વ્યક્તિની જેમ રહેતા અસામાન્ય માનવીની કથા એમાં નિરૂપાઈ છે. મેડિકલ ચેકિંગમાં અકસ્માતે હાથની તપાસ ન થઈ ને પહોંચી ગયા આફ્રિકા. ત્યાં રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લેવો, ધ્વજવંદનો કરવાં વગેરે પ્રવૃત્તિઓને કારણે આફ્રિકન સરકારે એમને જેલમાં પૂરવાની તજવીજ કરવા માંડી પરંતુ પરભોમમાં જેલમાં સડવા કરતાં ભારત આવીને દેશની સેવા કરવી બહેતર – એમ વિચારી ભારત પાછા ફર્યા અને સમય જતાં વસોમાં કુષ્ઠરોગ-નિવારણ કેન્દ્રની સ્થાપના કરી 'વસોના ગાંધી' તરીકે ઓળખાયા. 'મૂંગી મુલાકાત'માં

મેઘાણી-ટાગોર વચ્ચેની ટૂંકી અને ભાવસભર મુલાકાતને વણી છે.

'માયાનગર'નાં વ્યક્તિચિત્રો હૃદયસ્પર્શી બની રહે છે. વાચક માટે એ પ્રેરણાસ્રોત પણ બને છે. કેટલીક વિગતો દસ્તાવેજી પુરાવા તરીકે મૂલ્યવાન અને ઉપયોગી થઈ રહે એવી છે. દા.ત. પચાસ વર્ષ પહેલાં યુનિવર્સિટી ઑફ ઈલિનોઈમાં ભણેલા ઝવેરબાપાની વાત કરતાં લેખક નોંધે છે : 'લોક-૧ [લોક-વન]નામની ઘઉંની નવી જાત શોધીને દેશને ચરણે ધરી'. પરદેશમાં હોત તો એમને એક એક શોધ પર પેટન્ટ મળત અને એક એક પેટન્ટના લાખો ડોલર. પરંતુ ઝવેરબાપાનો પ્રશ્ન છે કે 'એમાં કન્ટ્રીને શું મળે ? ' લોક -૧ જાતના ઘઉં પર જ ભારતીય ખેડૂતો પચીસ ત્રીસ કરોડનો પાક વધુ ઉતારે છે. પોતાની જ શોધ હોવા છતાં પોતાનું નામ એ સંશોધન સાથે કેમ ન જોડ્યું એવા પ્રશ્નના ઉત્તરમાં તેઓ કહે છે 'મારે મારા નામને શું કરવું છે ? મેં તો મનુભાઈ પંચોલીની સંસ્થા લોકભારતી સણોસરામાં રહીને આ સંશોધન કરેલું, એટલે મે જ નામ આપ્યું લોક -૧'. સત્ય હકીકતોની સાથોસાથ વિચારોના ચમકારાની સરળ અને સચોટ અભિવ્યકિત 'માયાનગર'નાં છબી-ચિત્રોને વાચકમનમાં તાદશ કરે છે. વિગતોનો ખડકલો કરી દેવાને બદલે દરેક વિગતના મૂળ સુધી જઈ લેખકે એને કલાકીય રૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે. એટલે પુસ્તકમાં પિરસાયેલી સામગ્રી નીરસ ન બનતાં લેખકની શબ્દવિન્યાસકળાનો ઉત્તમ ઉન્મેષ બની રહે છે.

**– જયંત ઉમરેઠિયા**

## વંદે હાસ્યમ્ – પ્રદ્યુમ્ન જોષીપુરા

અરુણોદય પ્રકાશન, અમદાવાદ. ૨૦૦૪. ક્રા. ૧૨૮, રૂ. ૬૫

લેખકના 'જલ્પન', 'વર્તુળના વિકર્ણ', 'હસતાં હસતાં' અને 'બોલ્યું, બાફ્યું માફ !' એ ચાર હાસ્યલેખોના સંગ્રહોમાંથી પસંદ કરેલા ૧૯ લેખોનો સમાવશ 'વંદે હાસ્યમ્'માં કરવામાં આવ્યો છે.

'હાસ્યવંદના' શીર્ષકથી લખેલા નિવેદનમાં હાસ્યરસના વિવિધ પ્રકારોનો ઉલ્લેખ કરી લેખકે હાસ્યકારની જીવનદષ્ટિ સ્પષ્ટ કરી આપી છે. જીવનનું તટસ્થ અને સમતોલ રીતે દર્શન કરાવનાર વ્યક્તિ તરીકે હાસ્યકારનું સ્થાન એમને આદરપાત્ર લાગ્યું છે.

'ચંદ્રકનો કલાકાર' એ પ્રથમ હાસ્યલેખમાં, બાબુ નામના પાત્રને મળેલ ચંદ્રક અને લેખાંતે એનો રહસ્યસ્ફોટ મજેદાર ગમ્મત બની રહે છે. રસ્તેથી જડેલો એક ચંદ્રક અંતે માલિકને પરત કરવા માટેની ઉત્તમ ભાવના પ્રદર્શિત કરવા બદલ 'નીતિપથદર્શક' ચંદ્રક અર્પણ કરી બાબુનું સન્માન કરવામાં આવે છે. 'ખરચ : કરકસરનો' લેખમાં કરકસરની યુક્તિઓ જ શી રીતે ખર્ચ વધવાનું કારણ બને છે એ બતાવાયું છે! 'ભોમિયા વિના...' લેખમાં માર્ગદર્શિકા વિશે માર્મિક ટકોર કરી ગાઈડ, પુસ્તક, ગ્રંથની સાથે વિવેચકને સાંકળીને ગાઈડના જમાઉધાર પાસાનું હળવું આલેખન થયું છે. 'ગાવાની અને ખાવાની એ બે ક્રિયાઓ શરૂ કરતાં પહેલાં આપણે શરૂઆતમાં કાંઈક શરમાઈએ છીએ અને પછી અલબત્ત, આ બે ક્રિયાઓમાં જે માણસ શરૂઆતમાં શરમાવાનું રાખતો નથી તેને લોકનિંદા સાંભળીને પાછળથી શરમાવું પડે છે.'' (પૃ. ૨૫) એવું તારણ 'ભોજનનો મહિમા' લેખને લાક્ષણિક બનાવે છે. તો 'પરીક્ષા' : એક દાન' લેખની શરૂઆત પ્રશ્ન-ઉત્તર પદ્ધતિથી થાય છે. કશું જ ન આપી શકે તેવાઓએ છેવટે એક-બે પરીક્ષાઓ તો આપવી જ જોઈએ અને તે રીતે કશુંક આપી છૂટયાનો આનંદ મેળવવો જ જોઈએ એવી ટકોર માર્મિક છે. અહીં ઈન્ટર્વ્યૂ, પાસયુગ, પરીક્ષકની મૂંઝવણ, ચોરી વગેરે સંદર્ભે હાસ્યપ્રેરક વિગતો અપાઈ છે.

દંભ અને દંભનું નાટક કરનાર વ્યક્તિઓની વાત 'એક આગવી કલા' લેખમાં થઈ છે. તો 'પડોશી પહેલો સગો' લેખમાં ટેલિફોન અને એ નિમિત્તે પડોશીઓની કનડગત હાસ્ય ઉપજાવે છે. 'વંદે હાસ્યમ્'ના લેખોમાં નિખાલસ અને નિર્દંશ હાસ્ય જોવા મળે છે. અલબત્ત, વિગતોના આલેખનમાં કયાંક વિવેકભંગ થાય એવાં વાકયો પુસ્તકની ગુણવત્તાને ઠેસ પહોંચાડે છે દા.ત.

*'હકીકતમાં બાઈન્ડીંગ કરેલી દરેક ચોપડી તે પુસ્તક કહેવાય, પછી તે ધોબીનાં કપડાં લખવાની ડાયરી હોય કે પછી મહાદેવભાઈની ડાયરી હોય'' (પૃ. ૨૧)*

*'જ્યારે મહાપુરુષોની જયંતીઓ ઉજવાય ત્યારે ત્યારે તેમનાં એ 'અડધિયાં'ની એટલે કે અર્ધાંગનાઓની જયંતીઓ પણ શા માટે ન ઉજવવી?''(પૃ. ૬૪)*

*'અમારા એક સાહેબ શિયાળાના સૂર્ય જેવા છે. .... શિયાળાના સૂર્યની પેઠે તેમને મોડા આવીને વહેલા ચાલ્યા જવાની ટેવ છે.'(પૃ. ૫૯)*

સંસ્કૃત વાકયોનો ખૂબીપૂર્વક ઉપયોગ (મૌનમ્ પરમ્ ભૂષણમ્, પૃ. ૧૪; ઔષધમ્ મમ ગંગાતોયમ્, પૃ. ૩૭) વંદે હાસ્યમ્'ના લેખોની લાક્ષણિકતા છે. લેખકે સાહિત્ય, ઈતિહાસ, શાસ્ત્રોનો આધાર લઈ સંખ્યાબંધ અવતરણો આપ્યાં છે. લેખકમાં નર્મની શક્તિ છે, કયાંક માર્મિકતા છે. પણ એમનું હાસ્ય કંઈક જૂનવાણી - જૂની ઢબનું - લાગ્યા કરે છે, કયાંક સ્તરથી નીચે ઊતરી જાય છે એ એની મર્યાદા પણ છે.

**– જયંત ઉમરેઠિયા**

## પાઠશાળા – પ્રદ્યુમ્નસૂરિ

પ્ર. રમેશ શાહ, સુરત, ૨૦૦૫. ડબલક્રાઉન ૩૦૬, રૂ. ૨૦૦

જૈન ધર્માચાર્ય તરીકે પ્રદ્યુમ્નસૂરિ વ્યાપક સંપ્રદાય-પ્રતિષ્ઠા ધરાવે છે એ ઉપરાંત અધ્યયન-પરિશીલનથી કેળવાયેલો એમને સાહિત્યરસ અને એમની ઊંડી વિદ્યાપ્રીતિને લીધે સાહિત્યરસિકોમાં પણ તે આદરપાત્ર બનેલા છે. એમનું આ પુસ્તક જૈન સામયિક 'પાઠશાળા'ના ૪૫ જેટલા દ્વૈમાસિક અંકોમાં પ્રગટ થયેલાં, વિવિધ વિષયો પરનાં એમનાં લખાણોનો વિષય-વિભાજન દ્વારા સંકલિત કરેલો સંચય છે. પરંતુ લેખકનું રુચિ-ફલક ઘણું મોટું છે અને આ લખાણોની વિચાર-રેખાઓ અને અભિવ્યક્તિ-ભાતો એ વિશાળ ફલક પર આલેખાતી રહી છે.

અહીં ધર્મશાસ્ત્ર અને વ્યાકરણશાસ્ત્રના ગ્રંથોના એમણે કરેલા અધ્યયનના સંસ્કારો છે; સંસ્કૃતની શિષ્ટ સાહિત્યકૃતિઓના વાચનના તથા મધ્યકાળથી આજલગીની ગુજરાતી સાહિત્યકૃતિઓના સતત પરિચયના આસ્વાદ-સંસ્કારો છે તેમજ વિહારો દરમ્યાન એમણે પ્રકૃતિનું જે સાન્નિધ્ય કેળવ્યું છે એના, સંવેદનતંત્ર પર ઝિલાયેલા સંસ્કારો છે. અને એ બધું ચિંતન, પ્રાર્થના, વિહાર, કાવ્યાસ્વાદ, મનન, કથાપરિમલ, વગેરે પંદર વિભાગો હેઠળનાં અનેકવિધ ટૂંકાં, રસપ્રદ ને વિચારણીય ગદ્ય-લખાણોમાં ગૂંથાતું રહ્યું છે.

આ લખાણોમાં કેવળ વિચાર-સામર્થ્ય જ નથી, લેખકની વિશિષ્ટ સૌંદર્ય-દષ્ટિ પણ છે. સમુદ્રકાંઠેના સોમનાથ મંદિર વિશેના આ લેખમાં જુઓ : 'તેનું સ્થાપત્ય તો અતીવ સુંદર છે જ. વળી એ સુંદરતા નીરખ્યા જ કરીએ એમ થવાનું એક વિશેષ કારણ પણ છે. આ વિશાળ શિવાલયની આગળ-પાછળ અને આજુ-બાજુ કશું જ નથી; બસ, અવકાશ જ અવકાશ છે!... આ છે એની સુંદરતાનું રહસ્ય.' (પૃ. ૨૬)

વિહાર દરમ્યાન પ્રકૃતિને આસ્વાદતા લેખકની મનસ્થિતિ એક કવિની મનસ્થિતિ જેવી છે – એમના ગદ્ય પર એની એક રંગીન ઝાંય પણ વરતાય છે. પણ એમાં કશું વાયવ્ય નથી, પ્રકૃતિનાં તત્ત્વોનો સીધો, નિકટતમ સાક્ષાત્કાર છે. ઈડરપ્રદેશમાં વસંતઋતુ દરમ્યાન કરેલા વિહારનો આ સૌંદર્યપ્રભાવ જુઓ : 'આ વસંતે તો ધરતીનું રૂપ જ બદલી નાખ્યું – ધરતી, ખરેખર વસુંધરા બની ગઈ! મહુડાનાં ધીંગાં વૃક્ષોની હાર અમે જોતા જ રહ્યા!... મહુડાની જેમ, ડગલે ને પગલે સ્નિગ્ધ છાયા પાથરતું રાયણનું વૃક્ષ જોયું. ચોતરફ નીલશ્યામ, સઘન છાયામંડિત રાયણ જ રાયણ... નેળિયાની પાસે આવ્યા ત્યાં બંને બાજુ સુગંધના ફુવારા જેવાં મકરોળ મળ્યાં. લીલાંછમ પાંદડાંથી ભરપૂર અને ઝીણાંઝીણાં સફેદ ફૂલો વેરતાં મકરોળ... સાબરકાંઠાનાં ગ્રામજનો જેને અંકોલા કહે છે તે અંકોલ્લ જોયાં... કેસરવાળા કંદમાં નાનાં ફૂલો.. ફૂલ શું, ફૂલના નાના-નાના ગુચ્છ!... એકલદોકલ અંકોલ્લ તો ઘણીવાર જોયાં હોય, પણ આ તો

અંકોલ્લવન!... થોડે દૂર શિરીષની વૃક્ષ-વીથિકા અમને આવકારી રહી હતી... પેલી દેશી મેંદીની સુગંધ, સંધ્યાસમયે ભરપૂર આવે. કેટલાંય નામી-અનામી વગડાઉ ફૂલોની આછી-આછી સૌરભ માણતાં, 'વસંતવિલાસ'ની પંક્તિઓ જ હોઠે ચડે : 'દહ દિસિ પસરઈ પરિમલ, નિરમલ થ્યા દિશિઅંત' (પૃ. ૧૭૨-૭૩) દરેક પુષ્પ-વૃક્ષના આકાર અને સુગંધનું વ્યક્તિત્વ એમણે કેવું ઉપસાવ્યું–આલેખ્યું છે!

ગુજરાતીની કેટલીક કવિતાના એમણે અહીં કરાવેલા આસ્વાદો વિચાર-સંવેદનકેન્દ્રી પ્રતિભાવકતાવાળા છે. અલબત્ત, અહીં જીવનપ્રબોધક કૃતિઓનું ચયન વિશેષ છે. જો કે સુંદરમ્‌નું 'પ્રતિપદા' અને ત્રિભુવન વ્યાસનું બાળકાવ્ય 'મને શું શું ગમે' પણ એમની પસંદગી પામ્યાં છે.

'મનન' વિભાગમાં વિચારકેન્દ્રી પણ પ્રાસાદિક નિબંધકૃતિઓ છે. પ્રવચનકાર જૈન સાધુમાં 'કથાપરિમલ' (વિભાગ) તો હોય જ. પણ અહીં રસપ્રદ દૃષ્ટાંતોને આધારે જે વિચારતારણો મુકાયાં છે એ અનુગતિક કે શુષ્ક બન્યાં નથી – એમાં નિજી વિચારનો પ્રકાશ છે ને સંવેદનની સ્નિગ્ધતા પણ છે. જૈન આચાર્યો-ગુરુજનો અને ઉત્તમ શ્રાવક-શ્રાવિકા વિશેનાં લખાણોમાં એમનું ચરિત્રાલેખન-કૌશલ પ્રસન્ન કરનારું છે.

આખા પુસ્તકમાં જાણીતા ચિત્રકારો-ફોટોગ્રાફરોએ કરેલાં તીર્થો, વ્યક્તિઓ, પ્રસંગોનાં સુંદર ચિત્રો છે. પરિચિત-અપરિચિત વૃક્ષો-પુષ્પોનાં ચિત્રો પણ છે. એ રુચિ-જિજ્ઞાસાની કેળવણી આપનારાં બને એમ છે – 'શ્રાવકો' અને વાચકો બંનેને માટે.

વિભાગ-અનુસાર સૂચિ આપવા ઉપરાંત, પાને પાને જે વિષયો, વ્યક્તિઓ, લેખકોના નિર્દેશો છે એની એક 'પથપ્રદર્શક સૂચિ' મૂકીને લેખકે શાસ્ત્રીય પરિપાટીની કાળજી લીધી છે. એ સૂચિ એમના વિચાર-વિહાર-ફલકનોને વૈવિધ્યનો ખ્યાલ પણ આપે છે.

આમ તો પુસ્તક પ્રબોધ-નિષ્ઠ રહ્યું છે – એમના સૌંદર્યાલેખો પણ પ્રબોધક રેખાઓથી આરંભાતા-વિરમતા રહ્યા છે. સામયિકમાં લખાયેલું બધું અહીં સંચિત થયું છે. આમાંથી સંપાદિત કરેલો એક લઘુ સંચય પણ કરવામાં આવે તો એ વળી વિશેષ સઘન ને પ્રભાવક બની રહે.

**– રમણ સોની**

| II વરેણ્ય II | ચંદ્રકાન્ત ટોપીવાળા |
|---|---|
| બત્રીસ પૂતળીની વેદના : ઇલા આરબ મહેતા | |

## ગુજરાતી નવલકથાના માનકનો વિસ્તાર

અનુઆધુનિકતાવાદની ફલશ્રુતિ એ છે કે બધું જ આવરી લેતી એકહથ્થુ કે એકકેન્દ્રીય સત્તા તૂટી અને એ સાથે અનેક કેન્દ્રો સક્રિય થયાં. હાંસિયા પરના આજ દિન સુધી ગૌણ ગણાયેલા ઘટકોએ પોતાનું સ્વત્વ સ્થાપિત કરવા પ્રયત્નો શરૂ કર્યા. વાતાવરણમાં ભિન્નતાનો આદર પ્રસર્યો એમાં, સાહિત્યક્ષેત્રે ઊપસેલો પ્રથમ સ્તરનો અનુભવ (First hand experience) કે પછી અંદર પડેલાઓ(Inlookers) નું પરિમાણ નવી દિશાઓ લાવ્યાં. અનુસંસ્થાનવાદ, દલિતવાદ, વગેરેની આ પ્રકારની પરિણતી છે. નારીવાદનું પણ એ રીતે પોતાનું સ્થાન બન્યું. નારીવાદની સંરક્ષક, ઉદાર ઉગ્ર કે ક્રાંતિકારી યા જેહાદી એવી અનેક અર્થચ્છાયાઓ વચ્ચે દેરિદા, લકાં, ફૂકોએ આપેલી જાત (Subject) અંગેની નવી ઓળખસંદર્ભે સદીઓ જૂના પુરુષસત્તાક વિચાર અને સત્તાનાં માળખાં સામે પડકાર આવ્યો. પુરુષનિર્મિત નારીપ્રકૃતિ પર પ્રહાર થયા. પુરુષ સાથેના સંબંધમાત્રમાં નહીં પણ એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્ત્રીનાં મૂલ્યો વિચારણામાં આવ્યાં. રૂઢિ અને ધર્મને મિષે સતીત્વ, પત્નીત્વ, માતૃત્વની આડશમાં થતાં નારી પ્રતિનાં અન્યાય, અનીતિ અને અત્યાચારના પ્રપંચો ખુલ્લા પડયા. સીમોં દ બુવાએ સાર રૂપ ઉચ્ચારેલું કે, નારી જન્મતી નથી, નારી બને છે. (One is not born but becomes a woman) અને તેથી નારી પુરુષ, ઘર અને સંતાનોની લીલાની પાર નીકળી એની પોતાની ઓળખમાં આગળ વધી.

ગુજરાતી સાહિત્યમાં નવમા દાયકાની શરૂઆતમાં આધુનિકતાના ઓસરતા પૂર વચ્ચે પ્રકાશિત થયેલી ઈલા આરબ મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના' (૧૯૮૨) નવલકથા આજના તબક્કે પશ્ચાદ્વર્તી નજરે જોતાં અનુઆધુનિકતાવાદનું સ્પષ્ટ લક્ષણ ધારણ કરતી હોય એમ જોઈ શકાય છે. કુન્દનિકા કાપડિયાની 'સાત પગલાં આકાશમાં' (૧૯૮૪) આ નવલકથાની અનુગામી નવલકથા છે. બત્રીસ પૂતળીની વેદના 'જન્મભૂમિ-પ્રવાસી'માં હપ્તાવાર પ્રગટ થઈને પછી ૧૯૮૨ના મે માસમાં પુસ્તક રૂપે પ્રસિદ્ધ થઈ છે જ્યારે 'સાત પગલાં આકાશમાં' ૧૯૮૨ ના જુલાઈથી ૪૦ અઠવાડિયાં સુધી 'જન્મભૂમિ-પ્રવાસી'માં પ્રગટ થઈ ૧૯૮૪ના જાન્યુઆરીમાં પુસ્તક રૂપે પ્રસિદ્ધ થઈ છે. કલાત્મક સંવેદના અને એકાગ્રતા સાથે ઈલા મહેતાએ પ્રચારસામગ્રીને અતિક્રમી જઈ પૌરાણિક પાત્રોની સમાન્તર ગતિમાં નવલકથાની ગતિને મૂકીને જે સંકુલતા સિદ્ધ કરી છે એ જોતાં લાગે છે કે 'સાત પગલાં આકાશમાં' સપાટ કથ્યવાળી, નર્યાં ભાષણખોર અને વિચારોને ટાંગવાની ખીંટી જેવાં ઉપજાવેલાં પાત્રોવાળી, હકીકતો તેમજ કિસ્સાઓના ભરમાર દ્વારા પરિમાણ વગર વાસ્તવનું સ્થૂલ આકલન કરતી નવલકથા છે. આવી નવલકથાને સાહિત્ય અકાદમી દિલ્હી સહિત અપાયેલા છ-છ પુરસ્કારો દ્વારા તેમજ વારંવાર અભ્યાસક્રમમાં અપાયેલા પ્રવેશ દ્વારા ખરેખર તો સાહિત્યધોરણોનું ધોવાણ થયું છે, અથવા ખોટાં સાહિત્યધોરણ દાખલ કરાયાં છે. સૌથી અગત્યની બાબત તો એ છે કે કુન્દનિકા કાપડિયાની 'સાત પગલાં આકાશમાં'નું કથાનક નિહિત રીતે 'બત્રીસ પૂતળીની વેદના'ના કથાનકને અનુસર્યું છે. 'સાત પગલાં આકાશમાં'માં સામૂહિક જીવનશૈલી નિમિત્તે આનંદગ્રામ (ગો. મા. ત્રિ.નું 'કલ્યાણગ્રામ' યાદ કરો)માં એકઠાં થતાં પાત્રો અને પછી એમની ઊકલતી જીવનવીગતો બરાબર

'બત્રીસ પૂતળીની વેદના'માં 'સદ્‌ગુણા સદન'માં નાટકનિમિત્તે એકઠાં થતાં પાત્રો અને એમની ઊકલતી જીવનવીગતોનું ચોખ્ખું અનુસંધાન બતાવે છે. વળી ઈલા મહેતાની નેમ 'ભાવના બહુ બોલકી કે પ્રચારાત્મક ન બની જાય' એની કાળજી લઈને ચાલે છે. જ્યારે કુન્દનિકા કાપડિયા 'આ માત્ર નવલકથા નથી. હજારો સ્ત્રીઓની જીવનકથા છે' એવું કહી આગળ આવ્યાં છે. નવલકથાને અજવાળવા કરતાં નવલકથાના હાથમાં મશાલ પકડાવવાની કુન્દનિકા કાપડિયાની નેમ વધુ તીવ્ર છે. નવલકથા નકરું સત્ય નહીં પણ સત્યનું સંક્રમણ (Truth fusion) છે, એ વાત એમાં લગભગ વિસરાઈ ગઈ છે. નકરી હકીકત અને પલાયનવાદી આદર્શવાદના છેડાઓ વચ્ચે ચહેરાઈ ગયેલી 'સાત પગલાં આકાશમાં'ના અનુસંધાનમાં ઈલા મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના'ના સંયત સંવદેનશીલ અને સૂઝસમજ સાથેના પૂર્વપ્રયત્નને તપાસવા જેવો છે. ગુજરાતી સહિત્યમાં નારીને સ્વતંત્ર વ્યક્તિ તરફ દોરતી નારીની સંપ્રજ્ઞતાને દર્શાવતી, પોતાના અધિકાર પરત્વે નારીને જાગૃત કરતી અને નારી અંગેના સામાજિક-આર્થિક અન્યાય-અત્યાચારને કેન્દ્રમાં લાવતી આ પહેલી નારીલક્ષી નવલકથા છે.

'બત્રીસ પૂતળીની વેદના' એ મધ્યકાલીન 'બત્રીસ પૂતળીની વારતા'ના અનુસંધાને અપાયેલું સૂચક શીર્ષક છે. અહીંનાં પાત્રો સિંહાસનની શોભા વધારનાર પૂતળીઓ હોવા છતાં પુરુષોની ગુણગાથા ગાવાને બદલે પોતાની વેદનાને વાચા આપે છે. કૌટુંબિક સંબંધો વચ્ચે એમની માનસિક ચેતનામાં ઉતારે છે અને પુરુષશાસનના પ્રભાવને છતો કરે છે. અહીં વારતા પ્રસ્તુત નથી, કલ્પના રૂપે વેદનાનું વાસ્તવ પ્રસ્તુત છે આ માટે કથાનકને આકર્ષક ઘાટ અપાયો છે. નવલકથાનાં નારીપાત્રો જીવન જીવવાનું નાટક કરતાં કરતાં છેવટે નાટકમાં જીવનના અંતરતમ સત્યને ઉદ્‌ઘાટિત કરી બેસે છે અને આ માટે રામાયણનાં ચાર નારી પાત્રોની સહાય, સસ્તા સમીકરણ અર્થે નહીં પણ કીમતી સમાન્તરતા માટે નવલકથાકારે લીધેલી છે.

નવલકથામાં મુખ્ય અનુરાધાનું પાત્ર પોતે નવલકથાકાર છે. નવલકથા અનુરાધાની નવલકથા 'બંધન તૂટયાં'ના અંશથી શરૂ થાય છે. પુરુષ તરફ અવશ ખેંચાતી વિધવાના પાત્રનું આ વર્ણન વાંચતાં અનુરાધાના પતિની પ્રતિક્રિયા છે : 'કંઈ સારુ લખને!' 'આ દ્વારા પતિની અપેક્ષા છેઃ લખવું એટલે આદર્શ સ્ત્રી માટે સમાજે ઘડેલા નિયમો વિશે લખવું. અનુરાધા શાહ પતિને મૂંઝવણ ન થાય એ માટે અનુરાધા ગુપ્તાને નામે લખે છે. અનુરાધાને ખબર પડી જાય છે કે પુરુષસત્તાક માળખામાં અનુરાધા ગુપ્તાને જીવાડવામાં અનુરાધા ગુપ્તા સિવાય કોઈને રસ નથી. આમ, આકર્ષક રીતે નવલકથા-અંતર્ગત નવલકથાના અંશથી પ્રારંભ કર્યા પછી અનુરાધાનું પાત્ર લેખ લખવા બેસે છે. અને એમાં એ સ્પષ્ટ માને છે કે કુમુદ ને મંજરી પુરુષલેખકોએ કલ્પેલાં પાત્રો છે. અનુરાધાની પુરુષસત્તાક માળખાની બહાર જઈ જુદી રીતે જીવવાની જકને 'વિચિત્ર' ગણવામાં આવી રહી છે. અનુરાધા લખે એના કરતાં વાનગીઓના ડેમોન્સ્ટ્રેશનમાં જાય કે કોફીપાર્ટીઓમાં જાય એમાં એના પતિને વિશેષ રસ છે.

આવી અનુરાધાને 'આર્યનારી હિતવર્ધક મંડળ' ના ચુસ્ત શાસ્ત્રીજીનું તેડું આવે છે. અનુરાધા જર્જરિત 'સદ્‌ગુણા સદન' પાસે પહોંચે છેઃ 'મધ્ય મુંબઈમાં આવેલી સોએક વર્ષ જૂની ઈમારત હતી ખખડધજ છતાં કાળની થપાટો સહન કરતા આ મકાનને ટેકવવા મોટાં મોટા લાકડાઓના ટેકાઓ ગોઠવતા હતા. ભીંતો પર પડેલાં ગાબડામાં કયાંક કયાંક સિમેન્ટનાં પ્લાસ્ટરો દેખાતાં હતાં. લીલો રંગ ઘસાઈ કાળક્રમે માત્ર ધૂળનો જ રંગ બાકી રહ્યો હતો.' (પૃ. ૧૬). પુરુષસમાજે કલ્પેલી નારીઓ અંગેની સદીઓ જૂની જર્જરિત રૂઢિઓના સંદર્ભનો સંકેત આ સ્થળ બરાબર આપે છે. એ અલગ વાત છે કે આ સંકેતને નવલકથાકારે કારણ વિના પછીથી ખુલ્લો કરી રોળી નાખ્યો છે : 'આપણે એનાં એ જ છીએ, આ 'સદગુણા સદન'ના જૂના મકાન જેવાં. ટેકાઓ મારી

મારી આપણને ખડાં રાખ્યાં છે. આપણા પર પાટિયું નવું રંગરોગાનવાળું છે, પણ ભીતર જુઓ! આ ખુરશીઓ, આ ધૂળ, આ કાચ તૂટેલી બારી, ભીતર કશુંય બદલાયું નથી. (પૃ. ૧૫૨)

અનુરાધાના પાત્રને પુરુષસત્તાક નારીઆદર્શને આગળ કરનારા શાસ્ત્રીજીના રૂઢિચુસ્ત પાત્ર સામે મૂક્યું છે. શાસ્ત્રીજી અનુરાધાને મંડળની સ્થાપનાનાં સો વર્ષ પૂરાં થયે યોજાનાર મહોત્સવ અંગે નારીમાં રહેલા ઊંચા ગુણોનું દર્શન કરાવતું નાટક લખવાની કામગીરી સોંપે છે.

લગ્નજીવનની પુરુષઢાંચામાં આગળ વધતી કુંઠિત ગતિની સચ્ચાઈ અનુરાધા સમક્ષ મંથરાના પાત્ર રૂપે પ્રત્યક્ષ થાય છે, એ આખો ય સ્વપ્ન-તરંગ-પ્રસંગ લેખકે પૂરી પ્રવાહિતાથી નિરૂપ્યો છે. અહીં નવલકથામાં આ અને એવા કેટલાંક તાજગીભર્યાં વર્ણનો નિમિત્તે વિશિષ્ટ ગદ્યકર્મ થયેલું જોવાય છે:

• સહુએ એકબીજા તરફ જોયું. શાસ્ત્રીજી અને ચન્દ્રાબહેન તરફ જોયું. સામેની દીવાલ, દીવાલમાંની બારીઓના સળિયાઓ તરફ જોયું; પણ કોઈની પોતાની અંદર જોવાની હિંમત ન ચાલી. અંદર જોત તો બારીના સળિયા દેખાત.(પૃ. ૪૩)

• રસ્તા પર ઘાસતેલ રેલાઈ ગયું. ઝગમગતો તડકો ઘાસતેલમાં સાત રંગના સાથિયા પૂરવા લાગ્યો. એક કૂતરું ત્યાં ઊભું રહી મેઘધનુષ સૂંઘવા લાગ્યું. એક ચિચિયારી મારતી ટ્રક ચીલઝડપે પસાર થઈ ગઈ ને પેલું મેઘધનુષ છૂંદાઈ ગયું (પૃ.૧૫૦)

• ધગધગતી રેતીનો એક થાંભલો હાહાકાર કરતો ઊઠયો હતો ને પછી તૂટી પડ્યો હતો. ચારે તરફ રેતીનો દરિયો નજરે ચડતો હતો. (પૃ.૧૬૬)

ક્યારેક વર્ણનોના ગર્ભમાં રહેલાં ઉપમાનો સંદર્ભને ખાસ્સા અર્થસભર કરે છે :

• કૂબડી હસી, ખાલી કૂવામાં ઘડો અફળાય તેવું (પૃ. ૩૧)

• વીજળીના દોરામાં ચાંદની પરોવી દીધી હોય તેવી એક તરુણી ત્યાં બેઠી છે. (પૃ.૩૧)

• જાયન્ટ વ્હીલમાં બેઠેલો માણસ એકદમ ઊંચે ચડે ને આજુબાજુની દુનિયાનો નકશો પલટાઈ જાય તેમ આ સ્ત્રીએ જાણે બધાંને ઊંચે ફંગોળી દઈ પેટમાં આંટી પાડી દીધી હતી. (પૃ. ૪૪)

• એનો સમય ફળોમાં ફરતી ઈયળ જેવો અંદરોઅંદર ઘુમરાયા કરે છે. ધીરે ધીરે ફળ સડવા માંડે તેમ તેનો દિવસ સડવા માંડે છે. (પૃ. ૪૪)

• દરિયા કાંઠે છીપલાં વીણનારાના હાથમાં જેમ ડંખીલો કરચલો આવી પડે તેમ થોડી નોંધો હતી. એમાં એક નામ વારંવાર ઘૂંટાતું હતું, 'ગીતા'.

વળી, પાત્રો પ્રમાણે અનુનેયશીલ બનતી ભાષા પણ ધ્યાન ખેંચે છે. રામાયણનાં પાત્રોની ભાષાનો પ્રશિષ્ટ સંસ્કૃતપુટ, શાસ્ત્રીજીની આડંબરી સંસ્કૃતભાષાથી જુદો પડયો છે. ટાઈપિસ્ટ માર્શિયાના સંવાદો અને નોકર ગંગાબાઈના સંવાદોની ભાષાને પણ નોખી તારવી છે. આ નવલકથાકાર પાસે નવલકથાની અનિવાર્ય શરત એવી કથા કહેવાની કલાની આવડત અવશ્ય છે અને તેથી એક સંઘટિત રૂપમાં ભાષાનાં બહુસ્વની પરિમાણ ઊપસી શક્યાં છે. અહીં સીધા કથન રૂપે ભાગ્યે જ કશુંક આવે છે. જે કાંઈ આવે છે તે પાત્રના મનોગત તરીકે કે પછી અન્ય આંતરમનની ગતિ રૂપે પ્રગટયા કરે છે. ભાગ્યે જ ભાષણખોરીમાં જ ભાષણખોરી ઊતરે છે.

અનુરાધા રામાયણની ચાર નારીઓ કૈકેયી, કૌશલ્યા, સીતા અને મંથરાને કેન્દ્રમાં રાખીને સમાન્તર સત્યોની કરુણતા પ્રગટાવતું નાટક લખે છે. અને આ નાટક નિમિત્તે રેખા, વિનોદિની, છાયા અને વિભાવરીની સાથે અનુરાધાને સમાગમ થાય છે. ચાલમાં ઊછરીને મોટી થયેલી રેખા ઉદ્યોગપતિ વિપુલનો શિકાર થઈને માછલીઘરની માછલીની જેમ પતિનાં નિયંત્રણોમાં મા-ભાઈથી અલગ રહીને જીવે છે. તો વિનોદિની ઉદરના પોલાણમાં થથરતી શૂન્યતા લઈ વંધ્યત્વના અભિશાપથી વ્યથિત છે. પોતાથી ઓછું કમાતા પતિ પરાશરની ઈર્ષ્યાનો ભોગ બનેલી વ્યવસાયકુશળ છાયાને પતિની શંકામાં જીવવાનું લખાયું છે તો અભિનેત્રી વિભાવરી પતિ મયંકથી અન્ય નટી ગીતાને કારણે તરછોડાયેલી છે. આ બધી

સ્ત્રીઓને નવલકથાકાર કહે છે તેમ બેવડી જિંદગી જીવવાનો અનુભવ છે. સાંજે ઘરનો દાદર ચઢતા ચઢતા એમણે એમની બુદ્ધિ, પ્રતિભા, શક્તિ બધું બહાર છોડી દઈ ઘરમાં પોતે એક માત્ર ગૃહિણી તરીકે દાખલ થવાનું છે. નવલકથાકારે આનું વર્ણન આ રીતે કર્યું છે :

ઢળતી બપોરના થોડા પ્રકાશ ને થોડા અંધારથી ભરેલા એ વ્યાખ્યાનખંડમાં સ્ત્રીઓ બેઠી હતી પણ દરેકની પાછળ પાછળ એક ખાડાટેકરાવાળી કેડી હતી જે પર ચાલતી ચાલતી તે આ સમયે, આ સ્થળે આવી પહોંચી હતી. જે દરેકની સામે એક ધૂંધળી ધુમ્મસછાયી ક્ષિતિજની રેખા હતી કેડી ન્હોતી. એકલાએ જ પોતપોતાનો ક્રોસ ખભા પર ઊંચકી ચાલવાનું હતું. (પૃ.૧૧૦)

પુરુષસત્તાક વ્યવસ્થામાં નારીના થતા આત્મવિલોપનની સામેનો સૂર નવલકથાને અંતે મહોત્સવમાં થતા નાટક દરમ્યાન પ્રગટે છે.

પાત્રો નાટકના સંવાદો બાજુએ રાખી પોતાના સંવાદો દ્વારા વેદનાને વ્યકત કરે છે. રૂપાળા મહેલમાંથી મુક્તિ માગતું રેખાનું કૈકેયીપણું; વંધ્યત્વની અભિશપ્ત મનઃસ્થિતિમાંથી વિનોદિનીનું પ્રગટ થતું એકલતાસભર કૌશલ્યાપણું; પતિની શંકાની અગ્નિપરીક્ષામાં પ્રગટ થતું છાયાનું સીતાપણું; પતિની વરવી સચ્ચાઈનો સામનો કરતું વિભાવરીનું મંથરાપણું – આ સર્વને જોતાં છેવટે નાટકકાર અનુરાધા પોતે સ્ટેજની મધ્યમાં આવીને કહે છે :

*શાસ્ત્રીજી, બહુ નાટકો કરાવ્યાં સ્ત્રીઓ પાસે. ઘણા ખેલ ખેલ્યા અમે. હવે અમે નાટક નહીં કરીએ (પૃ. ૧૮૩).*

નવલકથાકારે નાટકનો સંદર્ભ લઈ રામાયણનાં ચાર નારીચરિત્રો સાથે વર્તમાન પાત્રોની નિજી કથાની કરેલી સમાન્તર સંડોવણીથી કથાનકને એક ગંભીર પરિમાણ મળ્યું છે. નાટક કેન્દ્રમાં છે. નાટકની પરિભાષા આસપાસ નવલકથા બંધાયા કરે છે. સ્ત્રી ધર્મનું નાટક ટકાવવાના પુરુષસત્તાક પ્રપંચને આ નાટક ઉત્તમ રીતે સંકેતિત કરે છે. બીજી રીતે કહીએ તો આ નાટકની ભજવણી સુધી પહોંચતાં પહોચતાં નારીસમસ્યા સંદર્ભે પોતપોતાના નાનામોટા પ્રસંગોની શ્રેણીથી બંધાતાં પાત્રો દ્વારા એકંદરે આ નવલકથાનો ગોંફ ગૂંથાયો છે. અહીં પહેલીવાર દાખલ થયેલો, પુરુષથી અલગ એવો, વિશિષ્ટ નારીકોણ ગુજરાતી નવલકથાના ચાલી આવતા માનકને વિસ્તારે છે. આ નવલકથા સાહિત્યની પાર જોવા છતાં સાહિત્યને જોવાનું ક્યારેક જ ચૂકી છે એ એની અર્થવત્તા છે. 'સાત પગલાં આકાશમાં' જેવી ચલણી થઈ ગયેલી નવલકથાની ગમે એટલી આવૃત્તિઓ છતાં અને ગમે એટલી એની લોકપ્રિયતા છતાં 'બત્રીસ પૂતળીની વેદના' સ્પષ્ટ કરી આપે છે કે પ્રભાવક સંદેશ માટે સમર્થ પ્રસ્તુતિ અનિવાર્યપણે કલાનું સ્થાયી મૂલ્ય રચે છે. 'બત્રીસ પૂતળીની વેદના' વાચકોના માત્ર તદાત્મીકરણ માટેનું નહીં પણ વાચકોના તટસ્થ સહસર્જીકરણ માટેનું ક્ષેત્ર છે.

## પરિચય-મિતાક્ષરી

[સ્વીકાર-સમાલોચના માટે પ્રકાશકો અને લેખકો તરફથી મળેલાં પુસ્તકોની પરિચયનોંધ]

સ્વીકાર-મિતાક્ષરી વિભાગને હવે પુસ્તકનો થોડોક વધુ પરિચય આપતા **પરિચય-મિતાક્ષરી** વિભાગરૂપે રજૂ કરવાનું રાખ્યું છે. આ પરિચય પુસ્તકની પ્રકાશન-વિગતો ઉપરાંત વિષય-સામગ્રીના પણ વધુ નિર્દેશો આપશે. અલબત્ત આ સંક્ષિપ્ત લખાણો મંતવ્યલક્ષી નહીં પણ વસ્તુ-વિગત-લક્ષી રહેશે. એ પછી અવલોકન-સમીક્ષા માટે આમાંથી જ પુસ્તકો પસંદ થશે.

મળેલાં સર્વ પુસ્તકોને પ્રાથમિક પરિચયથી આવરી લેવાના જરૂરી પ્રયોજનથી આ ઉપક્રમ કર્યો છે.– **સંપાદક**

### કવિતા

**અલ્વિદા! રતિલાલ 'અનિલ' – રતિલાલ 'અનિલ'.** આવાઝ પ્રકાશન, રાનકુવા/નવસારી, ૨૦૦૫. ડે. ૧૮૦, રૂ. ૧૫૦. • રતિલાલ અનિલની અગ્રંથસ્થ ગઝલોનો, મસ્ત મંગેરા તથા જય નાયકના સહયોગમાં સંકલિત કરેલો સંગ્રહ.

**આ ગગન – રાજેન્દ્ર શાહ.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૪. ડે. ૯૬, રૂ. ૬૦. • ૮૧ છાંદસ્ કાવ્યો અને ગીત-રચનાઓ.

**ક્ષુધિત સૂર્ય – કિસન સોસા.** સાહિત્યસંગમ, સુરત, ૨૦૦૫. ડે. ૯૬, રૂ. ૭૦ • ગઝલ અને અછાંદસ રૂપે લખાયેલી ૭૦ દલિત પ્રતિબદ્ધ કવિતાનો સંચય. પ્રારંભે, કવિના લેખનકાર્ય અંગેની એક મુલાકાત મુકાઈ છે.

**ગીતાંજલિ – અનુ. માવજી કે. સાવલા.** આર.આર.શેઠ, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૫. ક્રા. ૧૦૩, રૂ. ૬૦ • રવીન્દ્રનાથ ઠાકુરકૃત 'ગીતાંજલિ'ના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતી અનુવાદ.

**ગુજરાતી કવિતાચયન ૨૦૦૩ – સંપા. નીતિન મહેતા.** ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ૨૦૦૫. ડે. ૧૫૨, રૂ. ૯૦ • ૨૦૦૩ના વર્ષમાં વિવિધ સામયિકોમાં પ્રકાશિત કવિતાનું સંપાદન, સંપાદકીય અભ્યાસલેખ સાથે.

**ઘર્ષણા – મુકુંદ દેસાઈ** 'મદદ'. સાહિત્યસંગમ, સુરત, ૨૦૦૫. ડે. ૫૬, રૂ. ૫૦. • ૪૪ છાંદસ અને ગીત કાવ્યોનો સંચય.

**જળ, વાદળ ને વીજ – ચંદ્રકાન્ત શેઠ.**આર.આર.શેઠ, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૫. ડે. ૯૦, રૂ. ૫૫ • બાવન કાવ્યકૃતિઓ.

**તૃષિત સૂર્ય – કિસન સોસા.** સાહિત્યસંગમ, સુરત, ૨૦૦૫. ડે. ૯૪, રૂ. ૭૦. ગઝલ, ગીત, અછાંદસરૂપે લખાયેલાં ૭૫ કાવ્યોનો સંચય, આરંભે લેખક સાથેની એક મુલાકાત સાથે.

**નગ્ન નિર્જન હાથ – અનુ. ભોળાભાઈ પટેલ.** સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી, ૨૦૦૫. ડે. ૨૦+૨૦૨, રૂ. ૧૨૦ • જીવનાનંદ દાસની બંગાળી કવિતામાંથી સંપાદન અને (ગુજરાતી લિપિમાં) મૂળ કાવ્યો સાથે મૂકેલો અનુવાદ. અનુવાદકે આરંભે જીવનાનંદ દાસની કવિતા વિશેનો અભ્યાસલેખ તથા અંતે કાવ્યો વિશેનાં ટિપ્પણો-નોંધો તેમજ પરિશિષ્ટમાં બંગાળી ઉચ્ચારણની કેટલીક વિશેષતાઓની નોંધ મૂક્યાં છે.

**નદીચાલીસા – બાબુ સુથાર.** હેતુ પ્રકાશન, વડોદરા, ૨૦૦૫, પ્રાપ્તિ. સંવાદ, વડોદરા; પાર્શ્વ, અમદાવાદ. ડે. ૯૬, રૂ. ૬૦. • સળંગ રચનારૂપે ૪૦ કૃતિઓ.

**નાગરસ્ત્રીઓમાં ગવાતાં ગીત - સંશોધક સંપાદક કવિ નર્મદા શંકર. સંયોજક રમેશ મ. શુક્લ,** ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત. સંશોધિત આવૃત્તિ ૨૦૦૫, ડે. ૧૯૦, રૂ. ૧૨૫. • કવિ નર્મદે ક્ષેત્રકાર્યદ્વારા સાંભળી-લખી એકઠાં કરી-કરાવીને પ્રગટ કરેલાં જનોઈ, લગ્ન, અઘરણી જન્મ આદિ પ્રસંગોએ ગવાતાં નાગર સ્ત્રીઓનાં ૧૯૫ ગીતો. એ દરેક પ્રસંગના 'રીતિકથન' અંગે પ્રસ્તાવના પણ લખેલી. ઈ. ૧૮૭૦ની પહેલી આવૃત્તિ અને ૧૯૧૦ની બીજી આવૃત્તિઓને આધારે આ સંશોધિત-સંકલન રમેશ શુક્લે કર્યું છે.

**રૂબાઈયાતે શામિલ - મનહર 'શામિલ'.** પ્રભાત પ્રકાશન, મુંબઈ, ૨૦૦૨. ડે. રૂ. ૧૦૦ • રૂબાઈસંગ્રહ.

**હવાને કિનારે – હરદ્વાર ગોસ્વામી.** પ્ર. લેખક, તળાજા, ૨૦૦૫. ડે. ૬૪. રૂ. ૫૦. • બાવન ગઝલરચનાઓનો કવિનો પ્રથમ સંગ્રહ.

### વાર્તા

**અકલુંચકલું બાલવાર્તાવલિ – રમણલાલ સોની.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫; (પ્રત્યેક પુસ્તિકાનાં)ક્રા. ૫૬, રૂ. ૨૫(રૂ. ૧૨૫ પાંચ ભાગના) • સસલાને ખિતાબ, વરુરાજા, ટોપી-પંડિત, ચંપુ નામે વાંદરો, સડેલી કેરી – એવી પાંચ પુસ્તિકાઓમાં ૫૦ જેટલી બાળકથાઓ, ચિત્રો સાથે. વાર્તાકથનથી

મળનારો આનંદ, ભાષાશિક્ષણ અને જીવનશિક્ષણને લેખકે આ કથાઓનાં પ્રયોજન ગણાવ્યાં છે.

**આઠમો શ્રવણ – ચંદ્રકાન્ત વાગડિયા.** શબ્દ પબ્લિકેશન્સ, વડોદરા. ૨૦૦૧. ડે. ૧૦૨, રૂ. ૫૦. • ૧૮ ટૂંકીવાર્તાઓનો સંગ્રહ.

**ઝાંસીની રાણીની વાર્તા – અનુ સલોની ગાંધી.** નેશનલ બુક ટ્રસ્ટ, દિલ્હી, ૨૦૦૫. ડબલ ડેમી. ૧૬ રૂ. ૧૪. • બાળકો માટે સંધ્યા રાવે લખેલી અંગ્રેજી પુસ્તિકાનો ગુજરાતી અનુવાદ. રંગપૂરણી માટેનાં ચિત્રો સાથે.

**તડકો – નાનાભાઈ જેબલિયા.** હર્ષ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૫, ડે. ૨૦૮ રૂ. ૯૦. • ૨૨ ગુજરાતી ટૂંકીવાર્તાઓ.

**ત્રિમૂર્તિ – પ્રવીણસિંહ ચાવડા.** ગૂર્જર, અમદાવાદ. ૨૦૦૪ ક્રા. ૧૮૮ રૂ. ૮૦ • લેખકની ૧૮ ટૂંકીવાર્તાઓનો સંગ્રહ.

**નિત્યનૂતન બાલવાર્તાવલિ – રમણલાલ સોની.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૪; (પ્રત્યેક પુસ્તિકા)ક્રા. ૪૮, રૂ. ૨૦ (રૂ. ૧૦૦ પાંચ પુસ્તિકાના સંપુટના) • માણસનાં શિંગડાં, કોઈ લ્યો ભાજી! માશીનો ભાણિયો, સ્ટીમરોની રાણી ટાઈટેનિક, કોયલનાં બચ્ચાં – એવી પાંચ પુસ્તિકાઓમાં કુલ ૨૫ બાળ-કથાઓ, ચિત્રો સાથે. વાર્તાકથનનો આનંદ, ભાષાશિક્ષણ અને જીવનશિક્ષણને લેખકે આ વાર્તાઓમાં પ્રયોજનો ગણાવ્યાં છે.

**૨૦૦૪ની શ્રેષ્ઠ વાર્તાઓ – સંપા. દીપક મહેતા.** આર.આર.શેઠ, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૫. ડે. ૨૦૪, રૂ. ૧૨૫. • વિવિધ સામયિકોમાં વર્ષભર પ્રગટ થયેલીમાંથી શ્રેષ્ઠ લાગેલી વાર્તાઓનું સંપાદન, સંપાદકીય અભ્યાસલેખ ઉપરાંત ૨૦૦૪માં પ્રગટ થયેલી ૨૬૪ ગુજરાતી વાર્તાઓની સામયિક-વર્ષ-માસ-ની વિગતો સાથેની સૂચિ પણ આ સંપાદનમાં સામેલ છે.

**મધુમાલતી બાલવાર્તાવલિ – રમણલાલ સોની.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫; (પ્રત્યેક પુસ્તિકા) ક્રા. ૫૬ , રૂ. ૨૫ (રૂ.૧૨૫ પાંચ પુસ્તિકાના સંપુટના) • બૂચલો ગધેડો, આરામદાસ, બાઘારામ, નવાસાહેબનાં ચા-પાણી, સસલાની છીંક–એવી પાંચ પુસ્તિકાઓમાં ૩૦ બાળકથાઓ, ચિત્રો સાથે. વાર્તાકથનનો આનંદ, ભાષાશિક્ષણ અને જીવનશિક્ષણને લેખકે આ કથાઓનાં પ્રયોજનો ગણાવ્યાં છે.

**માદક દરિયો ને હું – હાસ્યદા પંડ્યા.** નવભારત, અમદાવાદ, ૨૦૦૫, ક્રા. ૧૭૦ રૂ. ૧૦૦. • ૨૨ ટૂંકીવાર્તાઓનો સંગ્રહ સુવર્ણા તથા હરીશ મંગલમ્‌ની પ્રસ્તાવનાઓ સાથે.

**રમણલાલ સોનીની શ્રેષ્ઠ બાલવાર્તાઓ – સંપા. મધુસૂદન પારેખ.** પ્રફુલ્લ વોરા, મુંબઈ, ૨૦૦૫. વિ. ગૂર્જર, અમદાવાદ. ડે. ૨૫૬, રૂ. ૧૫૦. • રમણલાલ સોનીની, છ દાયકાથી રચાતી રહેલી બાળવાર્તાઓમાંથી પસંદ કરેલી, ક્યાંક ટૂંકાવેલી, ૭૦ વાર્તાઓનો સંગ્રહ. વાર્તાને અંતે જ્યાં જગા બચી ત્યાં સંપાદકે રમણલાલ સોનીનાં બાળકાવ્યો પણ મૂક્યાં છે. દરેક વાર્તાને અંતે મૂળ સ્રોતનો નિર્દેશ પણ કર્યો છે.

**લીલી ધરતીના ઉભરાતા રંગ – શિવદાન ગઢવી.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫. ક્રા. ૨૭૨ રૂ. ૧૦ • ગ્રામજીવન અને પરિવેશને આલેખતી ૫૧ ટૂંકીવાતાઓનો સંગ્રહ.

**સુક્કી પાંદડીઓ ભીના શ્વાસ - નસીર ઇસ્માઈલી.** હર્ષ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૫. ક્રા. ૧૮૪, રૂ. ૮૦ • ૩૧ ટૂંકીવાર્તાઓનો સંગ્રહ.

## નવલકથા

**અનુસંધાન – ધીરુબહેન પટેલ.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૨; ક્રા. ૧૨૦ રૂ. ૫૦ • લઘુ નવલકથા.

**ઊજળાં તિમિર – કેશુભાઈ દેસાઈ.** આર.આર.શેઠ, મુંબઈ-અમદાવાદ. ૨૦૦૫, ક્રા. ૧૪૪ રૂ. ૮૦ • નવલકથા.

**કર્ણલોક – ધ્રુવ ભટ્ટ.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫, ક્રા. ૨૫૬, રૂ. ૧૧૦. • નવલકથા

**ભીનાં પગલાં – યોગેશ જોશી.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૪. ક્રા. ૪૧૬, રૂ. ૧૯૦. • આંતર્‌જગતને કેન્દ્ર કરતી મનોવૈજ્ઞાનિક નવલકથા.

**લાજભીની – રેખા શાહ.** સાહિત્યસંગમ, સુરત, બીજી.આ. ૨૦૦. ક્રા. ૧૬૬ રૂ. ૧૦૦. • સત્યઘટના પર આધારિત નવલકથા.

**રેતમહેલ – રજનીકાન્ત સોની.** નવભારત, અમદાવાદ, ૨૦૦૫. ડે. ૧૭૬, રૂ. ૮૫ • 'સ્ત્રીની અવદશાના ઉકેલ'ને વિષય કરતી નવલકથા.

## નાટક

**ગુજરાતી એકાંકી સંગ્રહ – સંપા. અનંતરાય રાવળ.** નેશનલ બુક ટ્રસ્ટ, દિલ્હી, ત્રીજી આ. ૨૦૦૫. ડે. ૧૯૫, રૂ. ૬૦. • ગુજરાતીનાં, ૧૯૭૩ સુધીનાં એકાંકીઓમાંથી લેખકે પસંદ કરેલાં ૧૩ એકાંકીનાટકોનો સંગ્રહ, અભ્યાસલેખ સાથે.

**જળને પડદે – સતીશ વ્યાસ.** અરુણોદય, અમદાવાદ, ૨૦૦૫. ક્રા. ૬૪, રૂ. ૪૦ • કાન્તના જીવન પર આધારિત દ્વિઅંકી નાટક.

**પરણું તો એને જ પરણું – બકુલ ત્રિપાઠી.** આર.આર.શેઠ, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૪, ક્રા. ૬૬, રૂ. ૫૦ • ફ્રેંચ નાટ્યકાર મોલિયેરના 'લ મલાદે ઇમેજીનેર'નો ભાવાનુવાદ.

## નિબંધ

**ગુજરાતી લલિત નિબંધ – સંપા. પ્રવીણ દરજી.** ગુજરાતી

વિભાગ, મુંબઇ યુનિ. મુંબઈ, ૨૦૦૫. ડે. ૧૨૦ રૂ. ૭૫. • ગુજરાતી નિબંધસાહિત્યમાંથી પસંદ કરેલી ૩૦ કૃતિઓ, અભ્યાસલેખ સાથે.

**'જ્ઞ'થી 'ક' સુધી – રતિલાલ બોરિસાગર.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૪. ડે. ૧૨૪, રૂ. ૭૫ • ખલિલ જિબ્રાનના 'વિદાયવેળાએ'ની શૈલીમાં લખાયેલી હાસ્ય-કટાક્ષની રચનાઓ.

**પરોઢિયે કલરવ – ગુણવંત શાહ.** આર.આર.શેઠ, અમદાવાદ-મુંબઈ. ૨૦૦૫. ક્રા. ૧૯૦, રૂ. ૧૦૦ • વિચાર-સંવેદનલક્ષી ૩૨ નિબંધોનો સંગ્રહ.

**પાનાનાં બીડાં – જ્યોતીન્દ્ર દવે.** ગૂર્જર અમદાવાદ, પહેલી આ.નું પુનર્મુદ્રણ ૨૦૦૪, ક્રા. ૨૩૬, રૂ. ૧૦૦. • ૩૨ હાસ્યનિબંધોનો સંચય.

**મૈં કુછ નહીં જાનૂં – કેશુભાઈ દેસાઈ.** ગૂર્જર-અમદાવાદ, ૨૦૦૪, ક્રા. ૧૭૬, રૂ. ૭૫. વિચાર અને સંવેદનપ્રધાન ૩૨ નિબંધોનો સંગ્રહ.

### ચરિત્ર

**ભારતીય નારીઓની આત્મકથાઓ – અનુ. બેલા ઠાકર.** ગૂર્જર, અમદાવાદ. ૨૦૦૪, ડે. ૨૧૬, રૂ. ૧૨૦. • રંજના હરીશના અંગ્રેજી પુસ્તક Indian Women's Autobiographiesનો ગુજરાતી અનુવાદ. કેટલીક ભારતીય નારીઓએ આલેખેલાં આત્મચરિત્રોનો ટૂંકો જીવનચરિત્રાત્મક પરિચય આ લેખાંકોમાં અપાયેલો છે.

**મારી આત્મકથા (ચાર્લીચૅપ્લીન) – અનુ. રવીન્દ્ર ઠાકોર.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૪. ડે. ૨૪૮, રૂ. ૧૪૦ • ચાર્લી ચૅપ્લીનની અંગ્રજી આત્મકથાનો ગુજરાતી અનુવાદ, ચૅપ્લીનના તેમજ એમની ફિલ્મોના કેટલાક ફોટોગ્રાફ સાથે.

**યુસુફ મહેરઅલી –અનુ. હિંમત ઝવેરી.** નેશનલ બુક ટ્રસ્ટ, દિલ્હી ૨૦૦૫. ડે. ૧૩૭, રૂ. ૫૫ • મૂલ્યનિષ્ઠ લોકનેતા યુસુફ મહેરઅલીનું ચરિત્ર આલેખતા મધુ દંડવતેના અંગ્રેજી પુસ્તકનો ગુજરાતી અનુવાદ.

**શહેનશાહ – કેશુભાઈ દેસાઈ.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫; ક્રા. ૧૯૦, રૂ. ૯૦ • કુટુંબનાં સ્વજનો, મુખ્યત્વે મોટાભાગના ચરિત્રને ગૂંથતી લેખકની સ્મરણકથા.

### પ્રવાસ

**બ્રિટન – અદમ ટંકારવી.** આર.આર.શેઠ, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૫ ડે. ૨૬૪ રૂ. ૧૫૦. • બ્રિટનમાં અભ્યાસ અને નિવાસ દરમ્યાન ત્યાંની શિક્ષણપ્રથા, સંસ્કૃતિ વિશે લેખકને થયેલા અનુભવો અને પ્રતિભાવોનું કથન અને વર્ણન.

**યુરોપ-અનુભવ – ભોળાભાઈ પટેલ.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૪. ડે. ૨૨૪, રૂ. ૧૨૫ • યુરોપનાં વિવિધ પ્રાકૃતિક-સાંસ્કૃતિક સ્થળો અને કલાધામોના પ્રવાસનું આલેખન, કેટલાંક સ્થળો અને કલાકૃતિઓના ફોટોગ્રાફ સહિત.

**સૂતર સ્નેહનાં – પ્રીતિ સેનગુપ્તા.** આર.આર.શેઠ, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૫. ક્રા. ૩૧૬, રૂ. ૧૭૦. • દક્ષિણ આફ્રિકાના પ્રવાસોની અનુભવકથા.

**હળવી હવાની પાંખે – હરિકૃષ્ણ પાઠક.** કૃતિ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૫, ક્રા. ૧૦૪, રૂ. ૫૦. • કેન્યા(આફ્રિકા)ની પ્રવાસ-સંસ્મરણકથા.

### વિવેચન, સંશોધન, ભાષાવિજ્ઞાન

**આસ્વાદમાલા– ઉશનસ્.** પ્ર. લેખક વલસાડ, ૨૦૦૫. ડે. ૧૨૮ રૂ. ૮૦ • ગુજરાતી, અન્ય ભારતીય અને વિદેશી ભાષાનાં કાવ્યો પરના આસ્વાદલેખો.

**ગુજરાતી પત્રકારિત્વનો ઇતિહાસ - રતન માર્શલ.** સાહિત્યસંગમ, સુરત, બી.આ. ૨૦૦૫,ક્રા. ૩૯૨, રૂ. ૨૫૦ • આરંભકાળ (લગભગ ૧૮૫૦)થી લગભગ ૧૯૫૦ સુધીની એક સદી દરમ્યાનની ગુજરાતી પત્રકારત્વની ગતિવિધિને તેમજ વિકાસને વિવિધ વર્તમાનપત્રો–સામયિકોની વિગતે વાત કરીને આલેખતા આ શોધનિબંધની પહેલી આવૃત્તિ ૧૯૫૦માં પ્રકાશિત થયેલી.

**નરસિંહ મહેતાનાં પદો : નવા પરિપ્રેક્ષ્યમાં – જયંત કોઠારી.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૪, ક્રા. ૧૪૪, રૂ. ૬૫. નરસિંહ વિશે આપેલાં વ્યાખ્યાનોના આ પુસ્તકમાં લેખકે સંશોધકદષ્ટિથી નરસિંહનાં પદોની પાઠશુદ્ધિ, વાચના અને એની અધિકૃતતા, શબ્દાર્થ-સમસ્યા વિશે વિમર્શ કરવા ઉપરાંત વિવેચકદષ્ટિથી નરસિંહનાં પદોના વિશિષ્ટ કાવ્યોન્મેષોની ચર્ચા પણ કરી છે ને એમ નરસિંહની કવિછબી ઉપસાવી છે.

**પરિચાયિકા – નરેશ શુક્લ.** પ્ર. લેખક. વાવોલ, ૨૦૦૫, વિ. ગૂર્જર, અમદાવાદ. ડે. ૧૮૫, રૂ. ૧૦૦. • વિવિધ સ્વરૂપોનાં ૧૦૦ ઉપરાંત ગુજરાતી પુસ્તકો પરનાં ટૂંકાં અવલોકનોનો સંગ્રહ.

**પાણિનીય વ્યાકરણશાસ્ત્રની તંત્રગત વ્યવસ્થાઓનું વિવેચનાત્મક અધ્યયન – કાલિન્દી પાઠક.** પ્ર. લેખક અમદાવાદ, ૨૦૦૫. પ્રાપ્તિસ્થાન સરસ્વતી પુસ્તકભંડાર અમદાવાદ. ડે. ૩૫૦ રૂ. ૨૦૦. • પાણિનિના વ્યાકરણ વિશે કરેલો શોધનિબંધ.

**મધુદર્શી શબ્દમર્મી – સંપા. રમણ પાઠક, નીલા પાઠક.** સાહિત્યસંગમ, સુરત, ૨૦૦૫. ક્રા. ૧૭૫ રૂ. ૯૦. સદ્ગત જયંત પાઠકના અગ્રંથસ્થ વિવેચનલેખોનો સંપાદિત સંગ્રહ.

**વાત આપણા વિવેચનની – શિરીષ પંચાલ.** સંવાદ પ્રકાશન,

વડોદરા. ૨૦૦૫. ડે. ૨૪૦. રૂ. ૧૫૦. • બળવંતરાય, રામનારાયણ, ઉમાશંકર, સુંદરમ્, સુરેશ જોશી અને હરિવલ્લભ ભાયાણીની વિવેચના વિશેના અભ્યાસલેખો.

**સાહિત્યચર્યા – નિરંજન ભગત.** ગૂર્જર, અમદાવાદ. ૨૦૦૪, ડે. ૩૨૦. રૂ. ૧૪૦ • ૪૫ વિવેચનલેખો અને સર્જનઅંગેનાં કેફીયત-પ્રશ્નોત્તરી સમાવતો સંગ્રહ.

**સુબોધ-સાર્થ ભગવદ્ગીતા – વિનોદ પુરાણી.** પ્ર. હેમલતા પુરાણી, મોડાસા. ૨૦૦૩, વિતરક સરસ્વતી પ્રકાશન અમદાવાદ, પ્રવીણ પુસ્તકભંડાર, રાજકોટ. ડે. ૨૩૮, રૂ. ૨૦૦. • ભગવદ્ગીતાના અર્થઘટન ને એની પદ્ધતિને લગતા લેખકના શોધનિબંધનું ગ્રંથરૂપ.

### અન્ય

**અનુમોદના – રોહિત શાહ.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫, ક્રા. ૪૪, રૂ. ૨૫ • વિચારસૂત્રો અને એ સાથે ગુજરાતી કવિતાઓની કેટલીક કાવ્યપંક્તિઓનું સંકલન.

**અમીચંદની અમીદૃષ્ટિ – વિજય ભુવનભાનુસૂરિ સંકલન પદ્મસેન વિજયજી.** દિવ્યદર્શન ટ્રસ્ટ, ધોળકા વર્ષ? ક્રા. ૧૪૬, રૂ. ૨૦. જૈનધર્મવિચારને કેન્દ્રમાં રાખતી વૈરાગ્યબોધક કથા.

**આતંકવાદ : પડકાર અને સંઘર્ષ – અનુ. એમ જોશી. જ્યોતિ જોશી.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫. ડે. ૨૫૬, રૂ. ૧૬૦. • મનોહરલાલ બાથમ અને શિવચરણ વિશ્વકર્માના હિંદી ગ્રંથનો ગુજરાતી અનુવાદ.

**ઉમાશંકર જોશી સાથે વાચનયાત્રા – સંપા. મહેન્દ્ર મેઘાણી.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫. ડે. ૪૮, રૂ. ૧૫. • ઉમાશંકર જોશીનાં વિચારલક્ષી લખાણોમાંથી અંશો તથા એમનાં કેટલાંક કાવ્યોનું સંકલિત સંપાદન.

**કાકા કાલેલકર સાથે વાચનયાત્રા – સંપા. મહેન્દ્ર મેઘાણી.** ગૂર્જર, અમદાવાદ. ૨૦૦૫. ડે. ૪૮, રૂ. ૧૫ • કાલેલકરનાં લખાણોમાંથી વિચારકેન્દ્રી લખાણોના અંશોનું સંકલિત સંપાદન.

**કિશોરોનું મનોરાજ્ય – ઉર્મિલા શાહ.** ગૂર્જર, અમદાવાદ, બી.આ.૨૦૦૫. ક્રા. ૨૨૦. રૂ. ૮૫. • ‘કિશોરાવસ્થાએ પહોંચેલાં સંતાનોને સાંભળવા, સમજવા, સ્વીકારવા ને સ્નેહ આપવા મથતાં માબાપો તથા શિક્ષકો’ને લક્ષમાં રાખીને કરેલા લઘુલેખોનો સંગ્રહ.

**ચિંતનની સંગે – જનક નાયક.** સાહિત્યસંગમ, સુરત, ૨૦૦૫. ડે. ૬૦. રૂ. ૪૦. • ખ્યાત સર્જક-વિવેચકોનાં અવતરણો લઈને એને આધારે કરેલું વિચારચિંતન.

**ચિંતનમૈત્રી – જનક નાયક.** સાહિત્યસંગમ, સુરત, ૨૦૦૫. ડે. ૬૦. રૂ. ૪૦. • ખ્યાત વિચારકોનાં અવતરણો લઈને શરૂ થતાં પ્રકરણોમાં રજૂ થયેલી જીવનવિચારણા.

**જિંદગી જીવવા જેવી લાગે છે? – વિજય ભુવનભાનુસૂરિ, સંકલન કલ્પરત્નવિજય.** દિવ્યદર્શન ટ્રસ્ટ, ધોળકા, ૨૦૦૫, ક્રા. ૧૨૮ રૂ. જૈન ધર્મના પરિપ્રેક્ષ્યમાં જીવન અંગે સરળ ચિંતન.

**જેવી તારી ઢોલકી એવો મારો તંબૂરો — ઉદયન ઠક્કર.**નવભારત, મુંબઈ-અમદવાદ, ૨૦૦૫. ડે.૮૦ રૂ. ૬૦. • ગુજરાતીની હાસ્યરસિક કાવ્યરચનાઓને આધાર તરીકે રાખીને કરેલાં હાસ્યરસિક આસ્વાદનોનો સંગ્રહ.

**ઝવેરચંદ મેઘાણી સાથે વાચનયાત્રા – સંપા. મહેન્દ્ર મેઘાણી.** ગૂર્જર, અમદાવાદ. ૨૦૦૫. ડે. ૪૮. રૂ. ૧૫. • મેઘાણીનાં તથા મેઘાણી વિશે લખાયેલાં લખાણોમાંથી તારવેલા કેટલાક અંશોનું સંપાદન-સંકલન.

**તત્કાલીન લખનઉ – અનુ. સરલા જગમોહન.** નેશનલ બુક ટ્રસ્ટ, દિલ્હી. ૨૦૦૫. ડે. ૩૦૫. રૂ. ૧૦૫ • લખનઉનાં ઇતિહાસ અને સંસ્કૃતિ વિષયક, અબ્દુલ હલીમ ‘શરર’ના ઉર્દૂગ્રંથ ‘ગુઝિશ્તા લખનઉ’નો ગુજરાતી અનુવાદ.

**તત્ત્વજ્ઞાન બાલપોથી (સચિત્ર) – વિજયભુવનભાનુસૂરિજી.** દિવ્યદર્શન ટ્રસ્ટ, ધોળકા, ૨૦૦૫. પૃ. ૪૮, રૂ. ૫૦. • જૈન ધર્મ આચાર-વિચાર અંગેની પુસ્તિકા.

**ત્યાગસમીક્ષા – સ્વામી સચ્ચિદાનંદન.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫, ક્રા. ૪૮, રૂ. ૧૫. • ત્યાગ અંગેની વિચારણા, ૮ પ્રકરણોમાં.

**ફિલસૂફીની આસપાસ – માવજી કે. સાવલા.** અક્ષરભારતી, ભુજ(કચ્છ), ૨૦૦૫, ડે. ૧૨૪, રૂ. ૬૦. • લેખકે પોતાનાં મૌલિક-અનૂદિત ૩૮ પુસ્તકોનાં મુખ્ય વિષયો-વિગતોને તારવીને (ક્યાંક એની સમીક્ષાના અંશો લઈને) તૈયાર કરેલો પરિચયસંગ્રહ (ઍન્થોલૉજી)

**મનનાં દરદ, મનની દવા – વિજયભુવનભાનુસૂરિજી.** દિવ્યદર્શન ટ્રસ્ટ, ધોળકા, ૨૦૦૫, ડે. ૨૧૪. રૂ. ૪૦. જૈનધર્મવિચારનાં લખાણોનું હૃદયવલ્લભ વિજયજીએ કરેલું સંપાદન.

**મિયાણી – નરોત્તમ પલાણ.** દર્શન પ્રકાશન, પોરબંદર, ૨૦૦૫. ક્રા. ૩૬, રૂ. ૧૦. • પોરબંદર જિલ્લાના મિયાણીનો ઇતિહાસનું ટૂંકું આલેખન લેખક એને ‘એક ઐતિહાસિક રેખાચિત્ર’ તરીકે ઓળખાવે છે.

**વિશ્વના અમર હાસ્ય પ્રસંગો – સંકલન પ્રકાશ વેગડ.** આર.આર.શેઠ અમદાવાદ-મુંબઈ. ૨૦૦૫. ક્રા. ૧૯૫, રૂ. ૮૦. • હાસ્યરસિક પ્રસંગો-ટૂચકાઓનું ક્યાંક ફેરલેખન, ક્યાંક ભાવાનુવાદ સાથેનું સંકલન. પ્રસંગ-વિષયો અકારાદિક્રમે ગોઠવ્યા છે.

**વિશ્વના શ્રેષ્ઠ હાસ્યપ્રસંગો – સંકલન પ્રકાશ વેગડ.** આર.આર.શેઠ,

મુંબઈ-અમદાવાદ. ૨૦૦૫, ક્રા. ૨૨૬, રૂ. ૮૦. • હાસ્યપ્રસંગો અને ટુચકાનું ફેરલેખન, ભાવાનુવાદ અને સંપાદન.

**શનિમેખલા – મધુસૂદન ઢાંકી.** ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૨૦૦૫. ડે. ૧૭૧, રૂ. ૯૦. • કલા, સંગીત, પંખી-પ્રાણીસૃષ્ટિ, તત્ત્વવિચારના લેખો તથા સર્જનાત્મક ગદ્યનો સંચય.

**શેષ સમયરંગ – સંપા. સ્વાતિ જોશી.** ગૂર્જર, અમદાવાદ. ૨૦૦૦. ડે. ૫૬૭, રૂ. ૩૨૫. • ઉમાશંકર જોશીએ મુખ્યત્વે 'સંસ્કૃતિ'માં, ઉપરાંત 'નિરીક્ષક', 'બુદ્ધિપ્રકાશ' તેમજ 'સંદેશ'(ની કટાર)માં કરેલાં સામ્પ્રત રાજકીય-શૈક્ષણિક-સાંસ્કૃતિક બાબતો વિશેની નોંધો-અવસાનનોંધો-લેખો આદિનું સંકલિત સંપાદન. ૧૯૪૪થી ૧૯૮૪ વચ્ચેનાં વર્ષોમાં કરેલાં આ લખાણો અહીં વર્ષાનુક્રમે ગોઠવેલાં છે ને પ્રત્યેક લખાણને અંતે સામયિક-નિર્દેશ મૂકેલો છે.

**શ્વાસની એકલતા – ચંદ્રકાન્ત બક્ષી.** આર.આર.શેઠ.મુંબઈ-અમદાવાદ, ૨૦૦૫. ડે. ૧૩૦. રૂ. ૭૫. • વર્તમાનપત્રો, લોકપ્રિય સામયિકો આદિમાં પ્રગટ થયેલાં લખાણો.

**સફળ થવું અઘરું નથી – જનક નાયક.** સાહિત્યસંગમ, સુરત, છઠ્ઠી ડિલક્સ આવૃત્તિ, ૨૦૦૫. ડે. ૯૬, રૂ. ૫૦. વિવિધ વિચારકોનાં અવતરણો લઈને એને આધારે સફળતા અંગેની ચર્ચા કરતું પુસ્તક.

**સંસ્કારચિંતન – જનક નાયક.** સાહિત્યસંગમ, સુરત, ૨૦૦૫. ડે. ૬૦ રૂ. ૪૦. • ખ્યાત વિચારકોનાં ચિંતન-અવતરણોની ભૂમિકા સાથે કરેલી વિચારણા.

**સાધનાનો રંગ અપાવે મુક્તિ અભંગ – વિજય ભુવનભાનુસૂરિ સંકલન – કલ્પરત્નવિજય.** દિવ્યદર્શન ટ્રસ્ટ, ધોળકા, ૨૦૦૫, ક્રા. ૧૪ રૂ. ૨૦. જૈનધર્મ અનુષંગે સાધના અંગે સરળ ચિંતન.

**સુભાષિત-સરિતા – માવજી કે. સાવલા.** આર.આર.શેઠ, મુંબઈ-અમદાવાદ. ૨૦૦૫. ડે. ૬૪ રૂ. ૫૦. • ૬૪ સંસ્કૃત સુભાષિતોના મૂળ પાઠ, ભાવાનુવાદ અને ટિપ્પણ.

**સ્વામી આનંદ સાથે વાચનયાત્રા – સંપા. મહેન્દ્ર મેઘાણી.** ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫, ડે. ૪૮, રૂ. ૧૫. • સ્વામી આનંદનાં લખાણોમાંથી સંપાદિત સંકલન.

**હિંદુઓમાં ઉદારવાદ વિરુદ્ધ કટ્ટરવાદનો સંઘર્ષ – અનુ. રમેશચંદ્ર પરમાર.** લોહિયા વિચાર ટ્રસ્ટ, અમદાવાદ, ૨૦૦૫. ડે. ૫૬, રૂ. ૩૦. • રામમનોહર લોહિયાનાં બે અંગ્રેજી પ્રવચનોની પુસ્તિકાનો ગુજરાતી અનુવાદ.

# વાર્ષિક સૂચિ : ૨૦૦૫

**(અંકક્રમ : ૧ જાન્યુ.-માર્ચ ૨ એપ્રિલ-જૂન ૩ જુલાઈ-સપ્ટે. ૪. ઑક્ટો.-ડિસે.)**
**[વિગતક્રમ – ગ્રંથનામ(લેખક) – સમીક્ષક, અંકક્રમ. પૃષ્ઠક્રમ]**


**કવિતા**

*કાલાખ્યાન (ચિનુ મોદી) – ચંદ્રકાન્ત ટોપીવાળા ૧.૩૨
કૉમેડી પૅરેડી (મહેશ ધોળકિયા) – રમણ સોની ૪.
ગઝલને વળાંક (ઉશનસ્) – રાધેશ્યામ શર્મા ૨.૭
ઘટમાં ઝાલર બાજે (ઊજમશી પરમાર) – વિનોદ ગાંધી ૧.૧૨
સમગ્ર બાળકવિતા : સુંદરમ્ (સંપા. ચંદ્રકાન્ત શેઠ, વ.) – ઇશ્વર પરમાર ૪.
સાપફેરા (બાબુ સુથાર) – રાજેશ પંડ્યા ૧.૭
હથેળી (ચિનુ મોદી) – રાધેશ્યામ શર્મા ૩.૫
હલ્લો-ફલ્લો (હરિકૃષ્ણ પાઠક) – નિવ્યા પટેલ ૩.૨૮

**વાર્તા**

તિરાડનો અજવાસ (નવનીત જાની) – હરીશ ખત્રી ૨.૮
મન્ટો-કેટલીક વાર્તાઓ (અનુ. શરીફા વીજળીવાળા) - ડંકેશ ઓઝા ૧.૧૯
રિટર્ન ટિકિટ (સુધીર દલાલ) – પુરુરાજ જોશી ૧.૧૪
રૂપેરી વાળ (લઘુકથાઃ વિજય રાજ્યગુરુ) – નિવ્યા પટેલ ૨.૨૨
શ્રવણની કાવડ (વિજય શાસ્ત્રી) – જગદીશ ગૂર્જર ૧.૧૬

**નવલકથા**

અનુસંધાન (ધીરુબહેન પટેલ) – પારુલ દેસાઈ ૩.૧૧
આઇસકેન્ડી મૅન (બેપ્સી સિધ્વા) – શરીફા વીજળીવાળા ૨.૩૩
ડાયા પશાની વાડી (મોહન પરમાર) – રજનીકુમાર પંડ્યા ૨.૧૧
નવા યુગનું પરોઢ (અનુ. ઉમા રાંદેરિયા) – ભરત મહેતા ૨.૧૨
પાનખરની બીક ના બતાવો (દર્શના ત્રિવેદી ) – કીર્તિદા શાહ ૩.૭
બત્રીસ-પૂતળીની વેદના(ઇલા આરબ મહેતા) – ચંદ્રકાન્ત ટોપીવાળા ૪.
ભંડારી ભવન (ધીરેન્દ્ર મહેતા) – દર્શના ધોળકિયા ૩.૮
શ્રાવણી અમાસ (હસમુખ દોશી) – દર્શિની દાદાવાલા ૧.૨૭

**નાટક**

જિસ લાહૌર નઈ દેખ્યા (અસગર વજાહત) – શરીફા વીજળીવાળા ૧.૩૭
તલેદંડ (ગિરીશ કાર્નાડ) – ભરત મહેતા ૩.૩૮
ભવાઈસંગ્રહ (સંપા. મહીપતરામ નીલકંઠ) – રાજેન્દ્ર મહેતા ૨.૧૮
વ્યાસોચ્છ્વાસ (દિલીપ ઝવેરી) – ચંદ્રકાન્ત ટોપીવાળા ૨.૩૦
સૌભાગ્ય સુંદરી (મૂળશંકર મૂલાણી) – ભાનુપ્રસાદ ૪.

**ચરિત્ર**

અબોલ બોલે છે (જયંત કોઠારી) – સમીર ભટ્ટ ૩.૨૮
ઋષિકથા (રમેશ આ. ઓઝા) – દર્શિની દાદાવાલા ૧.૨૪
કલાધરી (સંપા. વિનોદ મેઘાણી) – ભરત મહેતા ૨.૨૫
ખુલ્લી કિતાબ (અબ્દુલસત્તાર એધી) – નરોત્તમ પલાણ ૧.૨૧
તેજોમયી (સંપા. વિનોદ મેઘાણી) – ભરત મહેતા ૨.૨૫
દીકરી એટલે દીકરી (સંપા. કાન્તિ પટેલ) – રમણ સોની ૧.૨૮
માયાનગર (રજનીકુમાર પંડ્યા) – જયંત ઉમરેઠિયા ૪.

**નિબંધ**

આટાનો સૂરજ (રતિલાલ અનિલ) – મહેન્દ્રસિંહ પરમાર ૩.૧૮
આપણો હરખ ઑર (હરીશ ખત્રી) – સમીર ભટ્ટ ૩.૨૯
નિસબત (લાભશંકર ઠાકર) – સિલાસ પટેલિયા ૩.૩૦
પહેલું સુખ તે માંદા પડ્યા (વિનોદ ભટ્ટ) – નિવ્યા પટેલ ૩.૩૧
પુલકિત (અનુ. અરુણા જાડેજા) – માવજી કે. સાવલા ૩.૧૫
વંદે હાસ્યમ્ (પ્રદ્યુમ્ન જોશીપુરા) – જયંત ઉમરેઠિયા ૪.

**વિવેચન**

અનાર્યનાં અડપલાં અને બીજા લેખો (જહાંગીર સંજાણા) – ચંદ્રકાન્ત ટોપીવાળા ૩.૩૪
અનુનય (વિજય પંડ્યા) – મધુસૂદન વ્યાસ ૨.૨૪
કવિતાનો સૌંદર્યલોક (જગદીશ ગૂર્જર) – ઋજુતા ગાંધી ૨.૨૩
કેન્વાસે રંગચિત્રો (લવકુમાર દેસાઈ) – રાજેન્દ્ર મહેતા ૪.
ગાંધીજીનું ચિંતન (દક્ષા પટ્ટણી) – અમિત ધોળકિયા ૪.
ગ્રંથસૌરભ (મણિભાઈ પ્રજાપતિ) – રમણ સોની ૪.

નિમિત્ત (રાજેશ પંડ્યા) – સિલાસ પટેલિયા ૩.૨૫
પરિપ્રેક્ષણા (દક્ષા વ્યાસ) – નીતિન વડગામા ૨.૧૫
પુનર્લબ્ધિ (કિશોર વ્યાસ) – પ્રીતિ શાહ ૩.૨૨
બાળસાહિત્ય : વિચાર અને વિમર્શ (ઇશ્વર પરમાર)
– શ્રદ્ધા ત્રિવેદી ૪
બાળસાહિત્ય :સ્વરૂપ અને સર્જન (રતિલાલ નાયક)
– શ્રદ્ધા ત્રિવેદી ૪
સહ-અનુભૂતિ (રમેશ ત્રિવેદી) – સિલાસ પટેલિયા ૩.૩૨

**અન્ય** (ચિંતન, સંકલન, આરોગ્ય, વિજ્ઞાન આદિ)
ગાતા રહે (સલિલ દલાલ) – માવજી સાવલા ૪
ટ્રેકિંગ (અનુ. કુંદન વ્યાસ) – દર્શિની દાદાવાલા ૧.૨૯
પરિચય-પુસ્તિકા (વિવિધ લેખકો) – દર્શિની દાદાવાલા
૧.૩૦-૩૧
કુષ્ઠરોગ અને સમાજ (કિરીટ આચાર્ય) ૩૧
ગ્રંથાલય-સેવાઓ (કનુભાઈ શાહ) ૩૦
ઘૂંટણના સાંધાનું ઑપરેશન (નીલેશ શાહ) ૩૦
રસખાન અને રહીમ (મધુવદન મહેતા) ૩૧
શારીરિક તપાસની વિવિધ પદ્ધતિઓ (ભૂકેશ શાહ) ૩૦
સલામત ડ્રાઈવિંગ (પ્રદ્યુમ્ન ભટ્ટ) ૩૧
પાઠશાળા (પ્રદ્યુમ્નસૂરિ) – રમણ સોની ૪
પિતા-પપ્પા-ડેડી (સંપા. રતિલાલ બોરીસાગર) – રમણ સોની
૨.૨૭
મધ્યકાલીન કૃતિસૂચિ (સંપા. કીર્તિદા શાહ)
– દર્શિની દાદાવાલા ૧
શબ્દકથા (હરિવલ્લભ ભાયાણી) – રમણ સોની ૨.૨૮
શ્રેષ્ઠ ઉમાશંકર (સંપા. નિરંજન ભગત, વગેરે) – રમણ સોની
૩.૩૩

**વરેણ્ય ***
અનાર્યનાં અડપલાં (વિવેચન) – ચંદ્રકાન્ત ટોપીવાળા ૩.૩૪
કાલાખ્યાન (કવિતા) – ચંદ્રકાન્ત ટોપીવાળા ૧.૩૨
બત્રીસી પૂતળીની કથા (નવલકથા) ચંદ્રકાન્ત ટોપીવાળા ૪.
વ્યાસોચ્છ્વાસ (નાટક) – ચંદ્રકાન્ત ટોપીવાળા ૩.૩૪

**વાચનવિશેષ ***
આઇસકેન્ડીમૅન (નવલકથા) – શરીફા વીજળીવાળા૨.૩૩
જિસ લાહૌર નઈ દેખા (નાટક) – શરીફા વીજળીવાળા ૧.૩૭
તલેદંડ (નાટક) – ભરત મહેતા ૩.૩૮

**પ્રત્યક્ષીય**
અરધી સદીની વાચનયાત્રાઃ૩ ૩.૩
દુર્ગારામચરિત્રનું સંપાદન ૨.૩
નાટ્યપર્વ અને... ૧.૩
પરિષદની આરપાર ૪.૩

**પ્રતિભાવ 'પ્રત્યક્ષ ૨૦૦૪'**
ડંકેશ ઓઝા ૧.૪૨

**પત્ર-ચર્ચા**
અવલોકન માટે બે નકલ? – વિનોદ મેઘાણી ૧.૪૭
કલામીમાંસાની સંજ્ઞાઓ અંગે – જયંત પારેખ ૩.૪૪
ગિજુભાઈની વાર્તા સંદર્ભે વિવાદ – કાન્તિ પટેલ, ડંકેશ ઓઝા મધુસૂદન વ્યાસ, માવજી સાવલા, રજનીકુમાર પંડ્યા, સુભાષ દવે ૧.૪૪-૪૬
નાટ્યપર્વ સંદર્ભે – વિજય શાસ્ત્રી ૨.૪૧
પારિતોષિક અને અસ્વીકાર – હિમાંશી શેલત ૧.૪૮
'પ્રત્યક્ષ'નું ધોરણ – બળવંત કે પારેખ ૨.૪૧
'પ્રત્યક્ષ'માં વિગતભૂલો – મુનિકુમાર પંડ્યા ૨.૪૧
વિદેશવાસી ગુજરાતી લેખકો-વિવાદ – રમણીકલાલ ભટ્ટ
૧.૪૬

*'વરેણ્ય' અને 'વાચનવિશેષ'માં નોંધેલી કૃતિઓ તે તે સ્વરૂપ-અંતર્ગત પણ નોંધેલી છે.

**સમીક્ષકો**

અમિત ધોળકિયા ૪
ઈશ્વર પરમાર ૪
ઋજુતા ગાંધી ૨.,૨
કાન્તિ પટેલ ૧.૪૪
કીર્તિદા શાહ ૩.૭
ચંદ્રકાન્ત ટોપીવાળા ૧.૩૨, ૨.૩૦, ૩.૩૪, ૪
જગદીશ ગૂર્જર ૧.૧૬
જયંત ઉમરેઠિયા ૪
જયંત પારેખ ૩.૪૪
ડંકેશ ઓઝા ૧.૧૯, ૪૨, ૪૫
દર્શના ધોળકિયા ૩.૮
દર્શિની દાદાવાલા ૧.૨૪,૨૭,૨૯,૩૦,૩૧

નરોત્તમ પલાણ ૧.૨૧
નિવ્યા પટેલ ૩.૨૮
નીતિન વડગામા ૨.૨૫
પારુલ રાઠોડ ૩.૩૧
પુરુરાજ જોશી ૧.૧૪
પ્રીતિ શાહ ૩.૨૨
બળવંત પારેખ ૨.૪૧
ભરત મહેતા ૨.૧૨, ૨૫; ૩.૩૮
ભાનુપ્રસાદ ઉપાધ્યાય ૪
મધુસૂદન વ્યાસ ૧.૪૫, ૨.૨૪
મહેન્દ્રસિંહ પરમાર ૩.૧૮
માવજી સાવલા ૧.૪૫, ૩.૧૫, ૪
મુનિકુમાર પંડ્યા ૨.૪૧
રજનીકુમાર પંડ્યા ૧.૪૫, ૨.૧૧
રમણ સોની૧.૩, ૨૮, ૨.૩, ૩.૩, ૪.૩, ૦.૦
રમણીક ભટ્ટ ૧.૪૬
રાજેન્દ્ર મહેતા ૨.૧૮, ૪
રાજેશ પંડ્યા ૧.૭
રાધેશ્યામ શર્મા ૨.૯, ૩.૫
વિજય શાસ્ત્રી ૨.૪૧
વિનોદ ગાંધી ૧.૧૨
વિનોદ મેઘાણી ૧.૪૭
શરીફા વીજળીવાળા ૧.૩૭, ૨.૩૩
શ્રદ્ધા ત્રિવેદી ૪
સમીર ભટ્ટ ૩.૨૮, ૨૯
સિલાસ પટેલિયા ૩.૨૬, ૩૦, ૩૨
સુભાષ દવે ૧.૪૪
હરીશ ખત્રી ૨.૮
હિમાંશી શેલત ૧.૪૮

## નવા આજીવન સભ્યો (એપ્રિલ ૨૦૦૩થી–)

બિહાગ જોશી, જૂનાગઢ
રમેશ પટેલ ‘ક્ષ’, હિંમતનગર
અરુણ ત્રિવેદી, મુંબઈ
લક્ષ્મીકાન્ત તન્ના, મુંબઈ
હરીશ ખત્રી, અમદાવાદ
કૌશી ચાવડા, વડોદરા
મોહિની આચાર્ય, કડી
મધુસૂદન વ્યાસ, મોડાસા
પ્રફુલ્લ રાવલ, વીરમગામ
હર્ષદા શાહ, સંતરામપુર
ઋજુતા ગાંધી, સુરત
ગૌરાંગ જાની, પલાણિયા(લીમડી)
સેજલ શાહ, મુંબઈ
ઉદયન ઠક્કર, મુંબઈ
ઉર્વી ભટ્ટ, વડોદરા
કમલેશ ઉપાધ્યાય, ગારિયાધાર
ભરત પરીખ, વલસાડ
દમયંતી પરમાર, સુરત
મિલન ભટ્ટ, અમદાવાદ
શર્મિલા પટેલ, વલસાડ
મનીષા દવે, ઈડર
હરીશ મંગલમ્, અમદાવાદ
સતીશ વ્યાસ, મુંબઈ
પંકજ શાહ, મુંબઈ
ભીખુભાઈ દેસાઈ, નોટિંગહામ(યુ.કે.)
પલ્લવી ઠાકર, પાદરા
આર્ટ્સ કૉલેજ, રાધનપુર
અઝીઝ ટંકારવી, અમદાવાદ
પન્ના ત્રિવેદી, જંબુસર